**આજનો સુવિચાર**

જે વ્યક્તિ સત્ય માટે "અડગ" ઉભો છે તેના સમર્થનમાં ખૂદ ઈશ્વર હોય છે !!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૬૪ જૂનાગઢ તા.૨૭-૦૨-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 64, Junagadh : Date : 27 February, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## આગામી સોમવાર સુધીમાં ગાઝામાં યુધ્ધ વિરામ થઈ જશે : બાઈડન

વોશિંગ્ટન તા. ૨૭ : ઈઝરાયેલ અને હમાસ વચ્ચે છેલ્લા પાંચ મહિનાથી વધુ સમયથી યુદ્ધ ચાલી રહ્યું છે. ગત તા. ૭ ઓકટોબરે હમાસના આતંકવાદીઓએ ઈઝરાયેલ પર હુમલો કરીને સેંકડો લોકોને બંધક બનાવ્યા હતા. ત્યારબાદ ઈઝરાયલે જોરદાર બદલો લીધો અને સમાધાન કર્યું અને પોતાના કેટલાક લોકોને મુક્ત કર્યા. હવે ફરી એકવાર યુદ્ધ થોડા સમય માટે અટકી શકે છે. અમેરિકાનાં રાષ્ટ્રપતિ જો બાયડને આશા વ્યક્ત કરી છે કે આગામી સોમવાર સુધીમાં ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ થઈ જશે. તેમણે સ્વીકાર્યું કે બંને પક્ષો યુદ્ધવિરામ કરારની નજીક છે. ગાઝામાં યુદ્ધવિરામના પ્રશ્ન પર જો બાયડને કહ્યું, 'મારા રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારે મને કહ્યું છે કે અમે તેની નજીક છીએ અને મારી આશા છે કે આવતા સોમવાર સુધીમાં અમારી પાસે યુદ્ધવિરામ થઈ જશે.' તેણે એમ પણ કહ્યું કે અમે તેની નજીક છીએ, પરંતુ તે હજી પૂર્ણ થયું નથી. આ અંગે અંતિમ મંજૂરી મળવાની બાકી છે.

## કફ સિરપ મૃત્યુ કેસમાં ઉઝબેકિસ્તાનની અદાલતે ભારતીય ઉદ્યોગપતિ સહિત ૨૩ને સજા ફટકારી

તાશ્કંદ, તા. ૨૭: ઉઝબેકિસ્તાનમાં કફ સિરપ પીવાથી ૬૮ બાળકોના મૃત્યુનાં કેસમાં ઉઝબેકિસ્તાનની અદાલતે ૨૩ આરોપીઓને જેલની સજા ફટકારી છે. અદાલતે બે થી ૨૦ વર્ષ સુધીની જુદી જુદી સજા સંભળાવી છે. કોર્ટે આ ૨૩ લોકોને કરચોરી, નકલી દવાઓનું વેચાણ, પદનો દુરુપયોગ, બેદરકારી, બનાવટી અને લાંચ લેવા માટે દોષિત ઠેરવ્યા છે. તાશ્કંદ સિટી કોર્ટમાં સુનાવણીની શરૂઆતમાં જાહેર કરાયેલા મૃત્યુની સંખ્યા ૬૫ તરીકે આપવામાં આવી હતી.

દૂષિત સીરપ ભારતમાં મેરિયન બાયોટેક દ્વારા બનાવવામાં આવ્યું હતું અને ઉઝબેકિસ્તાનમાં ક્યુરામેક્સ મેડિકલ દ્વારા તેનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૨૦ વર્ષની સૌથી લાંબી સજા કર્મેક્સ મેડિકલના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સિંહ રાઘવેન્દ્ર પ્રતાપને ફટકારવામાં આવી હતી, જેઓ ભારતીય નાગરિક છે. સિંહ રાઘવેન્દ્ર પ્રતાપ ક્યોરમેક્સ મેડિકલના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર હતા, જે કંપની ઉઝબેકિસ્તાનમાં ભારતના મેરિયન બાયોટેક દ્વારા ઉત્પાદિત દવાઓ વેચતી હતી.

## સમાચાર રાઉન્ડ અપ

- ગગનયાન મીશન માટે ચાર અવકાશયાત્રીઓની તાલીમ પૂર્ણ
- ધો.૧માં પ્રવેશની વય મર્યાદા ૬ વર્ષ સુનિશ્ચિત કરવા રાજયોને કેન્દ્રનો આદેશ
- ભણતરનો ભાર : છેલ્લા ત્રણ વર્ષમાં વિદ્યાર્થીઓનાં આપઘાત કેસમાં ૨૧ ટકાનો વધારો : ગુજરાતમાં પ્રત્યેક ૧ લાખની વસ્તીએ આત્મહત્યાનાં ૧૪ બનાવો
- રીઝર્વ બેંકે એસબીઆઈ, કેનેરા બેંક અને સીટી યુનિયન બેંકને રૂા. ૩ કરોડનો દંડ ફટકાર્યો
- આંધ્રપ્રદેશમાં ગરીબ પરીવારોને દર મહિને રૂા. ૫ હજાર આપવાનું કોંગ્રેસનું વચન

### પીએમ કિસાન સમ્માન નીધિનો ૧૬મો હપ્તો જમા થશે

# આવતીકાલે ખેડૂતોનાં ખાતામાં બે-બે હજાર રૂપિયા આવશે



નવી દિલ્હી તા. ૨૭

પીએમ કિસાન સન્માન નિધિ યોજનાના ૧૬મા હપ્તાની રાહ હવે પૂર્ણ થવા જઈ રહી છે. પીએમ નરેન્દ્ર મોદી આવતીકાલે એટલે કે ૨૮ ફેબ્રુઆરીએ કરોડો ખેડૂતોના ખાતામાં ૨૦૦૦-૨૦૦૦ રૂપિયા ટ્રાન્સફર કરાશે. તેની પુષ્ટિ પીએમ કિસાનની સત્તાવાર વેબસાઈટ પર પહેલેથી જ આવી ચુકી છે.


પીએમ-કિસાન સન્માન નિધિ યોજના હેઠળ, પાત્ર ખેડૂત પરિવારોને દર ચાર મહિને DBT દ્વારા ત્રણ સમાન હપ્તામાં ૬,૦૦૦ રૂપિયા મળે છે. આ યોજના ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ ના રોજ, ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલા શરૂ કરવામાં આવી હતી. પરંતુ, પ્રથમ હપ્તો ડિસેમ્બર-માર્ચ ૨૦૧૮-૧૯ તરીકે નક્કી કરવામાં આવ્યો છે. આ અંતર્ગત ૩૧૬૧૬૯૧૮ ખેડૂત પરિવારોના ખાતામાં પીએમ કિસાન સન્માન નિધિ યોજનાના ૨૦૦૦ રૂપિયા મોકલવામાં આવ્યા હતા. ત્યારથી લાભાર્થીઓની સંખ્યા લગભગ ત્રણ ગણી થઈ ગઈ છે. છેલ્લો એટલે કે ૧૫મો હપ્તો ૯૦૧૭૩૬૬૯ ખેડૂતોના ખાતામાં પહોંચી ગયો હતો.

## ધોળકા નજીક બોલેરો - ડમ્પર વચ્ચે અકસ્માતમાં મધ્યપ્રદેશનાં પાંચ શ્રમિકોનાં ઘટનાસ્થળે જ મોત

ધોળકા તા.૨૭

અમદાવાદ જિલ્લામાં ધોળકાની પોલન ચોકડી નજીક ભયંકર અકસ્માત સર્જાયો છે જેમાં બોલેરો કાર સાથે ડમ્પર અથડાતા ભયાનક અકસ્માત સર્જાતા પાંચ વ્યક્તિના ઘટના સ્થળે મોત થયા છે. મૃતકો બોલેરો કાર લઈ રાણપુર બોટાદ તરફ જઈ રહ્યા હતા. આ તમામ મૃતકો મધ્યપ્રદેશના હોવાનું સામે આવ્યું છે અને રાણપુર ખાતે પોતે કામ અર્થે જઈ રહ્યા હતા ત્યારે પરોઢીયે ૪:૩૦ વાગ્યે ગંભીર અકસ્માત સર્જાયો જેમાં ડમ્પરની પાછળ બોલેરો કાર ધડાકાભેર ઘુસી જતા આ ઘટનામાં ઘટના સ્થળ ઉપર કમ કમાટી ભર્યા મોત નિપજ્યા છે જયારે બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક અસરે અમદાવાદ ખાતે સારવાર માટે ખસેડવાની ફરજ પડી છે. આ અંગેની જાણકારી મળતા ધોળકા પોલીસ ઘટના સ્થળે પહોંચી અને તમામ વિગતો મેળવી અને મધ્યપ્રદેશ તેમના સગાઓને જાણકારી આપવામાં આવી છે ત્યારે જ્યાં લોકો રહે છે ત્યાં પણ ભારે શોકનો માહોલ છવાઈ જવા પામ્યો છે અને આ લોકો પોતાના કામ અર્થે મધ્યપ્રદેશથી રાણપુર ગામ ખાતે આવી રહ્યા હતા બનાવની જાણ થતા બે ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. તમામ મૃતક મધ્યપ્રદેશના પીટોલના શ્રમજીવી હોવાનું બહાર આવ્યુ છે. તેમજ વધુ સારવાર માટે રામચંદ્ર નિતેશભાઈ ભીલવાડ અને મનીષા નિતેશભાઈ ભીલવાડ બંને ઈજાગ્રસ્તોને અસારવા સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે.

## રાજકોટનાં નામાંકિત ઓરબીટ ગ્રુપ ઉપર ઈન્કમટેકસનાં દરોડા : ૩૦થી વધુ સ્થળોએ કાર્યવાહી




રાજકોટ તા. ૨૭

૨૦૨૩-૨૪ના નાણાકીય વર્ષની પૂર્ણતાના આરે છે હવે માત્ર એક જ મહિનો બાકી છે ત્યારે ઈન્કમટેક્ષે તેના નિર્ધારિત લક્ષ્યાંકને પૂર્ણ કરવા સર્વે અને સર્ચની કામગીરી તેજ કરી છે. અગાઉ અમદાવાદ, વડોદરા, સુરત, મહેસાણામાં બિલ્ડર ગ્રુપ અને ઉદ્યોગકારો ઉપર સર્વે અને સર્ચ હાથ ધરવામાં આવ્યા હતા ત્યારે હવે આજે વહેલી સવારથી રાજકોટના નામાંકિત બિલ્ડર્સ ગ્રુપ ઓરબીટ ઉપર આવકવેરા વિભાગે મેગા સર્ચ ઓપરેશન હાથ ધર્યુ છે.

રાજકોટમાં છેલ્લા ત્રણ દાયકાથી રીયલ એસ્ટેટ ક્ષેત્રે અનેક મોટા અને ગગનચુંબી ઈમારતોનું નિર્માણ કરનાર દિલીપ લાડાણી એસોસીએટ અને ઓરબીટ ગ્રુપ તેમજ તેની સહયોગી પેઢી ઉપર આજ સવારે ૩૦થી વધુ સ્થળો ઉપર ઈન્વેસ્ટીગેશન વીંગ દ્વારા ૧૫૦થી વધુ અધિકારીઓએ સર્ચ ઓપરેશન હાથ ધરતા રીયલ એસ્ટેટ ક્ષેત્રે ખળભળાટ મચી જવા પામેલ છે.

આવકવેરા વિભાગ રાજકોટ ઈન્વેસ્ટીગેશન વીંગના ડાયરેકટર મીના અને આસી. ડાયરેકટર આદેશ તિવારીના માર્ગદર્શન હેઠળ રાજકોટ ઈન્વેસ્ટીગેશન વીંગ ઓફ ઈન્કમટેક્ષ ઉપરાંત અમદાવાદ, વડોદરા, સુરત, મહેસાણા સહિતના અધિકારીઓ રાજકોટ ખાતે પાડવામાં આવેલા દરોડાની કાર્યવાહીમાં જોડાયા છે.

ઓરબીટ ગ્રુપ દ્વારા ગાર્ડન નામથી અનેક પ્રોજેકટો કાર્યરત છે. જેમાં ગેલેકસી ગાર્ડન, ઓરબીટ સ્કાય ગાર્ડન, ઓરબીટ ગાર્ડન સહિતના પ્રોજેકટો કાર્યરત છે. રાજકોટમાં પ્રથમ ૪૦ માળના બિલ્ડીંગનું નિર્માણ કાર્ય માટેનો પ્રોજેકટ પણ લોન્ચ થઈ રહ્યો છે.

રિયલ એસ્ટેટ ક્ષેત્રે વિશ્વાસનું પ્રતિક ગણાતુ ઓરબીટ ગ્રુપ ઉપર પડેલા દરોડા બે દિવસ સુધી ચાલનાર હોવાનું તેમજ મોટી કરપાત્ર રકમ મળવાનો નિર્દેશ આયકર વર્તુળોએ જણાવ્યો છે.

# રાજયસભાની ચૂંટણીમાં યુપી, હરીયાણા અને કર્ણાટકમાં ક્રોસ વોટીંગ : રાજકીય ઉથલ-પાથલ

નવી દિલ્હી તા. ૨૭ :

આજે રાજયસભાની બેઠકો માટે યોજાઈ રહેલા મતદાનમાં ઉત્તરપ્રદેશ, હરીયાણા અને કર્ણાટકમાં ધારાસભ્યોએ ક્રોસ વોટીંગ કરતા રાજકીય ઉથલ પાથલ મચી ગઈ છે. ઉત્તરપ્રદેશમાં સપાનાં બેથી વધુ ધારાસભ્યોએ ક્રોસ વોટીંગ કર્યુ છે, જયારે હરીયાણામાં ૯ ધારાસભ્યોએ ક્રોસ વોટીંગ કર્યુ હોવાનું જાણવા મળે છે જયારે કર્ણાટકમાં ભાજપનાં એક ધારાસભ્યએ ક્રોસ વોટીંગ કર્યુ હોવાનું બહાર આવ્યું છે. આમ ક્રોસ વોટીંગને કારણે રાજકીય સમીકરણો બદલાઈ ગયા છે. ઉત્તર પ્રદેશમાં રાજયસભાની કુલ ૧૦ બેઠકો માટે ૧૧ ઉમેદવારો મેદાનમાં છે. સત્તાધારી ભાજપે આઠ ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા છે, જયારે વિપક્ષ સપાએ ત્રણ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા. વિધાનસભામાં સંખ્યાત્મક સંખ્યા અનુસાર ભાજપના સાત અને સપાના બે ઉમેદવારો આસાનીથી જીતી શકે છે, પરંતુ ૧૦મી બેઠક પર ભાજપ અને સપાના ઉમેદવારો વચ્ચે જંગ જામ્યો છે. સપાના ઘણા ધારાસભ્યોએ ક્રોસ વોટિંગ કર્યુ છે. ગતરાત્રે, રાજયસભાની ચૂંટણીના એક દિવસ પહેલા, સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે પાર્ટીના ધારાસભ્યોની બેઠક બોલાવી હતી પરંતુ આઠ ધારાસભ્યોએ તેમાં હાજરી આપી ન હતી. આ ધારાસભ્યોની ગેરહાજરી બાદ વિવિધ પ્રકારની અટકળો લગાવવામાં આવી રહી છે.

## કોંગ્રેસને વધુ એક ફટકો : છોટાઉદેપુરનાં પૂર્વ સાંસદ નારણ રાઠવાએ કેસરીયા કર્યા



છોટા ઉદેપુર તા. ૨૭


છોટા ઉદેપુરના દિગ્ગજ કોંગ્રેસી નેતા અને રાજયસભાનાં સાંસદ નારણ રાઠવા કોંગ્રેસને રામ રામ કરીને આજે કમલમ ખાતે કેસરિયો ધારણ કર્યો છે. હાલ લોકસભા ચૂંટણીના પડઘમ વાગવાની શરૂઆત થઈ ચૂકી છે. ત્યારે પાર્ટી બદલવાની હોડ જામી છે અને કોંગ્રેસના ઉમેદવારોના એક પછી એક કાંગરા ખરી રહ્યા છે. ત્યારે આજે વધુ એક પૂર્વ કેન્દ્રીય રેલ રાજ્યમંત્રી અને દિગ્ગજ કોંગ્રેસી નેતા રાજયસભા સાંસદ નારણ રાઠવા કોંગ્રેસને રામ રામ કરીને ભાજપનો કેસરિયો ધારણ કરી લીધો છે. કોંગ્રેસના પૂર્વ સાંસદ નારણ રાઠવા ગુજરાત પ્રદેશ ભાજપ કાર્યલય કમલમ પહોંચ્યા છે. પ્રદેશ ભાજપ અધ્યક્ષ પાટીલના હસ્તે કેસરિયો ધારણ કરી લીધો છે. કોંગ્રેસના રાજ્યસભાના સાંસદ તરીકે થોડા દિવસ અગાઉ જ નારણ રાઠવાની ટર્મ પૂર્ણ થઈ છે. ત્યારે ટર્મ પૂર્ણ થયાના ગણતરીના દિવસોમાં ભાજપમાં જોડાઈ ગયા છે. છેલ્લા કેટલાક સમયથી કોંગ્રેસની દિશા અને દશા બદલાઈ રહી છે અને કોંગ્રેસ સાફ થઈ રહી છે. ત્યારે છોટા ઉદેપુર ખાતે નારણ રાઠવા અને સંગ્રામ રાઠવા જો કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાતા કોંગ્રેસ હવે નામશેષ થવાના આરે આવી ગઈ છે. હાલ તો છોટા ઉદેપુર જિલ્લામાં સુખરામ રાઠવા અને અર્જુન રાઠવા જ કોંગ્રેસના નેતાઓ તરીકે બાકી રહ્યા છે. નારણ રાઠવા તેમના સમર્થકો સાથે ભાજપમાં જોડાઈ જતા જેનાથી કોંગ્રેસની મજબૂત આદિવાસી વોટબેંકમાં મોટું ગાબડું પડયું છે.

Junagadh
જુનાગઢ માં દુકાન, મકાન, લે વેચ માટે
આજે જ સંપર્ક કરો
Real Estate Consultant
" અમારી છે જુબાની, આપને મળશે આપના સપના ની મિલ્કત મજાની "
Mo. 90999 08686

:: ફ્લેટ વેચવાનો છે ::
2 BHK ડાઈનીંગ, ફુલ ફર્નીચર, ડાઈનીંગ ટેબલ, સોફાસેટ, પલંગ સાથે તદન વ્યાજબી ભાવમાં, પહેલી નજરમાં આપને ગમી જશે.
નોબલ ટાવર, નહેરૂપાર્ક
દલાલભાઈ આવકાર્ય
મો. ૯૩૨૭૫ ૮૯૪૨૦

દાણાપીઠમાં મકાન વેચવાનું છે
જૂનાગઢમાં દાણાપીઠ વિસ્તારમાં વાદી ખડકીમાં, ત્રણ માળનું, ૭ રૂમવાળુ મકાન તેમજ હોલસેલનાં વેપારીઓને ગોડાઉન માટે લાયક, સારી કન્ડીશનમાં વહેલા તે પહેલાનાં ધોરણે વ્યાજબી ભાવમાં મકાન વેચવાનું છે.
કિંમત રૂા. ૨૭ લાખ
: સંપર્ક :
૯૩૭૬૬ ૦૫૫૬૨ / ૭૯૮૪૮ ૦૫૭૯૧

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
હરિ-કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA, HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪, મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



# કેશોદ ભારત વિકાસ પરિષદ દ્વારા વડીલ વંદના કાર્યક્રમ યોજાયો

(કમલેશ જોષી દ્વારા)
કેશોદ તા.૨૭

આપણા દેશની માતૃદેવો ભવ પિતૃદેવો ભવની સંસ્કૃતિના સંસ્કારો આગામી પેઢીમાં જળવાય રહે અને આપણા પરિવારો વિભક્ત થતાં અટકે તેમજ વૃધ્ધાશ્રમ ની જરુરીયાત ન રહે તે ભાવ સાથે ભારત વિકાસ પરિષદ કેશોદ દ્વારા દર વર્ષે નવી પેઢી માટે દિશા સૂચન આપવા વેલેન્ટાઈન ડે ના બદલે વડીલ વંદના કાર્યક્રમ યોજવામાં આવે છે . જેમાં ન્યુ એરા પ્રોફેસર એકેડેમીના પરીસરમાં વડીલ વંદના ૨૦૨૪નો ભવ્ય ભાવ સભર કાર્યક્રમ યોજાયો હતો તેમાં ૧૦૦ કરતા પણ વધારે વડીલોનું તેમના શ્રવણ જેવા સંતાનો દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી પૂજન કરવામાં આવેલુ હતું. આ કાર્યક્રમની શરૂઆત પંચાળનાં સ્વામી ઘનશ્યામ ચરણ દાસજી, સંસ્થાનાં પ્રમુખ મહાવીરસિંહ જાડેજા. પ્રો પ્રવીણ ગજેરા. ડો સ્નેહલ તન્ના, આર.પી.સોલંકી ધારાસભ્ય દેવાભાઈ માલમના




પુત્ર દિનેશ માલમ ભારત વિકાસ પરિષદનાં સભ્યો દ્વારા દિપ પ્રાગટય કરી કરવામાં આવી હતી ત્યાર બાદ પ્રો. પ્રવીણ ગજેરા દ્વારા મહેમાનોનું શબ્દોથી સ્વાગત કરવામાં આવ્યું હતું અને જીતેન્દ્રસિંહ દ્વારા સંસ્થાનો પરિચય કરાવ્યો હતો પ્રમુખ મહાવીરસિંહ જાડેજાનાં જણાવ્યાં પ્રમાણે વડીલોને તેમના સમયની જૂની રમતો દિનેશ કાનાબાર, આર પી સોલંકી દ્વારા રમાડી એમના બાળપણના સ્મરણો તાજા કરાવ્યાં હતાં ત્યારબાદ એ વડીલો દ્વારા તેમનામાં રહેલી કલાને બહાર લાવતિ સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરવામાં આવી હતી જેમાં ધીરજલાલ તન્ના, હંસાબેન કારીયા, ભૂપેન્દ્ર જોશી વગેરે વડીલોએ એમને ગમતી વાર્તાઓ,પ્રસંગો , ગીત ,ટહુકા રજુ કરેલા.ત્યાર બાદ ન્યુ એરા પ્રૉફેસર એકેડેમી કેશોદના બળકૉ દ્વારા કાર્યક્રમને અનુરૂપ "બાળકો અને માતા પિતાઓના સંસ્કારોને દીપાવતું "ઘર એજ શાળા "નામનું નાટક પણ રજૂ કરવામાં આવેલું હતું.

ત્યાર બાદ ખાસ વડીલો અને તેમના સંતાનો વચ્ચેના જે અમૂલ્ય સંબંધોનો વારસો જાળવી રાખવાનો છે. એ અંતર્ગત સ્વામીશ્રી ઘનશ્યામ ચરણદાસજી (સ્વામિનારાયણ મંદિર પંચાળા )દ્વારા ખુબ જ સરસ પ્રાસંગિક પ્રવચન આપવામાં આવ્યું હતુ ત્યારબાદ પુષ્ટિ માર્ગીય યુવા ભાગવતચાર્ય શ્રી ઉત્તમચંદ્ર શાસ્ત્રીજી દ્વારા શાસ્ત્રોક વિધિથી વડીલોનું એમના સંતાનો દ્વારા પૂજન-આરતી કરાવવામાં આવેલી તથા આશીર્વચનો પાઠવવામાં આપ્યાં હતા.

અને કાર્યક્રમને અંતે સૌ વડીલોને ઉપયોગી વસ્તુઓની એક કીટ આપી સૌએ સાથે મળી સ્નેહ સભર ભોજન લીધું હતું. તમામ કાર્યક્રમ ખૂબ જ શાંતિ પૂર્ણ થયો હતો આ કાર્યક્રમના ભોજનના દાતા તરીકે ન્યુ એરા પ્રોફેસર એકેડમીસના તૃસ્ટ્રી / સંચાલક શ્રી ડૉ.પ્રવીણભાઈ ગજેરા રહ્યા હતા તથા વડીલો માટે ભેટ સોગાત તથા અન્ય રોકળ રકમના અનેક દાતાઓનો ખુબ સારો સાથ સહકાર રહ્યો હતો. દાતાઓ, કાર્યકર મિત્રો સૌ BVP સદ્સ્યો તેમજ પ્રત્યક્ષ કે પરોક્ષ સહકાર દ્વારા કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન જાણીતા ઉદઘોશક અને રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા ભૂપેન્દ્ર જોશી દ્વારા કરવામાં આવ્યું હતું.

### વેપારીઓએ બંધ પાળવામાં નિરસતા દાખવી

# દ્વારકામાં વડાપ્રધાનનાં કાર્યક્રમને દિને બંધનાં એલાનને મળ્યો નબળો પ્રતિસાદ



(રાકેશ સામાણી દ્વારા)
દ્વારકા તા.૨૭

ઓખા - બેટ દ્વારકા વચ્ચે સમુદ્રમાં નિર્માણ થયેલ સુદર્શન સેતુનાં લોકાર્પણ પછી વડાપ્રધાન દ્વારકામાં જગતમંદિરે દર્શનાર્થે આવ્યા હતા તથા એ પછી જનસભા પણ સંબોધી હતી. વડાપ્રધાનનાં દ્વારકા કાર્યક્રમને પગલે દ્વારકામાં વેપાર ધંધા બંધ રાખવા કહેવાતી વેપારી સંસ્થાએ એલાન કર્યુ હતું પરંતુ એની નોંધ લેવાઈ ન હોય એમ બજાર મોટેભાગે ખુલ્લી જોવા મળી હતી. વેપારી આગેવાનોએ વડાપ્રધાનની સભામાં ઉમટી પડવા વેપારીઓને આહ્વાન કરી એ માટે વેપાર ધંધા બંધ રાખવાની અપીલનો વિડીયો સંદેશ પણ માધ્યમોમાં વહેતો કર્યો હતો જેને પગલે અમુક દુકાનો તો રવિવારે જ બંધ પાળતી હોવાની સ્થિતિને જોતા અપીલ પછી બજારમાં સજ્જડ બંધ જોવા મળવો જોઈએ પરંતુ દ્રશ્ય ઉલ્ટુ જોવા મળતા આ બાબતે ફિયાસ્કો થયો હોવાનો ઘાટ ઘડાયો છે.

વડાપ્રધાનની સભામાં તો જનમેદની ઉમટી પડી હતી પરંતુ વેપારીઓએ ધંધા રોજગાર ચાલુ રાખતા બંધનું એલાન કરનારા વેપારી આગેવાનોની વિશ્વસનીયતા ઉપર સવાલ ઉભો થયો છે

# કેશોદ લેઉવા પટેલ મિત્ર મંડળ દ્વારા સામાજિક રાજકીય પદાધિકારીઓનું સન્માન કરાયું

(કમલેશ જોષી દ્વારા)
કેશોદ તા.૨૭

કેશોદ લેઉવા પટેલ મિત્ર મંડળ દ્વારા કેશોદ શહેરમાં રાજકીય સામાજિક ક્ષેત્રમાં જવાબદારી સંભાળતાં લેઉવા પટેલ સમાજના પદાધિકારીઓ આગેવાનોનું સન્માન કરવાના કાર્યક્રમનું આયોજન શરદચોક ખાતે આવેલા લેઉવા પટેલ સમાજ ખાતે રાખવામાં આવ્યો હતો. કેશોદ લેઉવા પટેલ સમાજના મંચસ્થ અગ્રણી આગેવાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. કેશોદ લેઉવા પટેલ મિત્ર મંડળના હોદેદારો કાર્યકરો દ્વારા મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. કેશોદ નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ગોંડલીયાનું શાલ ઓઢાડી સ્મૃતિચિહ્ન આપી શહેરના પ્રથમ નાગરિક તરીકે સન્માન કરવામાં આવ્યું હતું. કેશોદના લેઉવા પટેલ સમાજના ટ્રસ્ટી મંડળ સહિત વિવિધ સંસ્થાઓના હોદેદારો સામાજિક સંસ્થાઓના હોદેદારો અને વેપારી સંગઠનોના હોદેદારોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. કેશોદ લેઉવા પટેલ સમાજના આગેવાનોએ એક જ સુરમાં લેઉવા પટેલ સમાજને શિક્ષીત, સમૃદ્ધ અને દરેક ક્ષેત્રમા ખુબ જ શક્તિશાળી બનાવવા સંગઠીત થવા હાકલ કરી હતી. કેશોદ લેઉવા પટેલ મિત્ર મંડળ દ્વારા કેશોદ શહેરમાં વિવિધ ક્ષેત્રમાં જવાબદારી સંભાળી રાજકીય સામાજિક ક્ષેત્રે લેઉવા પટેલ સમાજને ગૌરવ અપાવ્યું છે એવા તમામ આગેવાનો પદાધિકારીઓને પોતાના સમાજના યુવાનો દ્વારા સન્માનિત કરવામાં આવતાં



અનેરી ખુશી વ્યક્ત કરી હતી. કેશોદ લેઉવા પટેલ મિત્ર મંડળ દ્વારા સન્માનિત કરવામાં આવ્યાં હતાં જેમાં મુખ્યત્વે કેશોદ નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ગોંડલીયા, શહેર ભાજપના પ્રમુખ અને લેઉવા પટેલ સમાજના પ્રમુખ પ્રવિણભાઈ ભાલારા, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ડાયાલાલ વેકરીયા, ઈલેકટ્રીક એસોસિયેશનના પ્રમુખ પોપટલાલ વણપરીયા, ડૉ અશ્વિનભાઈ અજુડીયા, વિનુભાઈ ગોંડલીયા, ડીકે કોટડીયા, સહિત પદાધિકારીઓ આગેવાનોને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. કેશોદ શહેરમાં વસતાં લેઉવા પટેલ સમાજના લોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. કેશોદ લેઉવા પટેલ મિત્ર મંડળ દ્વારા કરવામાં આવેલ સન્માન સમારોહ કાર્યક્રમને સફળ બનાવવા તમામ યુવાનોએ જહેમત ઉઠાવી હતી.

## ખંભાળિયાઃ કુવામાં ખાબકેલા શ્વાન તથા શિયાળને બચાવાયા

(કુંજન રાડીયા દ્વારા)
જામ ખંભાળિયા, તા.૨૭

ખંભાળિયા તાલુકાના ભીંડા ગામે રહેતા હેમંતભાઈ ગામના એક આસામીની વાડીએ આવેલા કુવામાં એક કૂતરું પડી ગયું હોવા અંગેની જાણ અહીંની જાણીતી પશુ સેવા સંસ્થા એનિમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટના કાર્યકરોને કરવામાં આવી હતી. જેને અનુલક્ષીને સંસ્થાના દેશુર ધમા, અખિલ પાણખાણીયા દ્વારા લાંબી જહેમત બાદ કુવામાંથી કૂતરાનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત ખંભાળિયા નજીક આવેલી એક હોટલ પાસેના ૬૦ ફૂટ ઊંડા પાણી ભરેલા કુવામાં એક શિયાળ ખાબક્યું હોવાથી સંસ્થાના સભ્યો અશોકભાઈ સોલંકી, દેશુર ગઢવી, મેહુલ યાજ્ઞિક, ઓમ ગોહેલ, હિરેન ગોસ્વામી દ્વારા લાંબી જહેમત બાદ આ શિયાળનું રેસ્ક્યુ સફળતાપૂર્વક કરાયું હતું.

### ગુજરાતમાં દારૂની રેલમછેલ

# ગુજરાતમાં દારૂની પરમીટ લઈને દારૂ પીનારાઓનો રાફડો ફાટયો

**વર્ષ ૨૦૨૩ની સ્થિતિએ ગુજરાત રાજ્યમાં ૩૯ હજાર ૮૮૮ લોકો પાસે દારૂની પરમીટ છે**



અમદાવાદ, તા.૨૭

બુટલેગરો પાસેથી પકડાતો દારૂ કાયદાના લીરેલારા ઉડાવે છે. પરંતું આ તો વાત બિનકાયદેસર થઈ. પરંતુ ગુજરાતમાં કાયદેસર રીતે પણ પુષ્કળ દારૂ પીવાય છે. પરમીટનો આંકડો કહે છે કે, ગુજરાતમાં દારૂની રેલમછેલ થાય છે. રાજ્યમાં વર્ષ ૨૦૨૩ ની સ્થિતિએ ૩૯ હજાર ૮૮૮ લોકો પાસે દારૂની પરમીટ હોવાની વિગતો ખુદ સરકારે વિધાનસભામાં આપી છે. આંકડા કહે છે કે, ગુજરાતમાં દારૂની પરમીટ લઈને દારૂ પીનારાઓનો રાફડો ફાટ્યો છે. કોંગ્રેસના ધારાસભ્ય દિનેશ ઠાકોરના પ્રશ્નમાં સરકારે માહિતી આપી છે. જેમાં સરકારે જણાવ્યું કે, રાજ્યમાં વર્ષ ૨૦૨૩ની સ્થિતિએ ૩૯ હજાર ૮૮૮ લોકો પાસે દારૂની પરમીટ છે. છેલ્લા ૩ વર્ષમાં ૧૪ હજાર ૬૯૬ દારૂની પરમીટ માટે નવી અરજીઓ મળી છે. જ્યારે ૩૦ હજાર ૧૧૨ લોકોની દારૂની પરમિટ રીન્યુ કરવામાં આવી છે. સરકારને દારૂના પરવાનાથી કરોડોની આવક થઈ છે. ૩ વર્ષમાં દારૂના નવા પરવાના હેઠળ સરકારને ૮ કરોડ ૭૫ લાખ ૮૭ હજાર ૩૦૦ રૂપિયાની આવક થઈ છે. તો ૩ વર્ષમાં દારૂના રીન્યુ પરવાના હેઠળ ૨૯ કરોડ ૮૦ લાખ ૩૩ હજાર ૩૦૦ રૂપિયાની આવક થઈ છે. છેલ્લા ૩ વર્ષમાં સરકારને દારૂના પરવાના હેઠળ ૩૮ કરોડ ૫૬ લાખ ૨૦ હજાર ૬૦૦ રૂપિયાની આવક થઈ છે. જોકે, તાજેતરમાં જ એક માહિતી સામે આવી હતી. ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં દારૂ પીવામાં છૂટ આપવામાં આવી છે. તે પહેલા સરકારે સ્વાસ્થ્યના આધાર પર દારૂ ખરીદવાની મંજૂરી આપી હતી. જેની સંખ્યા ૩ વર્ષમાં ૫૮ ટકા સુધી વધી ગઈ. આ જાણકારી રાજ્યના નશાબંધી અને આબકારી વિભાગના આંકડાઓથી મળી છે. આંકડા મુજબ ગુજરાતમાં હવે ૪૩૪૭૦ પરિમિટ ધારકો છે. જે લોકોને સ્વાસ્થ્યના આધાર પર દારૂ ખરીદવાની મંજૂરી આપવામાં આવી છે તે સિવાય વિદેશી નાગરિકો અને અન્ય રાજ્યોના લોકોને ગુજરાત પ્રવાસ દરમ્યાન વધુમાં વધુ એક અઠવાડિયાના સમયગાળા માટે દારૂ ખરીદવાની મંજૂરી મળે છે. આંકડા મુજબ અમદાવાદ જિલ્લો ૧૩૪૫૬ દારૂ પરમિટ સાથે ટોપ પર છે. ત્યારબાદ સુરતમાં ૯૨૩૮ દારૂ પરમિટ, રાજકોટમાં ૪૫૦૨, વડોદરામાં ૨૭૪૩, જામગનરમાં ૨૦૩૯ દારૂ પરમિટ, ગાંધીનગર ૧૮૫૧ અને પોરબંદર ૧૭૦૦ પરમિટ સાથે યાદીમાં છે. એક અન્ય આંકડા મુજબ ગુજરાતની ૭૭ હોટલોને પરમિટ ધારકોની સાથે સાથે દેશના અન્ય ભાગો કે વિદેશથી રાજ્યમાં આવનારા લોકોને દારૂ વેચવાનું લાયસન્સ આપવામાં આવ્યું છે. વિભાગ દ્વારા વ્યક્તિઓને દારૂ પરમિટ ત્યારે જ આપવામાં આવે છે જ્યારે પ્રાદેશિક મેડિકલ બોર્ડ એ જાહેર કરનારું પ્રમાણ પત્ર આપે કે અરજીકર્તાના સ્વાસ્થ્ય માટે દારૂનું સેવન જરૂરી છે.

## જૂનાગઢ : ત્રીજા માળેથી અકસ્માતે પડી જતા સારવાર દરમ્યાન મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૨૭

જૂનાગઢના ઈન્દીરાનગર ઘંટી વાળી શેરીમાં રહેતા બિપીનભાઈ મગનભાઈ જલવલીયા(ઉ.વ.૩૬) પ્લાસ્ટરનું કામ કરવા મજુરીએ ગયેલ હોય ત્યાં ત્રીજા માળેથી નીચે પડી જતા તેઓને સારવાર માટે સિવીલ હોસ્પિટલ લાવવામાં આવેલ જયાં સારવાર દરમ્યાન તેનું મૃત્યું થયું છે. આ બનાવ અંગે જૂનાગઢ તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## સમસ્ત પ્રજાપતિ સમાજ ગુજરાત દ્વારા જૂનાગઢ શહેરના પ્રમુખ તરીકે દિનેશભાઈ સોલંકીની નિયુક્તિને



જૂનાગઢ તા. ૨૭

તાજેતરમાં પ્રજાપતિ સમાજની વિકાસ યાત્રામાં પ્રતિબધ્ધતા, લાગણી અને સમાજસેવાના ઉત્તમ કાર્યને ધ્યાનમાં લઈને સમસ્ત પ્રજાપતિ સમાજ ગુજરાતના જૂનાગઢના શહેર પ્રમુખ પદે દિનેશભાઈ સોલંકીની નિયુક્તિ કરવામાં આવતા જ્ઞાતિજનોએ તેમને આવકારી શુભેચ્છા પાઠવી છે.

# શીલ પંથકના દિવાસા નજીકથી ૮૪ બોટલ દારૂ ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૨૭

શીલ પોલીસે ગઈકાલે માંગરોળ-પોરબંદર હાઈવે રોડ ઉપર એક હોટલની બાજુમાંથી અશોક લેલન્ડ કંપનીના ટ્રક નંબર જીજે-૧૧-વીવી-૨૭૯૩ની તલાશી લેતા ઈંગ્લીશ દારૂની પેટી ૭ બોટલ નંગ-૮૪ રૂા.૩૩,૬૦૦ની કિંમતનો દારૂ તથા ટ્રક, મોબાઈલ વિગેરે મળી કુલ રૂા.૫૩,૮૬૦૦ના મુદ્દામાલ સાથે આજક ગામના નાઝીરખાન ઉર્ફે નિહાર નાશીરખાન બેલીમ(ઉ.વ.૨૨)ને ઝડપી લઈ તેમના વિરૂધ્ધ પ્રોહિબીશન અંતર્ગત શીલ પોલીસે ગુનો દાખલ કરેલ છે. જયારે વંથલી પોલીસે ગઈકાલે ચોક્કસ બાતમીના આધારે રવની ગામે હબીબ ઈબ્રાહીમભાઈ (ઉ.વ.૬૫)ના કબ્જા ભોગવટાના રહેણાંક મકાનમાં જુગાર અંગે દરોડો પાડતા કુલ પાંચ શખ્સોને રૂા.૧૨,૨૮૦ની રોકડ, મોબાઈલ ફોન વિગેરે મળી રૂા.૧૮,૭૮૦ના મુદ્દામાલ સાથે જુગાર રમતા ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

# કોટના બીચ પર ન્હાવા ગયેલા પારૂલ યુનિવર્સિટીના ૩ વિદ્યાર્થી તણાયા

વડોદરા, તા.૨૭

પારૂલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ કોટના બીચ પર ફરવા ગયા હતા, જ્યાં ન્હાવા પડેલા ત્રણ વિદ્યાર્થીઓની અચાનક જ બૂમો સંભળાવા લાગી હતી.વિદ્યાર્થીઓ પાણીના પ્રવાહમાં તણાવા લાગ્યા હતા. સ્થાનિક લોકોને ઘટનાનો અંદાજ આવી ગયો હતો. જેથી તાત્કાલિક તે લોકોએ વિદ્યાર્થીઓને નદીમાંથી બહાર કાઢ્યા હતા. વડોદરામાં આવેલી પારૂલ યુનિવર્સિટીના પાંચ વિદ્યાર્થીઓ વડોદરા પાસેના કોટના બીચ પર ફરવા ગયા હતા. જે પૈકીના ત્રણ વિદ્યાર્થીઓ નદીમાં ન્હાવા પડ્યા હતા. જો કે આ વિદ્યાર્થીઓ અચાનક જ તણાવા લાગ્યા હતા. જો કે સ્થાનિક લોકોએ તાત્કાલિક તે લોકોને બચાવી લીધા હતા.

પારૂલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ કોટના બીચ પર ફરવા ગયા હતા, જ્યાં ન્હાવા પડેલા ત્રણ વિદ્યાર્થીઓની અચાનક જ બૂમો સંભળાવા લાગી હતી. વિદ્યાર્થીઓ પાણીના પ્રવાહમાં તણાવા લાગ્યા હતા. સ્થાનિક લોકોને ઘટનાનો અંદાજ આવી ગયો હતો. જેથી તાત્કાલિક તે લોકોએ વિદ્યાર્થીઓને નદીમાંથી બહાર કાઢ્યા હતા. ગામ લોકોએ વિદ્યાર્થીઓને બહાર કાઢીને તેમને CPR આપ્યો હતો અને તેમના પેટમાં ભરાયેલુ પાણી બહાર પણ કાઢ્યુ હતુ.જેના પગલે વિદ્યાર્થીઓનો બચાવ થયો હતો. જે પછી વિદ્યાર્થીઓને વધુ સારવાર માટે વડોદરા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

# ૩૧ માર્ચથી રાજકોટ-અમદાવાદ વચ્ચે ફલાઈટ શરૂ કરવામાં આવશે

**આ ફલાઈ્ટ રાજકોટ હીરાસર એરપોર્ટથી સરદાર વલ્લભભાઈ પટેલ અમદાવાદ એરપોર્ટ વચ્ચે ઉડાન ભરશે**

અમદાવાદ, તા.૨૭

ઈન્ડિગોની ફલાઈટ દ્વારા ૩૧ માર્ચથી રાજકોટ-અમદાવાદ વચ્ચે ફલાઈટ શરૂ કરવામાં આવશે. આ ફલાઈ્ટ રાજકોટ હીરાસર એરપોર્ટથી સરદાર વલ્લભભાઈ પટેલ અમદાવાદ એરપોર્ટ વચ્ચે ઉડાન ભરશે.

રાજકોટ અને અમદાવાદ વચ્ચે કાયમી અવરજવર કરતા લોકો માટે ખૂબ સારા સમાચાર સામે આવ્યા છે. રાજકોટ-અમદાવાદ વચ્ચે ફલાઈટ સેવા શરૂ કરવામાં આવશે. ૩૧ માર્ચથી રાજકોટ-અમદાવાદ વચ્ચે આ હવાઈ સેવા શરુ થવા જઈ રહી છે.

ઈન્ડિગોની ફલાઈટ દ્વારા ૩૧ માર્ચથી રાજકોટ-અમદાવાદ વચ્ચે ફલાઈટ શરૂ કરવામાં આવશે. આ ફલાઈ્ટ રાજકોટ હીરાસર એરપોર્ટથી સરદાર વલ્લભભાઈ પટેલ અમદાવાદ એરપોર્ટ વચ્ચે ઉડાન ભરશે.આ ફલાઈટની ટિકિટના ભાવ ૩૧૬૦ રુપિયાની આસપાસના રહે તેવી શકયતા છે. આ ફલાઈટ અઠવાડિયામાં ૬ દિવસ રાજકોટ-અમદાવાદ વચ્ચે ઉડાન ભરશે. રાજકોટ એરપોર્ટ પરથી આ ફલાઈટ બપોરે ૩.૫૦ વાગ્યે ટેક ઓફ થશે અને અમદાવાદથી આ ફલાઈટ બપોરે ૨.૩૫ વાગ્યે ટેકઓફ થશે. રાજકોટનું હીરાસર એરપોર્ટ એ ઈન્ટરનેશનલ એરપોર્ટ છે. જો કે હજુ સુધી ઈન્ટરનેશનલ હવાઈ સેવાઓ હજુ શરૂ થઈ નથી, ત્યારે અહીંથી વિદેશ પ્રવાસે જનારા લોકો અમદાવાદ પહોંચીને ઈન્ટરનેશનલ ફલાઈટ પકડી શકશે.

# પ્રસૃતા મહિલાનાં ઓપરેશન સમયે તબીબ પેટમાં કપડું ભૂલી ગયા !

ભરૂચ, તા.૨૭

ભરૂચનાં જંબુસર સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં તબીબની ગંભીર બેદરકારી સામે આવી છે. જેમાં પ્રસૃતા મહિલાનાં ઓપરેશન સમયે તબીબ મહિલાનાં પેટમાં કપડું ભૂલી ગયા હતા. ત્યારે તબીબને બેદરકારીથી ઓપરેશન બાદ મહિલાનું પેટ ફૂલી ગયું હતું. જે બાદ મહિલાએ અન્ય તબીબ પાસે સોનોગ્રાફી કરાવતા સમગ્ર મામલો સામે આવ્યો હતો. મહિલાનું ફરી ઓપરેશન કરી કપડું બહાર કાઢવામાં આવ્યું હતું. આ સમગ્ર મામલે તબીબ ચાર્મી આહીર સામે જંબુસર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આ બાબતે દર્દી અમીષા સોલંકીએ જણાવ્યું હતું કે, જંબુસરની સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં મે મારૂ ઓપરેશન કરાવ્યું હતું.

ઓપરેશન બાદ તબીબની ભૂલનાં કારણે મારા પેટમાં કપડું રહી ગયું હતું. જે બાદ આ સમગ્ર મામલે મેં તબીબ ચાર્મી આહીર સામે ફરિયાદ નોંધાવી છે. આ મામલે મહિલાનાં પતિ શૈલેષ સોલંકીએ જણાવ્યું હતું કે, જૂના ડૉક્ટર હતા ત્યાં ગાયનેક ડૉક્ટરને ત્યાં અમે ચેક કરાવ્યું સોનોગ્રાફી રિપોર્ટ કરાવ્યું હતું. રિપોર્ટમાં એવું જાણવા મળ્યું કે સિઝેરીયન ઓપરેશન દરમ્યાન અંદર કપડું રહી ગયું છે. પછી અમે ફરી જંબુસર આવ્યા. જે બાદ અમે ડોક્ટર ચાર્મી આહીરને મળ્યા હતા. ત્યારે તેમણે કહ્યું કે અમારીથી જે ભૂલ થઈ છે. જે કપડું છે અંદર તે કાઢી નાંખીશું. તેમજ બેસ્ટ ટીમ બોલાવી તમારો પ્રોબ્લેમ શોર્ટ આઉટ કરી દઈશું. અને એક દિવસ મારા પત્નીને દાખલ કર્યા હતા.

બીજા દિવસે તબીબોએ એવું જણાવ્યું હતું કે, અમારી પાસે પુરતા સાધનો નથી. અમે પોલીસ ફરિયાદ કરવા ગયા હતા. બે મહિના બાદ તપાસમાં એવું જાણવા મળ્યું કે ડૉક્ટરથી આ ભૂલ થઈ છે. જેનો રિપોર્ટ મળ્યો છે. જે બાદ પોલીસ દ્વારા ફરિયાદ નોંધવામાં આવી છે. જે બાદ દર્દી દ્વારા ડૉક્ટરને નોટીસ આપી હતી કે તમારાથી આ ભૂલ થઈ છે. ત્યારે આ સમગ્ર મામલે ડોક્ટર દ્વારા દર્દીને નોટીસ ફટકારી ૫૦ લાખનો બદનક્ષીનો દાવો કર્યો છે.


## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **સુત્રેજા પ્રિતીબેન વનરાજ** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **મોઢવાડીયા પ્રિતી કેશુભાઈ** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**મોઢવાડીયા પ્રિતી કેશુભાઈ**
નવી વાડી વિસ્તાર, મોઢવાડા, જી. પોરબંદર

# કબુતરી ખાણ ચેકડેમથી જૂનાગઢમાં પૂરની સ્થિતિ સર્જાઈ એ વાત પાયાવિહોણી

## જૂનાગઢ સિંચાઈ યોજના વિભાગના કાર્યપાલક ઈજનેરની સ્પષ્ટતા

જૂનાગઢ, તા.૨૭

કાળવાનું વધારાનું પાણી ચેકડેમ બનાવી કબુતરી ખાણમાં જતું રોકયુ ને તકલીફ વધી એ શીર્ષક હેઠળ બે અગ્રણી અખબારોમાં સમાચારો અહેવાલો પ્રસિદ્ધ થયા હતા.તે અંગે જૂનાગઢ સિંચાઈ યોજના વિભાગના કાર્યપાલક ઈજનેર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે. આ સ્પષ્ટતા મુજબ જૂનાગઢ ખાતે આવેલ પોલીસ ટ્રેનિંગ કોલેજની સરકારી જમીનમાં કબૂતરી ખાણ વિસ્તાર આવેલ છે.જે વિસ્તારમાં નવો ચેક ડેમ બનાવવા બાબતે ધારાસભ્યશ્રી તથા રેન્જ આઈ.જી.પી

જૂનાગઢ દ્વારા અત્રે ની જગ્યાએ ખાસ કિસ્સામાં નવો ચેક ડેમ બનાવવા માટે ભલામણ થયેલ હતી. જે બાબતે નિયમો અનુસાર જરૂરી મંજૂરી કાર્યવાહી કરી ચેક ડેમ બનાવેલ છે. કાળવા વોંકળાનું પાણી ડાબી બાજુ એક નાની સ્ટ્રીમમાં કબૂતરી ખાણ વિસ્તાર તરફ વર્ષોથી ડાયવર્ટ કરાયેલ છે. તે પહેલા બધા જ પાણીનું વહન માત્ર કાળવા વોંકળામાં થતું હતું. ત્યારે જૂનાગઢમાં કોઈ પૂરની પરિસ્થિતિ સર્જાયેલ ન હતી. કબુતરી ખાણ વિસ્તાર તરફ ડાયવર્ટ થયેલ વિસ્તારમાં પાણીનો સ્ટોરેજ વધે અને તાંત્રિક રીતે કોઈ અડચણ ન થાય તેને ધ્યાને લીધા બાદ ડિટેઈલ સર્વે કરી અને ડિઝાઈન મંજૂર કરી અત્રેના વિભાગ દ્વારા નિયમો અનુસાર ચેકડેમ બનાવેલો છે.

જે જગ્યાએથી કાળવા વોંકળાનું પાણી ડાબી બાજુ એક નાની સ્ટ્રીમમાં કબૂતરી ખાણ વિસ્તાર તરફ ડાયવર્ટ થયેલ છે. તેની પહોળાઈની સાપેક્ષે ચેનલમાંથી કુલ પ્રવાહના વધુમાં વધુ આશરે ૨૦ ટકા જેટલો જ પ્રવાહ પસાર થાય છે. જેથી ૮૦ ટકા પાણી કબુતરી વિસ્તારમાં જતી હોવાની વાતમાં કોઈ તથ્ય નથી. કાળવા વોંકળામાથી કબુતરી ખાણ વિસ્તાર તરફ ડાયવર્ટ થયેલ સ્ટ્રીમનું શરૂઆતનું તળિયાનું લેવલ ૪૮.૫૭૮ મીટર છે. તેમજ આ જંકશન પાસે આવેલ ફોરેસ્ટના ચેકડેમના મથાળાનું લેવલ ૪૯.૧૮૫ છે. આમ ફોરેસ્ટનો ચેક ડેમ ઓવરફ્લો થાય તે પહેલા કબુતરી ખાણ ચેનલમાં પાણીનો પ્રવાહ ડાયવર્ટ થાય છે. અત્રેના વિભાગ દ્વારા કબુતરી ખાણ વિસ્તારમાં જે ચેકડેમ બનાવેલ છે. તેના મથાળા નું એવરેજ લેવલ ૪૮.૯૦ મીટર છે. જે મુખ્ય કાળવા વોંકળામાં આવેલ ફોરેસ્ટના ચેકડેમ થી ૦.૨૮૫ મી. નીચું છે. જેથી કબુતરી ચેકડેમ મુખ્ય કાળવા વોંકળામાં આવેલ ફોરેસ્ટના ચેકડેમ ભરાયા પહેલા ઓવરફ્લો થવા માંડે છે. અને કબુતરી ખાણ વિસ્તાર તરફ ડાયવર્ટ થયેલા પ્રવાહ મુજબનું બધું પાણી ઓવરફ્લો થવા માંડે છે. જે ઓવરફ્લોનો ડિસ્ચાર્જ ચેનલના ઈનફ્લો મુજબનો થઈ જાય છે. તેમજ ચેનલની ઈનફ્લો કેપેસિટી કરતા કબુતરી ખાણ ચેકડેમની કેપેસિટી વધુ છે અને ત્યાર પછી પાણી કુદરતી ઢાળ થી પ્લાસવા તરફ આગળ વહન કરવા માંડે છે. ઉપરોક્ત હકીકતે ભારે પુરની પરિસ્થિતિમાં પણ પાણી ઉદ્ધવ દિશા માં કોઈ પણ રીતે વહન કરી શકે નહીં

વિશેષમાં તા.૧૮/૯/૨૦૨૩ ના રોજ જૂનાગઢમાં ફરીથી ભારે વરસાદ થયેલ અને કાળવામાં ફરીથી પુર આવેલ ત્યારે ચેકડેમ ઓવરફ્લોની પરિસ્થિતિમાં અત્રેના વિભાગના અધિકારી, કર્મચારીઓ સાથે મામલતદાર શ્રી જૂનાગઢ, કાર્યપાલક ઈજનેર મહાનગરપાલિકા (વોટરવર્કસ), જૂનાગઢ શહેર ભાજપ પ્રમુખ, જૂનાગઢ સ્થાનિક આગેવાનો તથા રહેવાસી, સ્થાનિક જાણકારોને સાથે રાખી કબુતરી ચેકડેમ અને ડાયવર્ટ ચેનલના શરૂઆતના જંકશનના બને સ્થળની સંયુક્ત સ્થળ ખરાઈ તેમજ ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી કરવામાં આવી હતી. જે મુજબ કબુતરીખાણ વિસ્તાર તરફ અગાઉના વર્ષો મુજબ જ પણ રીતે નિયત પ્રવાહમાં સલામત રીતે વહેતું હતું. તેમ જ ભૌગોલિક રીતે સ્પષ્ટ દેખાતું હતું કે ભારે પુરમાં પણ આ પાણી ક્યારેય ઉદ્ધવ દિશામાં આવી શકે નહીં. તેમજ સ્થાનિક રહેવાસીઓ દ્વારા તમામની રૂબરૂમાં પણ આ બાબતનો સ્પષ્ટ સ્વીકાર કરાયો હતો. આમ, કાળવાનું વધારાનું પાણી ચેકડેમ બનાવી કબુતરી ખાણમાં જતું રોકાયુંને તકલીફ વધી એ આક્ષેપ નકારવામાં આવે છે.

# જૂનાગઢના આંગણે તા.૧લી માર્ચથી ત્રિ- દિવસીય મિલેટ એક્સપોનું આયોજન

## મીલેટ એક્સપોની પૂર્વ તૈયારીઓ માટે જીલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ





જૂનાગઢ, તા.૨૭

જૂનાગઢમાં તા.૧ માર્ચ-૨૦૨૪થી ત્રિ દિવસીય મિલેટ એક્સ્પો યોજાશે. જેમાં ૫૦ સ્ટોલ્સના માધ્યમથી મિલેટ વાનગીઓના નિદર્શનની સાથે જુદા-જુદા મિલેટ્સમાંથી બનેલી વસ્તુઓનો રેડી ટુ ઈટ એટલે કે, સ્વાદ પણ માણી શકાશે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સમગ્ર વિશ્વ આંતરરાષ્ટ્રીય મિલેટ્સ યર ઉજવી રહ્યું છે. જેથી મીલેટ્સ દ્વારા આરોગ્યને થતા ફાયદાઓ લોકો સુધી પહોંચી શકે. આ મીલેટ એક્સપોની પૂર્વ તૈયારીઓ સંદર્ભે જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાની અધ્યક્ષતામાં જિલ્લા પંચાયત ખાતે બેઠક મળી હતી. જેમાં સંબંધીત અધિકારીઓને મિલેટ એક્સપો લોકભોગ્ય બને તે માટે જરૂરી સુચનાઓ અને માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત આ એક્સપોના સુચારું આયોજન માટે જરૂરી દિશા નિર્દેશ આપ્યા હતા. જૂનાગઢમાં ઐતિહાસિક બહાઉદ્દીન કોલેજના મેદાનમાં આયોજિત થનાર એક્સપોમાં મિલેટ્સની ન્યુટ્રીશન વેલ્યુ એટલે આરોગ્યની દ્રષ્ટિએ થતા ફાયદાઓ લોકો જાણી શકશે. ઉપરાંત મિલેટ પાકોની જાતોનું નિદર્શન-વેચાણ અને તેની ખેતી પદ્ધતિ, કૃષિ સાહિત્ય વેચાણ અને મૂલ્યવર્ધન વિશેની જાણકારી પણ મળી રહેશે. આ મિલેટ એકસપોમાં પ્રાકૃતિક ખેતી પેદાશોનું પણ નિદર્શન કરવામાં આવશે. આ સાથે ગ્રામ્ય કારીગરોએ માટીકામથી તૈયાર કરેલી વસ્તુઓ નિહાળી શકવાની સાથે ખરીદી પણ કરી શકાશે. ઉપરાંત હાથ બનાવટની જુદી જુદી કલાત્મક ચીજ વસ્તુઓ, ઈમીટેશનની અવનવી વસ્તુઓ, આયુર્વેદિક પ્રોડકટસ વગેરેનું એક્સપોમાં નિદર્શન સાથે વેચાણ કરવામાં આવશે. આ એક્સપોમાં લોકોને ખેતીવાડી સહિતની વિવિધ યોજનાઓની પણ જાણકારી મળી રહેશે.

# જમીન અને ખોરાકને ઝેર મુક્ત બનાવવા માટે પ્રાકૃતિક ખેતી અપનાવીએ : જીલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઢુંમર

## ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને આત્મા પ્રોજેક્ટ જૂનાગઢ દ્વારા આયોજિત પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ અને પ્રદર્શન યોજાયું





જૂનાગઢ, તા.૨૭

જમીન અને ખોરાકને ઝેર મુક્ત બનાવવા માટે પ્રાકૃતિક ખેતી અપનાવી પડશે. પ્રાકૃતિક ખેતીથી ગાયના સંવર્ધન સાથે પરિવાર અને સમાજના આરોગ્યનું પણ જતન થશે. તેવી હિમાયત ખેડૂતોને સંબોધતા અને પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ-વ-પ્રદર્શનને ખુલ્લું મૂકતા જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઢુંમરે કરી હતી.

જૂનાગઢ શહેરના સરદારબાગ પાસેના લઘુ કૃષિ ભવન ખાતે આયોજિત ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને આત્મા પ્રોજેક્ટ જૂનાગઢ દ્વારા આયોજિત આ પરિસંવાદમાં ખેડૂત ભાઈઓ અને બહેનોને પ્રાકૃતિક ખેતી સંદર્ભે જરૂરી માર્ગદર્શન આપવાની સાથે તેની જરૂરિયાત અને મહત્વ વિશે વિગતવાર જાણકારી આપવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઢુંમરે જણાવ્યું કે, આપણા પૂર્વજો પ્રાકૃતિક ખેતી સાથે જોડાયેલા રહ્યા હતા, ત્યારે આજે રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના વધુ પડતા ઉપયોગને લઈ ખેતીના ક્ષેત્રમાં ઘણી મુશ્કેલીઓ ઊભી થઈ છે. રાસાયણિક ખેતીથી ઉત્પાદન ઘટવાની સાથે ઉત્પાદિત થતા પાક-શાકભાજી વગેરેની લોકોના આરોગ્ય પર વિપરીત અસરો થઈ છે. જેના પરિણામે કેન્સર જેવા ગંભીર રોગોનું પ્રમાણ વધતું જાય છે. મહામૂલી માનવ જિંદગી મળી છે ત્યારે, ઈશ્વરીયા વ્યવસ્થાઓ જાળવીને પ્રગતિ સાધી તે હિતાવહ છે. આરોગ્ય માટે હાનિકારક જંક ફુડ વગેરેથી દૂર રહીએ, મીલેટ્સ સાથેનો આપણો પરંપરાગત ખોરાક અપનાવીએ. તેમ પ્રમુખશ્રીએ જણાવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ અને જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાને પ્રાકૃતિક ખેત ઉત્પાદનોના પ્રદર્શન માટે રાખવામાં આવેલા સ્ટોલ્સની મુલાકાત કરી હતી. સાથે જ ખેડૂતો પાસેથી પ્રાકૃતિક કૃષિ સંદર્ભે ચર્ચા કરી હતી અને તેમને પ્રોત્સાહિત કર્યા હતા. આ પરિસંવાદમાં રાજ્ય પ્રાકૃતિક કૃષિ સંયોજક ડો.રમેશ સાવલિયાએ જમીન અને આરોગ્ય બચાવવા સાથે આપણા કુટુંબ અને આવનારી પેઢી માટે પ્રાકૃતિક કૃષિનો વારસો આપવા માટે ખેડૂતોને અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમ માટે જિલ્લા ખેતીવાડી અધિકારી વી. કે. ચૌહાણે પણ શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. આ કાર્યક્રમના ઉદ્‌ઘાટન સત્રમાં આત્મા પ્રોજેક્ટ જૂનાગઢના ડાયરેક્ટર શ્રી ડી.જી. રાઠોડે શાબ્દિક સ્વાગત કરતા મહાનુભાવો અને ખેડૂતોને આવકાર્ય હતા અને અંતમાં મદદનીશ ખેતી નિયામક ડી.ડી. ત્રાડાએ આભાર વિધિ કરી હતી.

આ પ્રસંગે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના નિવૃત્ત પ્રધ્યાપક ડો. વિરેન્દ્ર ભટ્ટ અને ગુરુકુળ વંથલીના નીલકંઠ ભગતે પ્રાકૃતિક કૃષિ સંદર્ભે જરૂરી માર્ગદર્શન આપવાની સાથે પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે પ્રેરિત કર્યા હતા. ઉપરાંત ખેડૂતોએ પણ પ્રાકૃતિક કૃષિ માટે મૂંઝવતા પ્રશ્નો રજૂ કર્યા હતા અને નિષ્ણાંત વક્તાઓએ તેનું સમાધાન આપ્યું હતું. આ પ્રસંગે સંયુક્ત ખેતીનિયામકશ્રીના પ્રતિનિધિ એમ.એમ. કાસુન્દ્રા, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વિસ્તર શિક્ષણ નિયામક એન.બી જાદવ, મદદનીશ ખેતી નિયામક મનિષ લાખાણી સહિતના અધિકારીઓ અને ખેડૂત ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ ન્યુ પરિમલ સ્કૂલના છાત્ર-છાત્રાઓ વિજ્ઞાન રેલીમાં જાગૃતિના સુત્રોચ્ચાર કરશે

## સવારે વિજ્ઞાન રેલી, સાંજે ચમત્કારોથી ચેતો જાગૃતિ કાર્યક્રમ

રાજકોટ, તા.૨૭

ભારત સરકારના વિજ્ઞાન પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા આવતીકાલ તા. ૨૮મી ફેબ્રુઆરીએ દેશભરમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઉજવણી કરવામાં આવે છે. લોકોમાં વૈજ્ઞાનિક મિજાજ કેળવાય, વિજ્ઞાન લોકભોગ્ય બને તેવા પ્રયાસો કરવામાં આવે છે. ભારત જન વિજ્ઞાન જાથાએ રાજયમાં જિલ્લા-તાલુકા મથકે અનેકવિધ કાર્યક્રમો અમલમાં મુકયા છે. રાજયમાં વિજ્ઞાનલક્ષી વિવિધ સ્પર્ધાઓ, અંધશ્રદ્ધા નિવારણ કાર્યક્રમ સાથે વિજ્ઞાન રેલીનું અદભુત આયોજન ગોઠવવામાં આવ્યું છે. માર્ગો ઉપર વિજ્ઞાનના સુત્રો બોલી લોકોનું ધ્યાન ખેંચવામાં આવશે. બુધવાર સવારે ૯ કલાકે કાલાવડ રોડ ઉપર ન્યુ પરિમલ સ્કૂલમાં ઈનામ વિતરણ સાથે વિજ્ઞાન રેલી અને સાંજે કર્મયોગા એકેડેમીમાં અંધશ્રદ્ધા નિવારણનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. દેશની પ્રગતિનો આધાર વિજ્ઞાન અભિગમ-દ્રષ્ટિકોણ, પુરુષાર્થ, વાસ્તવિક સાથે લોકો તર્કને પ્રાધાન્ય આપે તેવો હેતુ છે. ડો.સી. વી. રામનની રામન પ્રભાવની શોધ તેનો ખર્ચ માત્ર ૨૦૦ રૂા. થયો હતો જેને દેશ-વિદેશમાં ભારતને ખ્યાતિ અપાવી હતી. આવતીકાલ બુધવાર તા. ૨૮ મી એ સવારે ૯ કલાકે કાલાવડ રોડ, મામલતદાર કચેરીની પાછળના ભાગમાં આવેલ ન્યુ પરિલ સ્કૂલમાં પ્રારંભે રાજયકક્ષાના કાર્યક્રમનું ઉદઘાટન બાદ છાત્ર-છાત્રાઓ વિજ્ઞાન સુત્રો સાથે માર્ગો ઉપર નીકળી લોકોનું ધ્યાન ખેંચવાનો પ્રયત્ન કરશે. રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઉજવણીનો હેતુ સ્પષ્ટ કરશે. જેમાં અધિકારીઓ, પદાધિકારીઓ હાજરી આપશે. સ્કૂલના સંચાલક ચંદ્રકાન્ત મંડિર, બ્રિજેશભાઈ મંડિર, શ્રીમતિ અલ્પાબેન, શાળાના શિક્ષક ભાઈ-બહેનો, સંગીતકાર રમેશભાઈ વ્યાસ કાર્યક્રમનું સંચાલન કરશે અને કર્મયોગા એકેડેમીના બૌધ્ધિકભાઈ પારેખ, ઋચા ભગદેવ અને ડૉ. નિરવ ગણાત્રા જાગૃતિ કાર્યક્રમમાં લેવાના છે. આ કાર્યક્રમ સાંજે ૫ કલાકે રામ પાર્ક મેઈન રોડ કાલાવડ રોડ ખાતે યોજાવાનો છે.

જાથાના ચેરમેન-એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે દેશભરમાં જાથાની વાસ્તવિક કામગીરીના કારણે લોકપ્રિય સંસ્થા સાબિત થઈ છે. હવે પછી રાજયકક્ષાનું સંમેલન યોજી નવા સદસ્યોને અવાકારી તાલુકા-ગ્રામ્ય કક્ષાએ કામગીરી હાથમાં લેવાના છે.

રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઉજવણીમાં જાથાના જયંત પંડયાના વડપણ હેઠળ નાથાભાઈ પીપળીયા, પ્રમોદ પંડયા, દિનેશ હુંબલ, નિર્મળ મેત્રા, અશ્વિન કુગશીયા, નિર્ભય જોશી, વિનોદ વામજા, અંકલેશ ગોહિલ, ભાનુબેન ગોહિલ, ભક્તિબેન રાજગોર સહિત કાર્યકારો સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

# સુપાસી ખાતે આહીર અગ્રણી હીરાભાઈ જોટવાના આંગણે અખિલ ભારતીય આહીરાણી મહારાસ સ્મુતિમહોત્સવ -૨૦૨૪ યોજાયો

## આહીર સમાજના આહીરાણી મહારાસના આયોજકો, કલાકારો,મહારાસ લેનાર આહિરાણીઓ, આહીર સમાજના પત્રકારો, ડોકટરો, પ્રોફેસરો અને સમાજ શ્રેષ્ઠીઓના કરાયા સન્માન



સુપાસી, તા.૨૭

૨૩ ડિસેમ્બર ૨૦૨૩ના દિવસે દ્વારકાધીશના સાનિધ્યમાં દ્વારકા નગરી સ્થિત યોજાયેલ અખિલ ભારતીય આહીરાણી મહારાસના ભવ્ય અને સફળ આયોજનની નોંધ સમગ્ર વિશ્વમાં લેવાઈ છે. આહીર સમાજની નારી શક્તિના આ સફળ ભવ્ય આયોજનને બિરદાવવા માટે વિવિધ વિસ્તારોમાં કાર્યક્રમ યોજી તેની સફળતાને બિરદાવવામાં આવી રહી છે. ત્યારે ગુજરાત આહીર સમાજના પીઢ અગ્રણી અને ભામાશા તરીકે ની છાપ ધરાવતા હીરાભાઈ અરજણભાઈ જોટવાના પરિવાર દ્વારા ગીરસોમનાથ જિલ્લાના સુપાસી ખાતે અખિલ ભારતીય આહીરાણી મહારાસ સ્મુતિમહોત્સવ -૨૦૨૪ અને સન્માન કાર્યક્રમનુ ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમ માં ગીરસોમનાથ, જૂનાગઢ અને પોરબંદર જિલ્લાની નવ હજારથી વધુ બહેનોએ આહીરાણી મહારાસમાં ભાગ લીધો હતો તે મહારાસને સફળ બનાવવા ગુજરાતના દરેક જિલ્લા માંથી કમિટી મેમ્બર, કલાકારો, આયોજકો એ અથાક મહેનત કરી હતી તે તમામ મહારાસ સાથે જોડાયેલ લોકોને વિશાળ મેદની વચ્ચે સન્માનિત કરવામાં આવ્યા હતા સાથે ગીરસોમનાથ, જૂનાગઢ, પોરબંદર વિસ્તારના આહીર સમાજના પત્રકારો, ડોક્ટરો, અધ્યાપકોને સ્વ.અરજણભાઈ જીવાભાઈ જોટવા પરિવારના હીરાભાઈ, દેવશીભાઈ, નાગાજણભાઈ, હર્ષાબેન જોટવા દ્વારા સન્માનિત કરવામા આવ્યા હતા. આ તકે આ કાર્યક્રમમાં ભારતીય યાદવ મહાસભાના અધ્યક્ષ અને કેન્દ્રના ઓબીસી સંગઠનના પ્રમુખ ઈંદ્રજિતરાવ સહીત હરિયાણા, બિહાર, ઉત્તરપ્રદેશમાંથી યાદવ સમાજના [redacted] ખવા, રાજશીભાઈ જોટવા, વિક્રમભાઈ માડમ, ભીખુભાઈ વારોતરીયા, રાણામલભાઈ વારોતરીયા સહીત આહીર સમાજના અગ્ર હરોડના આગેવાનો સાધુ સંતો, પત્રકારો, ડોક્ટરો, પ્રોફેસરો અને સમગ્ર સૌરાષ્ટ્ર માંથી આહીર સમાજના આગેવાનો અને લોકો ખુબ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ તકે આહીર સમાજના પ્રમુખ જવાહરભાઈ ચાવડાએ નારી શક્તિ ને બિરદાવી [redacted] સમાજની કૃષ્ણ વંશની ઉજળી પરંપરા અને સંસ્કારોની યાદ આપાવી એક લોહીયા આહીરના સૂત્રને સાર્થક કરવા અને સમાજને પ્રગતિના પંથે જવાના આશીર્વાદ આપ્યા હતા.

ત્યારે સમગ્ર કાર્યક્રમના આયોજક એવા ભામાશા હીરાભાઈ જોટવા દ્વારા ઉપસ્થિત તમામ લોકોનો આભાર માની સાથે ભોજન પ્રસાદ લીધો હતો તો ઉપસ્થિત કલાકારો દ્વારા ફરી મહારાસના [redacted]

# મારવાડી યુનિવર્સિટીમાં એલ્યુમની મીટનો કાર્યક્રમ યોજાયો





(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૭

મોરબી રોડ પર આવેલી મારવાડી યુનિવર્સિટીમાં તારીખ ૨૪/૨/૨૦૨૪ ના રોજ એલ્યુમની મિટનો વાર્ષિક કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં રાજકોટ તેમજ અન્ય શહેરોમાંથી ભૂતકાળમાં મારવાડી યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ કે પીએચડી ની ડીગ્રી ધારણ કરેલા વિદ્યાર્થીઓએ બહુ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ એલ્યુમની મિટમાં આવેલા મારવાડી યુનિવર્સિટીના ભૂતકાળના વિદ્યાર્થીઓએ પોતાના જૂના મિત્રોને મળી જૂની યાદો તાજી કરી હતી. ઉપરાંત કેમ્પસમાં યોજવામાં આવેલ વિવિધ કાર્યક્રમો જેવા કે પ્રોફેસર સાથેની મીટીંગ, ફૂડ સ્ટોલની મુલાકાત, તેમજ કલ્ચરલ પ્રોગ્રામ ની સાથે ગરબાની રમઝટ પણ માણી હતી. તદુપરાંત પોતાની ખૂબ જ સારી કારકિર્દી બનાવી હોય તેવા યુનિવર્સિટીના જૂના વિદ્યાર્થીઓનું યુનિવર્સિટી દ્વારા એવોર્ડ દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# કોંગ્રેસની લાચારી : ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસ, સપાએ હાથ મીલાવ્યો

ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટી સાથે અને દિલ્હીમાં આમ આદમી પાર્ટી સાથે કોંગ્રેસની લોકસભા ચૂંટણી માટે સમજૂતી થઈ ગઈ તેનાથી તે ખુશ હશે. આ સમજૂતી અંતર્ગત દિલ્હીમાં આમ આદમી પાર્ટી ચાર અને કોંગ્રેસ ત્રણ સીટો પર મળીને ચૂંટણી લડશે. એનાથી એ જ સ્પષ્ટ થયું કે કોંગ્રેસે દિલ્હીમાં આપને મોટો પક્ષ માની લીધો. આ બંને પક્ષ હરિયાણા, ગુજરાત અને ગોવામાં પણ સાથે મળીને ચૂંટણી લડવા સહમત છે, પરંતુ એ ઉલ્લેખનીય છે કે પંજાબમાં કોઈ સમજૂતી ન થઈ શકી. તેનો મતલબ છે કે પંજાબમાં બંને પક્ષો એકબીજાને હરાવવાનું કામક રચશે અને દિલ્હી અને કેટલાક બીજા રાજ્યોમાં એકબીજાને જીતાડવાનું! આ વિચિત્ર સ્થિતિ કોંગ્રેસની લાચારી જ દર્શાવે છે. તે આ લાચારીનો પરિચય પહેલાં પણ આપી ચૂકી છે. તે બંગાળમાં ડાબેરીઓ સાથે મળીને ચૂંટણી લડી ચૂકી છે અને કેરળમાં તેમના વિરુદ્ઘ! આ વખતે પણ બંગાળ અને કેરળમાં એ જ થવાનું છે, કારણ કે કેરળના ડાબેરી નેતા કોંગ્રેસ સાથે સમજૂતી કરવા તૈયાર નથી. આખરે ગઠબંધનની આ કેવી રાજીનીતિ છે કે બે પક્ષો ક્યાંક સાથે મળીને ચૂંટણી લડે છે તો ક્યાંક એકબીજા વિરુદ્ઘ લડે છે!

ઉત્તર પ્રદેશમાં પણ કોંગ્રેસ જે રીતે ૮૦માંથી માત્ર ૧૭ બેઠકો પર ચૂંટણી લડવા સહમત થઈ ગઈ, તેનાથી પણ તેની લાચારી જ દેખાય છે. એક સમયે જે ઉત્તર પ્રદેશ કોંગ્રેસનો ગઢ હતો, ત્યાં તે ગઠબંધનના નામે જે રીતે પોતાની રાજકીય જમીન છોડવા તૈયાર થઈ, તેનાથી તે પોતાનો જનાધાર વધુ ગુમાવશે. એવા ગઠબંધન કરીને અને આ ક્રમમાં પ્રાદેશિક પક્ષોને મોટાભાઈનો દરજ્જો આપીને તે અન્ય રાજ્યોમાં પણ પોતાનો જનાધાર ગુમાવી ચૂકી છે. લાગે છે કે કોંગ્રેસનો એકમાત્ર ઉદેશ્ય ગમે તે કરીને પાછલી બે લોકસભા ચૂંટણીઓ કરતાં થોડી વધુ સીટો જીતી લેવા માત્રનો છે, નહિ કે પોતાના ગઠબંધન દ્વારા ભાજપના નેતૃત્વવાળા એનડીએને કોઈ ઠોસ પડકાર આપવાનો. જો કોંગ્રેસ એ સમજી રહી છે કે સપા અને આપ સમજૂતી કરીને તે વિપક્ષી ગઠબંધનને એક શક્તિશાળી ગઠબંધન રૂપે રજૂ કરવામાં સફળ થઈ જશે તો તેના અણસાર ઓછા જ છે. એ જોવું દયનીય છે કે જ્યારે કોંગ્રેસે એક રાષ્ટ્રીય પક્ષ તરીકે પોતાની મજબૂતી બનાવી રાખવાના પ્રયત્ન કરવા જોઇએ, ત્યારે તે સીમિત લ-ય ધરાવતી થઈ ગઈ છે. એનાથી તેની રાજકીય હેસિયત વધુ ઘટી જવાની છે. કોંગ્રેસ ભલે ગમે તે દાવા કરે, તેણે સપા એ આપ સાથે જેવી સમજૂતી કરી છે તેનાથી વિપક્ષી ગઠબંધનને કોઈ રાષ્ટ્રીય સ્વરૂપ મળવાનું નથી. જો આ ગઠબંધન બનતાં પહેલાં જ તૂટવા લાગ્યું છે તો તેના માટે ઘટક પક્ષો સાથે કોંગ્રેસ પણ જવાબદાર છે, જેણે સીટોની વહેંચણીને બદલે રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રાને વધુ પ્રાથમિકતા આપી.

# ખેડૂતના હિતમાં રાજ્ય સરકારનો વધુ એક મહત્વનો નિર્ણય

ગાંધીનગર,તા.૨૭

ગુજરાતના ખેડૂતોની આવક બમણી કરવાની સાથે સાથે પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની નેતૃત્વવાળી રાજ્ય સતત કાર્યરત છે. જેના ભાગરૂપે રવી માર્કેટિંગ સીઝન ૨૦૨૪-૨૫ માટે રાજ્ય નાગરીક પુરવઠા નિગમ દ્વારા ઘઉં પ્રતિ ક્વિન્ટલ -રૂ. ૨૨૭૫/-,બાજરી પ્રતિ ક્વિન્ટલ - રૂ.૨૫૦૦/-,જુવાર (હાઈબ્રીડ) પ્રતિ ક્વિન્ટલ - રૂ. ૩૧૮૦/-,જુવાર (માલદંડી) પ્રતિ ક્વિન્ટલ – રૂ.૩૨૨૫/- જ્યારે મકાઈ માટે પ્રતિ ક્વિન્ટલ –રૂ.૨૦૯૦/-ના દરે લઘુત્તમ ટેકાના ભાવથી ખેડૂતો પાસેથી સીધી ખરીદવાનો રાજ્ય સરકારનો વધુ એક મહત્વનો નિર્ણય લીધો છે તેમ,અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ આજે ગાંધીનગર ખાતે મીડીયાને વિગતો આપતાં જણાવ્યું હતું.

મંત્રી શ્રી કુંવરજીભાઇએ વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા આ પોષણક્ષમ ભાવો નિયત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ખેડૂતોને પ્રોત્સાહન મળી રહે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા ઉનાળુ બાજરી તથા જુવારની ખરીદી માટે પ્રતિ ક્વિન્ટલ રૂ.૩૦૦/- બોનસ પણ જાહેર કરવામાં આવ્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરેલ લઘુત્તમ ટેકાના ભાવે વેચાણ કરવાની ઈચ્છા ધરાવતા ખેડૂતોએ રાજ્ય સરકારના FPP - (Farmers Procurement Portal) પોર્ટલ પર ફરજીયાત ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે. આ માટે ખેડૂતો મિત્રો આવતીકાલે એટલે કે તા.૨૭/૦૨ થી ૩૧ માર્ચ ૨૦૨૪ સુધી ગ્રામીણ કક્ષાએ ફઝઈ મારફતે તેમજ તાલુકા કક્ષાએ નાગરિક પુરવઠા નિગમના ગોડાઉનો ખાતે ઓનલાઈન નોંધણી કરાવી શકશે.રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી આગામી તા.૧૫ માર્ચ ૨૦૨૪થી કુલ ૧૯૬ ખરીદ કેન્દ્રો-ગોડાઉન પરથી ખરીદી કરવામાં આવશે. મંત્રીશ્રીએ કહ્યું હતું કે,ખેડૂતોએ નોંધણી માટે આધારકાર્ડની નકલ,ગામ નમૂના ૭-૧૨ તથા ૮-અ ની અદ્યતન નકલ, ગામ નમૂના ૧૨ માં પાક વાવણી અંગેની નોંધ ન થઈ હોય તો, પાકની વાવણી અંગેનો તલાટીના સહી સિક્કા સાથેનો તાજેતરનો દાખલો તેમજ ખાતેદારના બેંક પાસબુકના પ્રથમ પાનાની નકલ અથવા કેન્સલ કરેલ ચેકની નકલ જેવા નિયત કરેલા આધાર- પુરાવા રજૂ કરવાના રહેશે.ખેડૂત ખાતેદારના આધારકાર્ડ સાથેના બાયોમેટ્રિક ઓથોન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદ કરવામાં આવશે તેમ,પણ તેમણે ઉમેર્યું હતું.

# આવતીકાલે ૨૮મી ફેબ્રુઆરી એટલે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ

## વિજ્ઞાન જાથા દ્વારા રાજયભરમાં જીલ્લા - તાલુકા કક્ષાએ વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનું આયોજન



આવતીકાલે ૨૮ મી ફેબ્રુઆરી રાષ્ટ્રીય વિજ્ઞાન દિન ઉજવણી પરિચય વિજ્ઞાન જાથાનું રાજયભરમાં જિલ્લા-તાલુકા કક્ષાએ વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનું આ યોજન રાજયકક્ષાનો કાર્યક્રમ ન્યુ પરિમલ સ્કૂલમાં યોજાશે

આવતીકાલે તા.૨૮મી ફેબ્રુઆરીએ ભારત સરકાર દ્વારા પ્રતિ વર્ષ દેશભરમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિન(**National Science Day**) તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે ઈ.સ. ૧૯૨૮ માં રામન પ્રભાવની શોધ થઈ હતી. આ શોધ માટે ૧૯૩૦ માં ડો. સી. વી. રામનને નોબલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. ભારતમાં જ સંશોધન કાર્ય કરીને નોબલ પુરસ્કાર મેળવનાર ડો. રામન એકમાત્ર ભારતીય વૈજ્ઞાનિક છે. રાષ્ટ્રીય વિજ્ઞાન દિન તરીકે ઉજવવા પાછળનો મુળભુત હેતુ ભારતમાં વિજ્ઞાન અને ભારતીય વૈજ્ઞાનિકોનું રાષ્ટ્રીય ધ્યાન કેન્દ્રિત કરવાનો છે. આપણા રાષ્ટ્રના ઘડતરમાં વિજ્ઞાન અને વૈજ્ઞાનિકોનો રોલ અને અગત્યતા વધારવા માટે દેશભરમાં વિજ્ઞાન દિનની ઉજવણીની ખાસ જરૂર છે. રાષ્ટ્રીય વિજ્ઞાન દિન તરીકે ૨૮ મી ફેબ્રુઆરીનું નામાભિકરણ અને ઉજવણી પાછળ ડો. રામનની મહાન વૈજ્ઞાનિક સિદ્ધિની કેવળ શિષ્ટાચાર અને સમારંભ કરતાં પણ વિશેષ મહત્વ છે. દેશના મહત્વના પ્રશ્નોના ઉકેલ શોધવા, બીજા દેશોની હરોળ ભારતને અગ્રીમતા આપવી, વિદેશી ટેકનોલોજી આયાત કરીને ભારતને અનુરૂપ ટેકનોલોજીમાં પરિવર્તન કરવા અને બીજી કેટલીક રાષ્ટ્રીય મહત્વાકાંક્ષાઓ પૂર્ણ કરવા ભારતીય વિજ્ઞાનીઓની ફરજ થઈ પડે છે. આ માટે પણ રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઉજવણી અતિ જરૂરી છે. ડો. સી. વી. રામન "રામન પ્રભાવ"ની શોધ માટે તેમણે બનાવેલ સાધનનો ખર્ચ માત્ર રૂા.૨૦૦/- (બસ્સો) થયો હતો. પરંતુ તેના દ્વારા વિજ્ઞાનની એક નવી દિશા ખુલી. સમગ્ર વિશ્વમાં આ શોધ દ્વારા ગૌરવ પ્રાપ્ત થયું તેની જાહેરાત સૌપ્રથમ ૨૮-૦૨-૧૯૨૮માં થઈ હોય આ શોધને સન્માનિત કરીને સાથોસાથ આ દિવસ સમગ્ર સમાજમાં વૈજ્ઞાનિક અભિગમ - દ્રષ્ટિકોણ કેળવાય તેમજ અંધશ્રદ્ધા દૂર કરવા જાગૃતિ માટેનો દિવસ છે. ડો. રામનને બાળકો, વિદ્યાર્થીઓમાં અતિ રૂચિના કારણે પ્રાથમિક શાળામાંથી વિજ્ઞાનને મહત્વ આપી વૈજ્ઞાનિક લાગણીને કારણે વિજ્ઞાનને કાર્યક્રમો યોજવા સંબંધી શોધની જાહેરાતની તારીખ પસંદ કરવામાં આવી હતી.

### ડો. ચંદ્રશેખર વેંકટ રામન : એક બહુમુખી પ્રતિભા

ડો. રામનનો જન્મ ૭ મી નવેમ્બર, ૧૮૮૮ માં તામિલનાડુમાં ત્રિચિનાપલ્લી પાસે ધિરૂવનાઈકકાવલના નાનકડા ગામમાં થયો હતો. તેમનું જીવન નાનપણથી વિજ્ઞાન રૂચિના કારણે સંશોધન, પ્રત્યેક ઘટનાનું બારીકાઈથી પરિક્ષણ કરતાં સૂક્ષ્મ બુદ્ધિ અને એકાગ્રતાથીએ સમજવા પ્રયત્ન કરતાં. સંશોધન, સાહસિક વૃત્તિને કારણે ટોચના સ્થાને પહોંચી ગયા. બ્રોન નામના વૈજ્ઞાનિકે કહ્યું કે ડો. રામનની હરોળમાં બેસી શકે એવો ભૌતિકશાસ્ત્રી બીજો કોઈ નથી. પૃથ્વીનું સાચું તત્વ, રામન અસર શોધનો પ્રારંભ ઈ.સ. ૧૯૨૧ માં થયો તે શોધ પૂર્ણ થઈ ઈ.સ. ૧૯૨૮ માં એ શોધ ઈન્ડિયન જર્નલ ઓફ ફિઝીકલ કલકત્તામાં સર્વ પ્રથમ પ્રકાશિત કરી હતી. વિધિસર ઘોષણા ૧૯૩૦ માં કરી હતી. તે સમયે કલકત્તા યુનિ.માં ભૌતિક વિજ્ઞાનની અપ્રતિમ પ્રગતિ થઈ હતી. ઈ.સ. ૧૯૨૮માં ઈટાલીના સાયન્સ એસોસીએશને, ડો. રામનને મેપ્પુસી પદક આપ્યું. ઈ.સ. ૧૯૨૯ માં બ્રિટીશ સરકારે સરનો ખિતાબ આપ્યો. ઈ.સ. ૧૯૩૦માં સ્વીઝલેન્ડની જયુરીની ભૌતિક વિજ્ઞાનપદે એમને ફેલો બનાવ્યા. અમેરિકાની ફેંકલીન ઈન્સ્ટીટયુટે એમને ફેક્લીન પદકથી વિભૂષિત કર્યા. રામનની બધી જ શોધો માનવીનું કલ્યાણ કરે તેવી હતી. ઈ.સ.૧૯૫૮ માં રશિયન સરકારે એમને લેનીન પુરસ્કાર આપીને એમનું ગૌરવ વધાર્યું હતું. રચનાત્મક અભિગમ કાયમ રહ્યો. તેમનો જીવનદિપ ૨૧ નવેમ્બર ૧૯૭૦ માં બુજાયો. ડો. રામનને સાચી શ્રદ્ધાંજલિ અંધશ્રદ્ધા નાબુદ થાય તે માટે ભારત જન વિજ્ઞાન જાથા રાજયમાં અનેકવિધ વિજ્ઞાનલક્ષી કાર્યક્રમો આપી, વાસ્તવમાં પ્રચાર માધ્યમની મદદથી મહંદ અંશે સફળતા મેળવે તે હેતુથી વિજ્ઞાન કાર્યક્રમોનું અયયોજન કર્યુ છે. નાના-મોટા સહુના ટેકાથી રાજયભરમાં આયોજન કરવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગે દેશભરમાં પુરસ્કૃત કરી કાર્યક્રમોને પ્રોત્સાહન આપ્યું છે. ભાવિ પેઢીને દિશા આપનારો કાર્યક્રમ હોય સ્વયંભુ વિજ્ઞાન પ્રચાર-પ્રસાર સાથે અંધશ્રદ્ધા નાબુદી માટે બીડું ઝડપે તેવી આશા રાખીએ છીએ. ભારત જન વિજ્ઞાન જાથા રાજયમાં જુન ૧૯૯૨ માં કલેકટર કચેરીમાં જાથાની રચના કરી ત્યારથી કાર્યરત છે. શાળા, કોલેજો, નાના-મોટા નગરોમાં લોકચળવળથી જનજાગૃતિના કાર્યક્રમો આપે છે. રાજયની ૧૬ શાખાઓ અને મુખ્ય ઓફિસની મદદથી જુન ૧૯૯૨ થી ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધીમાં દસ હજારથી વધુ ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમો આપી અગ્રેસર છે. રાજય, દેશ, વિદેશમાં 'જાથા' તરીકે લોકહૃદયમાં સ્થાન લીધું છે. દોરા-ધાગા, મંત્ર, તંત્રના નામે છેતરપિંડી કરનારા ૧૨૪૫ ધતિંગબાજોને નૈતિક પડકાર આપી જનસમાજ સમક્ષ ખુલ્લા પાડયા છે. જાથાની તટસ્થતાની આગવી ઓળખ છે. જાથા માનવ ધર્મ, રાષ્ટ્રીય ધર્મના પ્રણેતા છે. ડો. સી. વી. રામને પોતાનું જીવન સમર્પણ વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી કરી ભારત દેશને અમૂલ્ય ભેટો આપી છે. પરંતુ અંધશ્રદ્ધા, દોરા-ધાગા, મંત્ર-તંત્ર વિગેરે જેવા અવૈજ્ઞાનિક અભિગમો સમાજમાં પ્રવર્તમાન હોવાથી વૈજ્ઞાનિક પ્રગતિ અવરોધાય છે તેને દૂર કરવાનું એકમાત્ર લક્ષ્ય જાથા રાખે છે. તેમાં સૌનો સહકાર ઈચ્છે છે. રાજયકક્ષાનો કાર્યક્રમ રાજકોટ કાલાવડ રોડ ન્યુ પરિમલ સ્કૂલમાં વિજ્ઞાન રેલીના આયોજનથી કરવામાં આવશે. રાજમાર્ગો ઉપર વિજ્ઞાન આવે ભુત ભાગે, વિજ્ઞાન આવે સમૃદ્ધિ લાવે, ભુત-ભુવા ને ડાકલા ત્રણેય તુતે તુતના સુત્રોચ્ચાર કરી વૈજ્ઞાનિક મિજાજ કેળવવાનો પ્રયત્ન કરવામાં આવશે. જિલ્લા, તાલુકા મથકે સ્થાનિક શુભેચ્છકો, શાળાઓની મદદથી વિજ્ઞાન નિબંધ, ચિત્ર અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરી સામાજિક ચેતનાનું કાર્ય કરવામાં આવશે. જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાનો અભિગમમાં સામાન્ય માણસ ગણિત, વિજ્ઞાનમાં રસ કેળવે તે હેતુ છે. વિજ્ઞાનનો વ્યકિત સ્પષ્ટ વિચારધારાવાળો હોવો જોઈએ. પોતે જે બોલે છે તેનું આચરણ કરે છે તે બાબતે ધ્યાનમાં લેવામાં આવે છે. અંતમાં ડો. સી. વી. રામનની "રામન પ્રભાવ" ની શોધ સાથે અત્યાર સુધી દેશ-વિદેશમાં વૈજ્ઞાનિકોએ કરેલ અનેરી સિદ્ધિ શોધથી આમજનતા, છાત્ર-છાત્રાઓ માહિતગાર થાય તેથી રાજયભરમાં જિલ્લા-તાલુકા મથકે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આલેખન : જયંત પંડયા(એડવોકેટ), રાજય ચેરમેન જાથા, રાજકોટ/અમદાવાદ.

# લોકલ ટ્રેનોમાં વસૂલવામાં આવતા મેલ એક્સપ્રેસના ભાડાને બંધ કરવા વડાપ્રધાનને કરાઈ રજૂઆત

જૂનાગઢ, તા.૨૭

લોકલ ટ્રેનોમાં વસૂલાતા મેલ એક્સપ્રેસના ભાડા ન વસૂલાવામાં આવે તેવી ડીઆરયુસીસીના મેમ્બરે વડાપ્રધાન મોદીને લેખિતમાં રજૂઆત કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લેખિતમાં રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, કોરોનાના સમયગાળા પહેલાં આપણા દેશમાં લોકલ મેમુ ડેમુ ટ્રેનો દોડતી હતી. આ ટ્રેનોનો ઉપયોગ મોટાભાગે નાના ગામડાના ગરીબ ખેડૂતો અને નોકરિયાતો, ગરીબ લોકો કરતા હતા અને તેમના માટે લોકલ ટ્રેન આશીર્વાદ સમાન હતી, ત્યારબાદ દેશમાં કોરોનાનો રોગચાળો ફાટી નીકળ્યો હતો આ રોગને કાબૂમાં લેવા માટે ટ્રેનોને સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવી હતી પછી રોગચાળો કાબૂમાં આવતા ધીમે-ધીમે ટ્રેનો શરૂ કરવામાં આવી. રેલવે દ્વારા લાદવામાં આવેલા નિયંત્રણો હટાવ્યા બાદ અને તે સમયે વિશેષ ભાડા શરૂ થયા પછી પણ મેમુ ડેમો અને લોકલ ટ્રેનો તમામ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, પરંતુ આ ટ્રેનોમાં વસૂલવામાં આવતું મેલ એક્સપ્રેસનું ભાડું આજે પણ વસૂલવામાં આવે છે. તે ગામના ગરીબ લોકો અને ખેડૂતો માટે ખૂબ જ ખર્ચાળ છે, સિનિયર સિટીઝનોને તેમજ સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત પત્રકારોને કન્સેશન ભાડામાં મુસાફરી કરવાની સવલત આપવામાં આવતી હતી તે કોરોના કાળ દરમ્યાન બંધ કરવામાં આવી હતી. જે વ્યવસ્થા ફરીથી લાગુ થાય અને સિનિયર સિટીઝન તેમજ પત્રકારોને પહેલાની જેમ કન્સેશન દરે રેલવેમાં મુસાફરી કરવા દેવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જે અસત્ય બોલે છે તે પાપની ખાણ છે, જે સત્ય બોલે છે તેની પાસે સુખ ઉમટીને આવે છે.

- સંત તુકારામ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.મેહેર-૧૩૯૩, મુ. શાબાન-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, મહા વદ-૩ શ્રી મોઢેશ્વરી માતાજીનો પ્રાગટ્યોત્સવ (મોઢેરા) તા.૨૭ ફેબ્રુઆરી ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૧૬, મુસ્લિમ તા.૧૬, હસ્ત નક્ષત્ર, શૂળ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૭:૧૭, સૂ.અ.૬:૫૨

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: મહત્વના કાર્યમાં સફળતા મળે. ગૃહજીવનમાં ઘર્ષણ થવા સંભવ છે.
વૃષભ:નાણાંભીડ હળવી બને. નવિન શુભ સમાચાર મળે.
મિથુન:માનસિક પ્રસન્નતાનો અનુભવ થાય. પ્રવાસમાં સફળતા મળે.
કર્ક: વિશ્વાસે વહાણ ન ચલાવવું. અપયશના ભોગ બનવું પડે.
સિંહ: કાર્યોમાં અટકી-અટકીને સફળતા મળે. આર્થિક પરિસ્થિતિ ગુંચવાશે.
કન્યા: જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. તમારા પ્રયત્નો ફળે.
તુલા: ધીરજની કસોટી થાય. મનમાં ઉગ્રતા રહે.
વૃશ્ચિક:અગત્યના કામમાં રૂકાવટ આવે. નાણાંભીડ ઉદ્ભવે.
ધન: ઘરમાં વાદ-વિવાદના પ્રશ્ન બને. પ્રયત્નો વિલંબથી ફળે.
મકર: આરોગ્ય બાબતે ચિંતા રહે. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.
કુંભ: ચિંતાનો ઉકેલ મળે. નાણાંકીય સમસ્યા હળવી બને.
મીન: પુરુષાર્થ પછી યોગ્ય ફળ મળે. પડવા-વાગવાથી સંભાળવું.

# યુરોપિયન દેશોમાં સિટિઝનશિપ-નોકરીની લાલચ આપી છેતરપિંડી

નવી દિલ્હી, તા.૨૭

ગેરકાયદેસર રીતે ચાલતી કબુતરબાજી પર સરકારની કાર્યવાહી કરતા હવે એજન્ટોએ યુરોપિયન દેશો અને કેનેડા સહિતના દેશોમાં કાયમી સીટીઝનશીપ અને નોકરીની ઓફર આપીને લાખો રૂપિયા ખંખેરવાનું શરૂ કર્યું છે. સૌથી મહત્વની વાત એ છે કે યુરોપિયન દેશોમાં વિઝા પ્રોસેસ સરળ હોવા છતાંય નાના શહેરોમાં રહેતા યુવકોને ગેરમાર્ગે દોરીને નાણાં પડાવવામાં આવી રહ્યા છે. ત્યારે આ અંગે સીઆઈડી ક્રાઈમના અધિકારીઓને કેટલાંક એજન્ટો અંગે માહિતી મળી છે. જેના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે. અમેરિકામાં ગેરકાયદેસર રીતે પ્રવેશ મેળવવા માટે ચાલતી કબુતરબાજીનો મોટાપ્રમાણમાં પર્દાફાશ થવાની સાથે અનેક એજન્ટો ભૂગર્ભમાં ઉતરી ગયા છે. જ્યારે અમેરિકા મોકલવા માટેનો ગેરકાયદેસર કારાબોર કરતા એજન્ટોએ ગ્રામ્ય વિસ્તારના લોકોને યુરોપિયન દેશોમાં કાયમી નાગરિકતા અને નોકરીની ખાતરી આપીને વિઝા તેમજ અન્ય પ્રોસેસના નામે લાખો રૂપિયા વસુલવાનું શરૂ કર્યું છે. જેમાં ઓસ્ટ્રિયા, ડેનમાર્ક, ફિનલેન્ડ, ફ્રાન્સ, જર્મની, હંગેરી, ઈટાલી, પોર્ટગલ સહિતના યુરોપિયન દેશો તેમજ યુ. કે અને કેનેડા જેવા દેશો માટે એજન્ટોએ નવી છેતરપિંડી શરૂ કરી છે.

સામાન્ય રીતે યુરોપિયન અને અન્ય દેશોની વિઝા પ્રક્રિયા અમેરિકા કરતા સરળ છે અને ત્યાં નોકરી તેમજ કાયમી નાગરિકતા પણ સામાન્ય શરતો સાથે મળે છે. જે બાબતે મોટા શહેરોના લોકો જાગૃત છે. પરંતુ, નાના શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં યુવાનોને ખાસ જાણકારી ન હોવાની વાતનો ગેરલાભ ઉઠાવીને એજન્ટો નોકરીની ગેરંટી આપીને અમેરિકાના બદલે યુરોપિયન દેશોમાંસારી તક હોવાનું કહીને ૫૦ લાખ રૂપિયા સુધીની ઉઘરાણી કરવામાં આવે છે. ખાસ કરીને ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના નાના શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં રહેતા યુવકોને ટારગેટ કરવામાં આવે છે. જેમાં કેટલાંક યુવાનોને ફિનલન્ડ અને ડેનમાર્ક પહોંચ્યા બાદ એજન્ટે વધારે નાણાં ઉઘરાવ્યાનું જાણવા મળ્યું હતું. આ અંગે સીઆઇડી ક્રાઈમને પણ લીડ મળી છે. જેના તપાસ કરવામાં આવી રહી છે.

આ અંગે એક ઉચ્ચ અધિકારીએ જણાવ્યું કે અમેરિકાના વિઝા કૌભાંડને લઈને હજુપણ તપાસ ચાલી રહી છે. તે દરમિયાન યુરોપના દેશોમા મોકલીને છેતરપિંડી કરવામાં આવે છે. જેને લઈને આગામી સમયમાં મોટો ખુલાસો થવાની શક્યતા છે. યુરોપિયન દેશો સહિત કુલ ૧૬ જેટલા દેશોની સરકાર વતી સત્તાવાર રીતે વિઝાની કામગીરી કરતા વીએસએફ ગ્લોબલ સૌમિક મિત્રએ જણાવ્યું કે અમેરિકામાં સીટીઝનશીપ અને વર્ક પરમીટની પ્રક્રિયા જટીલ હોવાથી ભારતમાંથી અન્ય દેશોમાં નોકરી અને અભ્યાસનો ક્રેઝ વધ્યો છે. જેના કારણે માત્ર ગુજરાતમાંથી જ કોવિડની સ્થિતિ બાદ વિઝા અરજીમાં ૩૨ ટકાનો વધારો નોંધાયો છે. જેનો લાભ કેટલાંક લેભાગુ તત્વો લઈ રહ્યા છે. જેથી હંમેશા પ્રમાણિત એજન્સી અને સરકારના નિયમો મુજબ વિઝા પ્રોસેસ કરવી જોઈએ. જેથી છેતરપિંડીનો ભોગ બનતા અટકી શકાય. બીજી સૌથી મહત્વની બાબત એ છે કે કોઈ એજન્ટ કે એજન્સી સત્તાવાર રીતે કોઈને વિઝા અપાવવાની સત્તા ધરાવતા નથી. જેથી ચેતીને વિઝા પ્રક્રિયા કરવી જરૂરી છે.

# ગઝલ ગાયક પદ્મશ્રી પંકજ ઉધાસનું ૭૨ વર્ષની વયે નિધન

## ગુજરાતના જેતપુરમાં જન્મેલા ગાયક પંકજ ઉધાસે મુંબઈની બ્રિચ કેન્ડી હોસ્પિટલમાં છેલ્લા શ્વાસ લીધા

મુંબઈ, તા.૨૭

બોલિવૂડના પ્રખ્યાત ગઝલ ગાયક પંકજ ઉધાસનું ૭૨ વર્ષની ઉંમરે નિધન થયું છે. તેમની પુત્રી નાયાબ ઉદાસે પિતાની નિધનની માહિતી આપી છે. નાયાબે એક પોસ્ટ લખ્યું છે કે, 'હું તમને બધાને ખૂબ દુ:ખ સાથે જણાવી રહી છું કે, પદ્મશ્રી પંકજ ઉધાસનું ૨૬ ફેબ્રુઆરી-૨૦૨૪ના રોજ નિધન થ છે. તેઓ લાંબા સમયથી બિમાર હતા.'

પંકજ ઉધાસના પીઆરએ જણાવ્યું કે, તેમનું ગઈકાલે સવારે ૧૧.૦૦ કલાકે બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં નિધન થયું હતું. તેઓ લાંબા સમયથી બિમાર હતા. ઘણા દિવસોથી તેમની તબિયત લથડી હતી. સંગીત કલાકારના નિધનના અહેવાલો સામે આવતા જ બોલિવૂડ જગત સહિત તેમના ચાલકોને પણ આઘાત લાખ્યો છે.

તમામ લોકો સોશિયલ મીડિયા પર સંગીતકારને આખરી શ્રદ્ધાંજલી આપી રહ્યા છે.

પંકજ ઉધાસનો જન્મ ૧૭ મે, ૧૯૫૧ના રોજ ગુજરાતના જેતપુરમાં થયો હતો. તેઓ એક પ્રખ્યાત ગાયક હતા અને તેમણે દેશ સહિત વિશ્વભરમાં પણ નામના મેળવી છે.

ઉધાસે ૧૯૮૦ના દાયકામાં તેમના કરિયરની શરૂઆત કરી હતી તેમના કેટલાક સૌથી પ્રખ્યાત ગીતોમાં 'ચિઠ્ઠી આઈ હૈ', 'ચિત્કારા', મેં તો કહી દીયા', 'તુજે દેખા તો યે જાના સનમ' અને 'જિંદગી કા સફર'નો સમાવેશ થાય છે. ઉધાસે ફિલ્મો માટે પણ ઘણા ગીતો ગાયા છે, જેમાં 'મિર્ચ મસાલા', 'સરદાર' અને 'દિલ કા રીશતા'નો સમાવેશ થાય છે.

તેઓ એક સફળ અભિનેતા પણ હતા. તેમણે ઘણી ગુજરાતી, હિન્દી ફિલ્મો, ટેલિવિઝન શોમાં અભિનય કર્યો હતો.

ઉધાસને તેમના અભિનય માટે અનેક પુરસ્કારો પણ મળ્યા છે. પંકજ ઉધાસ ભારતીય સંગીત ઉદ્યોગના સૌથી પ્રિય અને આદરણીય કલાકારોમાંના એક છે. તેમની પ્રતિભા અને સિદ્ધિઓને હંમેશા યાદ કરવામાં આવશે.

# પરીક્ષાખંડમાં મોબાઈલ-સ્માર્ટ વોચ લાવશો તો પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૨૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં થતી ગેરરીતિ બદલ થનારી સજાનું કોષ્ટક જાહેર કરવામાં આવ્યું છે. છે. વિદ્યાર્થીઓ દ્વારા પરીક્ષા સમયે આચરાતી કુલ ૩૩ ગેરરીતિની યાદી અને તે બદલ સજાની જોગવાઈ જાહેર કરાઈ છે. જેમાં પાંચ ગેરરીતિ બદલ પોલીસ ફરિયાદની જોગવાઈ કરાઈ છે. સૌથી મહત્વની બાબત છે કે, દર વર્ષે અંદાજે ૧૫થી વધુ વિદ્યાર્થીઓ મોબાઈલ ફોન સાથે ઝડપાતાં નિયમ મુજબ પ્રથમ દષ્ટીએ જ તેમની સામે ગુનો દાખલ થાય છે. જેથી બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓને અપીલ કરવામાં આવી છે કે, ભૂલથી પણ પરીક્ષાખંડમાં મોબાઈલ ફોન અથવા સ્માર્ટ વોચ લાવશો તો પણ પોલીસ ફરિયાદ થશે.

વિદ્યાર્થીઓની ગેરરીતિમાં જ્યાં પોલીસ ફરિયાદની જોગવાઈ કરાઈ છે એમાં જવાબવહી ખંડ નિરીક્ષકને સોંપવામાં ન આવે, ડમી વિદ્યાર્થીને બેસાડવામાં આવ્યો હોય, ઉમેદવાર વર્ગખંડમાં મોબાઈલ ફોન અથવા અન્ય પ્રતિબંધિત ઉપરકરણો જેવા કે કેમેરાવાળી ઘડિયા, સ્માર્ટ વોચ, કેમેરાવાળું કેલ્ક્યુલેટર, સાયન્ટિફિક કેલ્ક્યુલેટર વગેરે લાવ્યો હોય, પરીક્ષાર્થીને વોટ્સએપ, ઈ-મેઈલ, સોશિયલ મીડિયા દ્વારા પ્રશ્નપત્ર મળ્યાનો સંદેશ પ્રશ્નપત્ર શરૂ થયા અગાઉ મળે કે પરીક્ષા દરમિયાન પરીક્ષાર્થી દ્વારા પ્રશ્નપત્ર કે પ્રશ્નપત્રને લગતી વિગતો, જવાબો ઈલેકટ્રોનિક ગેઝેટ કે અન્ય રીતે બહાર મોકલાઈ કે મેળવવામાં આવે તેમજ પરીક્ષાર્થીને બહારથી કોઈ પણ વ્યક્તિ દ્વારા લખાવવામાં આવે અથવા આવ્યું હોય તે સાબિત થાય તો પોલીસ ફરિયાદ નોંધવવામાં આવશે.

# ગોંડલમાં બે હેરિટેજ બ્રિજના સમારકામને બે વર્ષ જેટલો સમય થશે : હાઈકોર્ટમાં રાજ્ય સરકારનો જવાબ



અમદાવાદ, તા.૨૭

રાજકોટ જિલ્લાના ગોંડલમાં ૧૦૦ વર્ષથી વધુ સમયથી જૂના બે બ્રિજ કે જે મહારાજા ભગવતસિંહજીના સમયમાં બાંધવામાં આવ્યા હતા એની ખરાબ હાલતને લઈને ગોંડલના યતીશ દેસાઈ દ્વારા હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી કરવામાં આવી હતી, જેની ઉપર વધુ સુનાવણી ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જજ અનિરૂદ્ધ માયીની બેન્ચ સમક્ષ હાથ ધરાઈ હતી. જેમાં રાજ્ય સરકાર દ્વારા રજૂઆત કરાઈ હતી કે સબંધિત વિભાગોની બેઠકો મળી હતી અને નવા બ્રિજ બનાવવામાં બે વર્ષનો સમયગાળો થાય તેમ છે. વળી હાઈકોર્ટે આજે ટકોર કરી હતી કે સમારકામ ની બધી બાબત હાઈકોર્ટ ઉપર નહીં છોડી સરકાર યોગ્ય રીતે સમારકામ કરે તે જોવાની જરૂર છે. ઉલ્લેખનીય છે કે, ગત સુનાવણી દરમ્યાન સરકાર દ્વારા રમત ગમત અને યુવા બાબતોના વિભાગ મારફતે આર્કીઓલોજીકલ વિભાગનો સંપર્ક કરવામાં આવતા હાઈકોર્ટે નારાજગી વ્યકત કરી હતી. સરકારને અમલદારશાહીમાંથી બહાર આવીને નવા બ્રિજની નિર્માણ અને સમારકામ બાબતે સમય મર્યાદા જણાવવા માટે આદેશ કર્યો હતો. કોર્ટના છેલ્લા નિર્દેશો મુજબ રાજ્ય સરકારે આજે કોર્ટને માહિતગાર કરી હતી કે બંને હેરિટેજ બ્રિજના રિપેરિંગ સાથે સંકળાયેલા દરેક ડિપાર્ટમેન્ટની સાથે મિટિંગ મળી હતી. એમાં આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા, રાજકોટ કલેક્ટર, મ્યુનિસિપલ કમિશ્નર રાજકોટ, ચીફ ઓફિસર ગોંડલ, ઈન્ડિયન નેશનલ ટ્રસ્ટ ફોર આર્ટ એન્ડ કલ્ચરલ હેરિટેજ-INTAC વગેરેનો સમાવેશ થાય છે, જેમાં પ્રાઈવેટ સંસ્થા દ્વારા અપાયેલા DPR - ડિટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટ ઉપર ચર્ચા થઈ હતી, પરંતુ વર્તમાન DPR મુજબ બ્રિજની હેરિટેજ વેલ્યુ જાળવી શકાશે નહીં. આથી હવે DPR એ IIt રૂરકી એ અન્ય પક્ષોની સાથે રહીને તૈયાર કરશે. DPR તૈયાર થતાં ૩થી ૪ મહિના લાગશે. હેરિટેજ વેલ્યુથી બ્રિજ રિપેરિંગ થયા બાદ પણ એની ઉપર ફકત હળવાં વાહનો જ પસાર થઈ શકશે. DPR તૈયાર થયા બાદ રિપેરિંગ ટેન્ડર માટે ૨ મહિનાનો સમય લાગશે અને ૧ વર્ષ જેટલો સમય રિપેરિંગમાં જશે. ભારે વાહનોએ હાલમાં ૧૦થી ૧૨ કિલોમીટર ફરીને જ જવું પડશે. સરકાર અહીં બે નવા બ્રિજ પણ બનાવશે, જેના માટે પ્રાઈવેટ જમીન મેળવવા માટે કવાયત હાથ ધરી છે. નવા બે બ્રિજ બનતાં ૨ વર્ષ જેટલો સમય લાગશે. આ નિર્ણય રાજ્યના અર્બન હાઉસિંગ વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરીનો છે. જો કે, સરકારની એફિડેવિટમાં કોર્ટનાં સૂચનો પ્રમાણે કામ થતું હોવાનું જણાવતાં કોર્ટે વાંધો લીધો હતો. કોર્ટે જણાવ્યું હતું કે અમારાં અવલોકનો મુજબ નહીં, તમારા અનુભવથી કામ કરો. કોર્ટ ઉપર બધું ઢોળી દો નહીં. કોર્ટના મોઢામાં શબ્દો મૂકો નહીં, તમારી રીતે નિર્ણય લો. જેથી કોર્ટની સૂચનાથી સરકારી એફિડેવિટમાં કોર્ટ દ્વારા અપાયેલાં સૂચનો મુજબ કામ થઈ રહ્યું છે, એવા શબ્દો દૂર કરાશે. અદાલતે આજે અવલોકન કર્યું હતું કે ડિપાર્ટમેન્ટ ઓફ આર્કિયોલોજી, INTAC, રોડ અને બિલ્ડિંગ વિભાગ, રાજકોટ કલેકટર, રાજકોટ મ્યુનિસિપલ કમિશ્નર, ગોંડલ નગરપાલિકા ચીફ ઓફિસર, હેરિકોન કન્સલ્ટન્સી મુંબઈ વગેરેની મીટિંગ મળી હતી, જેનો ઉદ્દેશ બે હેરિટેજ બ્રિજને રિપેર કરવાનો હતો. આ મીટિંગમાં નિર્ણય લેવાયો કે હેરિકોનના DPR મુજબ બ્રિજ રિપેર કરવામાં આવશે તો હેરિટેજ વેલ્યુ જળવાશે નહીં. હેરિટેજ વેલ્યુને જાળવી રાખવા અન્ય ડિપાર્ટમેન્ટ અને સંસ્થાઓ સાથે IIT રૂરકીના DPR મુજબ બ્રિજ તૈયાર કરવામાં આવશે. સ્ટ્રક્ચરલ ડિઝાઈન અને ઓડિટ જેવાં કામ પણ IIT રૂરકી કરશે, જે INTAC અને આર્કિયોલોજી વિભાગ સાથે કામ કરશે. રિપેર થયા બાદ પણ બંને બ્રિજનો ઉપયોગ હળવાં વાહનો માટે જ થશે. રોડ અને બિલ્ડિંગ વિભાગ બે નવા બ્રિજ બનાવશે. બ્રિજ રિપેર અને નવા બ્રિજનું મોનિટરિંગ અર્બન હાઉસિંગ વિભાગ કરશે. સરકાર પ્રોગ્રેસ રિપોર્ટ કોર્ટ સમક્ષ મૂકશે. ૬ મે, ૨૦૨૪ સુધીમાં અર્બન ડેવલપમેન્ટ વિભાગના ગેઝેટેડ ઓફિસર પ્રોગ્રેસ રિપોર્ટ સાથે એફિડેવિટ ફાઈલ કરશે.

# એસ.ટી. નિગમમાં નિવૃત્ત કર્મચારીઓની કરાર આધારિત ભરતી કરવામાં આવશે

## ૧૧ માસના કરારે ૩ હજાર ડ્રાઈવરોની ભરતી કરાશે



અમદાવાદ, તા.૨૭

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ નિવૃત્ત કર્મચારીઓની ૧૧ માસના કોન્ટ્રાક્ટ પર ભરતી કરશે, ઘટ પૂર્ણ કરવા માટે ચાલુ વર્ષે ૩ હજાર ડ્રાઈવરોની ભરતી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એસ.ટી.નિગમમાં નવા સ્ટાફની ભરતીને લઈ મહત્વની અપડેટ સામે આવી છે. ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ નિવૃત્ત કર્મચારીઓની ૧૧ માસના કોન્ટ્રાક્ટ ઉપર ભરતી કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભરતીની ઘટ પૂર્ણ કરવા માટે ચાલુ વર્ષે ૩ હજાર ડ્રાઈવરોની ભરતી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એસ.ટી. વિભાગમાં હજુ ભરતી પ્રક્રિયા બાકી છે, ત્યાં સુધી નિવૃત્ત કર્મીઓની ભરતીની જાહેરાત કરવામાં આવશે. ૧ ફેબ્રુઆરીએ ડ્રાઈવરની ૧૬ હજાર ૩૦૬ જગ્યા મંજૂર કરાઈ છે. હાલમાં ૨૪૦૬ ડ્રાઈવર અને ૨૪૫૮ કંડકટરની ઘટ છે. રાજ્યના વાહન વ્યવહાર મંત્રીએ વિધાનસભામાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૪ના અંત સુધીમાં ગુજરાત સરકારના વાહન વ્યવહાર વિભાગમાં ડ્રાઈવર, કંડકટર, મિકેનિક સહિતનાં કર્મચારીઓ મળી કુલ ૧૧ હજાર કરતા વધારે કર્મચારીઓની ભરતી કરાશે. જે અંગે ચાલુ વર્ષના અંત સુધીમાં સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવશે.

# કિડનીની તકલીફ છે, આ પાંચ ખોરાક તમારા આહારમાં ચોક્કસ ઉમેરો

આહાર અને જીવનશૈલીના અન્ય ફેરફારો દ્વારા કિડનીના રોગને સારી રીતે નિયંત્રિત કરી શકાય છે. બાજરીથી માંડીને મગની દાળ સુધી, તમારે જે ખાવું જોઈએ તે અહીં દર્શાવાયું છે. કિડની રોગનું નિદાન લોકો માટે ડરામણી હોઈ શકે છે અને ઘણાને સમય સાથે રોગ વધુ બગડવાનો ભય રહે છે. જો કે ક્રોનિક કિડની ડિસીઝને ખાસ કરીને શરૂઆતના તબક્કામાં સારી રીતે નિયંત્રિત કરી શકાય છે અને જીવનશૈલીમાં ફેરફાર ઘણીવાર આશ્ચર્યજનક બની શકે છે. તમારી કિડનીની સંભાળ રાખવાથી અને યોગ્ય આહાર લેવાથી તમને કાર્ડિયોવેસ્ક્યુલર સમસ્યાઓ, હાડકાના રોગ અને એનિમિયા જેવી અન્ય સ્વાસ્થ્ય સમસ્યાઓથી પણ બચી શકાય છે. જ્યારે રોગ વ્યવસ્થાપનની વાત આવે છે, ત્યારે નિયમિત કસરત અને સમયસરદવાઓ સિવાય આહારમાં ફેરફાર શ્રેષ્ઠ કામ કરે છે. બેઠાડું જીવનશૈલી, સ્થૂળતા અને હાઈ બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ જેવા રોગોને કારણે કિડનીની બીમારી થઈ શકે છે. લક્ષણોમાં ઉબકા, ઉલટી, ભૂખ ન લાગવી, થાક લાગવો, માનસિક તીક્ષ્ણતામાં ઘટાડો વગેરેનો સમાવેશ થાય છે. કિડની રોગનું પ્રારંભિક તબક્કામાં નિદાન કરવું મુશ્કેલ છે, પરંતુ અદ્યતન તબક્કામાં, શરીરમાં પ્રવાહી, ઈલેક્ટ્રોલાઈટ્સ અને કચરાનું જોખમી સ્તર જમા થાય છે. થાઈરોઈડ અને કિડનીના રોગોનું સંચાલન કરવા માટે વ્યક્તિના આહારની કાળજીપૂર્વક વિચારણાનો સમાવેશ થાય છે. એકંદર આરોગ્યને ટેકો આપવા માટે પોષક તત્વોથી ભરપૂર ખોરાકનો સમાવેશ ફાયદાકારક બની શકે છે. ફળો અને શાકભાજી, માછલી, ઈંડા, ઓછી માત્રામાં સંતૃપ્ત ચરબી, મીઠું અને ખાંડનું સેવન કરવું કરવું જોઈએ. ખોરાકમાં પોટેશિયમ અથવા ફોસ્ફેટની માત્રામાં ઘટાડો થઈ શકે છે. ઘરે બનાવેલા ખોરાકને તૈયાર ખોરાકને પ્રાધાન્ય આપવું જોઈએ કારણ કે તેમાં સોડિયમનું પ્રમાણ વધુ હોય છે. સીકેડી દર્દીઓ માટે વિટામિન ડી પૂરકની પણ ભલામણ કરવામાં આવે છે.

**સ્વસ્થ કિડની માટે ખોરાક**

એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, નેફ્રોલોજી અને કિડની ટ્રાન્સપ્લાન્ટ, ફોર્ટિસ એસ્કોર્ટ્સ, ઓખલા રોડ, નવી દિલ્હીએ પાંચ ખોરાક શેર કર્યા છે જે કિડનીના રોગોને નિયંત્રિત કરવામાં મદદ કરી શકે છેઃ

૧. હળદરઃ તેના બળતરા વિરોધી ગુણધર્મો માટે જાણીતી, હળદર થાઈરોઈડ અને કિડની બંનેના સ્વાસ્થ્યને ટેકો આપી શકે છે. તેમાં કર્ક્યુમિન હોય છે, જે એન્ટીઑક્સિડન્ટ અસર ધરાવે છે અને કિડની રોગ સાથે સંકળાયેલ બળતરા ઘટાડવામાં મદદ કરી શકે છે.

૨. દહીં (દહીં)ઃ ભારતીય ભોજનમાં મુખ્ય, દહીં આયોડિનનો સારો સ્ત્રોત છે, જે થાઈરોઈડ કાર્ય માટે જરૂરી છે. કિડનીને અનુકૂળ આહાર જાળવવા માટે ઓછી ચરબીવાળું અથવા ગ્રીક દહીં પસંદ કરો, કારણ કે તેમાં ફોસ્ફરસ ઓછું હોય છે.

૩. પાંદડાવાળા ગ્રીન્સ (દા.ત., સ્પિનચ અને કાલે)ઃ વિટામિન્સ, મિનરલ્સ અને એન્ટીઓકિસડન્ટોથી ભરપૂર, પાંદડાવાળા ગ્રીન્સ થાઈરોઈડ અને કિડનીના સ્વાસ્થ્ય માટે યોગ્ય ગોળાકાર આહારમાં ફાળો આપે છે. તેમાં પોટેશિયમ ઓછું હોય છે, જે તેમને કિડની માટે અનુકૂળ બનાવે છે, અને તેમની ઉચ્ચ ફાઈબર સામગ્રી પાચન સ્વાસ્થ્યને ટેકો આપે છે.

૪. મગની દાળ (મગની દાળ)ઃ પ્રોટીનનો સમૃદ્ધ સ્ત્રોત, મગની દાળમાં પોટેશિયમ અને ફોસ્ફરસની માત્રા ઓછી હોય છે, જે તેને કિડનીની ચિંતા ધરાવતા લોકો માટે યોગ્ય બનાવે છે. તેઓ દાળ (મસૂર કરી) અથવા સૂપમાં સમાવી શકાય છે.

૫. બાજરી (બાજરી, જુવાર)ઃ આ પરંપરાગત અનાજ પોષક તત્વોથી ભરપૂર હોય છે અને અન્ય અનાજની સરખામણીમાં ફોસ્ફરસમાં ઓછું હોય છે. બાજરીને આહારમાં રોટલીના રૂપમાં સામેલ કરી શકાય છે અથવા વિવિધ વાનગીઓમાં સમાવી શકાય છે, જે કિડનીને અનુકૂળ વિકલ્પ આપે છે.

# સુપ્રીમ કોર્ટે જમ્મુ અને કાશ્મીરમાં ઈન્ટરનેટ પ્રતિબંધ ઉપર સમીક્ષા આદેશ જાહેર કરવા કહ્યું



નવી દિલ્હી, તા.૨૭

સુપ્રીમ કોર્ટ દ્વારા કહેવામાં આવ્યું કે, શટડાઉનનહ્ આદેશો પસાર કરવા માટેના કારણો પ્રકાશિત કરવા અને તેના વિચાર-વિમર્શને પ્રકાશિત કરવાની જરૂર નથી એવા ખુલાસા પછી જમ્મુ અને કાશ્મીર સરકાર જમ્મુ અને કાશ્મીરમાં ઈન્ટરનેટ સસ્પેન્શનની સમીક્ષા કરવાના તેના આદેશોને જાહેર કરવા સંમત થઈ હતી. આ મુદ્દો ફાઉન્ડેશન ફોર મીડિયા પ્રોફેશનલ્સ (FMP) દ્વારા કોર્ટમાં ઉઠાવવામાં આવ્યો હતો જેણે બે ચુકાદાઓમાં સર્વોચ્ચ અદાલત દ્વારા પસાર કરાયેલા નિર્દેશોનું પાલન કરવાની J&K પ્રશાસનની અનિચ્છા સામે વાંધો ઉઠાવ્યો હતો. તેના મુજબ ઈન્ટરનેટ શટડાઉન લાદવાના આદેશોનું પ્રકાશન આવશ્યક છે. ફાઉન્ડેશને પંજાબ, આસામ અને અરૂણાચલપ્રદેશના સરહદી રાજ્યો સહિત અન્ય રાજ્યોમાં ઈન્ટરનેટ શટડાઉનની સમીક્ષા કરવાના આદેશો વખતે J&K દ્વારા રાખવામાં આવેલ ગુપ્તતા ઉપર આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. જસ્ટિસ બી.આર. ગવઈની આગેવાની હેઠળની બેન્ચે જણાવ્યું હતું કે, સોલિસિટર જનરલ તુષાર મહેતાએ રજૂઆત કરી હતી કે, J&K સરકારને સમીક્ષા આદેશો પ્રકાશિત કરવા ઉપર કોઈ વાંધો નથી. અમને લાગે છે કે, પ્રતિવાદી દ્વારા લેવામાં આવેલ સ્ટેન્ડ ન્યાયી અને વાજબી છે, ખાસ કરીને જ્યારે અન્ય રાજ્યો તે જ પ્રકાશિત કરવા માટે તૈયાર હોય. કોર્ટે ૩૦ જાન્યુઆરીના રોજ સમીક્ષા આદેશના પ્રકાશનની તરફેણ કરી હતી અને દાવો કર્યો હતો કે, આવા આદેશો ગુપ્ત રાખવા માટે નથી અને લોકો તેને કાયદાની અદાલત સમક્ષ પડકારવા માટે જાહેર ડોમેનમાં ઉપલબ્ધ હોવા જોઈએ. કોર્ટે J&Kના કેન્દ્રશાસિત પ્રદેશને સુરક્ષાની ચિંતાઓને કારણે નિર્ણય લેવાની પ્રક્રિયામાં થયેલી ચર્ચાઓને જાહેર કર્યા વિના અંતિમ સમીક્ષા આદેશને સાર્વજનિક બનાવવાની સૂચનાઓ માટે સમય આપ્યો હતો. ૩૦ જાન્યુઆરીના રોજ સૂચવવામાં આવ્યું હતું કે, સમીક્ષા સમિતિના વિચાર-વિમર્શ પ્રકાશિત કરવી જરૂરી ન હોવા છતાં અંતિમ આદેશ પ્રકાશિત કરવામાં આવશે. સોલિસિટર જનરલે કોર્ટને કહ્યું કે, ૨૦૨૦ અનુરાધા ભસીનના ચુકાદામાં માત્ર ઈન્ટરનેટ સ્થગિત કરવાના આદેશો પ્રકાશિત કરવાની જરૂર છે. તેમણે કહ્યું કે, નિયમો માટે રિવ્યુ કમિટીની પાંચ દિવસોમાં બેઠક કરવી જરૂરી છે. J&Kમાં કાયદો અને વ્યવસ્થા અને રાષ્ટ્રીય સુરક્ષાની સ્થિતિને લીધે જાન્યુઆરીથી એપ્રિલ ૨૦૨૦ વચ્ચે વિવિધ સમયગાળા માટે ઈન્ટરનેટ શટડાઉનને પડકારતી ૨૦૨૦માં FMP દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ઉપર કોર્ટનો આ આદેશ આવ્યો હતો. કેન્દ્રીય ગૃહ સચિવની આગેવાની હેઠળની વિશેષ સમિતિએ પ્રવર્તમાન પરિસ્થિતિનું મૂલ્યાંકન કર્યા પછી અને પ્રતિબંધ પાછો ખેંચવાની ભલામણ કર્યા પછી ફેબ્રુઆરી ૨૦૨૧માં આ આદેશો પાછા ખેંચવામાં આવ્યા હતા. પ્રશાસને ગયા વર્ષે અરજીનો વિરોધ કરવા માટેનું કારણ દર્શાવતું ટૂંકું સોગંદનામું દાખલ કર્યું હતું. તેમાં કહેવામાં આવ્યું છે કે, અનુરાધા ભસીન બાબત અથવા FMP કેસમાં ૧૧ મે, ૨૦૨૦ના અનુગામી આદેશમાં સમીક્ષા ઓર્ડર પ્રકાશિત કરવાની જરૂર નથી. સ્થાનિક વહીવટ ઉપરાંત, વિશેષ સમિતિએ અંતિમ નિર્ણય ઉપર પહોંચવા માટે સશસ્ત્ર દળો, અર્ધલશ્કરી દળો અને સુરક્ષા એજન્સીઓ પાસેથી મળેલા ઈનપુટ્સની ચર્ચા કરે છે અને વિચારણા કરે છે અને તેથી આવી ચર્ચાઓ જાહેર કરી શકાતી નથી. અનુરાધા ભસીનના ચુકાદામાં સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે, ઈન્ટરનેટ સેવાઓ ઉપર કોઈ પણ પ્રતિબંધ અનિશ્ચિત હોઈ શકે નહીં કારણ કે, તે નાગરિકોના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરે છે. મે ૨૦૨૦માં આપવામાં આવેલા અનુગામી આદેશમાં કોર્ટે કહ્યું કે, આ મામલાને ઉકેલવા માટે એક વખતના પગલા તરીકે કેન્દ્રીય ગૃહ સચિવની અધ્યક્ષતામાં એક વિશેષ સમિતિની રચના કરવામાં આવશે.

# રાજ્યમાં સ્વાઈન ફ્લૂનો ઊભો થયો ખતરો, વડોદરામાં ૭૦ વર્ષની વૃદ્ધાનું થયું મોત

## વડોદરામાં શંકાસ્પદ સ્વાઈન ફ્લૂના લક્ષણો સાથે અન્ય મહિલા સારવાર હેઠળ

વડોદરા,તા.૨૭

રાજ્યમાં લગભગ મહિના અગાઉ કોરોનાને લઈ ભય વ્યકત કરાયા બાદ હવે ફરી સ્વાઈન ફ્લૂનો ખતરો મંડરાઈ રહ્યો હોય તેમ જણાય છે. જેમાં વડોદરાના માંજલપુર વિસ્તારમાં રહેતી ૬૫ વર્ષની મહિલા માંજલપુર વિસ્તારની ખાનગી હોસ્પિટલમાં સ્વાઈન ફ્લૂના શંકાસ્પદ લક્ષણો સાથે સારવાર લેતી હતી. તે દરમ્યાન તેનું મોત થયું છે. શહેરના માંજલપુર વિસ્તારમાં રહેતી ૭૦ વર્ષની મહિલાની તબિયત અઠવાડિયા પહેલા લથડી હતી. જેના કારણે વિસ્તારની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. શરદી ખાંસીના લક્ષણો હોવાના કારણે કોરોના અને સ્વાઈન ફ્લૂનો રિપોર્ટ કઢાવવામાં આવ્યો હતો. સ્વાઈન ફ્લૂના શંકાસ્પદ લક્ષણો ધરાવતી વૃદ્ધાની સારવાર ચાલી રહી હતી તે દરમ્યાન ખાનગી હોસ્પિટલમાં સારવાર લેતી વૃદ્ધાનું આજે મોત નીપજયું હતું. જયારે સ્વાઈન ફ્લૂના લક્ષણો સાથે ૬૫ વર્ષની અન્ય એક મહિલા સયાજી હોસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ છે. આમ બે બે દર્દીઓની વિગતો બહાર આવતા આરોગ્ય તંત્ર દોડતું થયું છે. આ ઉપરાંત શહેરમાં ડેન્ગ્યુ અને ચીકનગુનિયાના બે કેસ નોંધાયા છે. વારસિયામાં ચીકનગુનિયાનો પોઝિટિવ કેસ તેમજ માણેજામાં ડેન્ગ્યુનો એક પોઝિટિવ કેસ આરોગ્ય વિભાગની ટીમને મળ્યો છે.

# કોવિડ પછી ફેફસાંના લાંબા ગાળાના નુકસાનથી ભારતીયો સૌથી વધુ અસરગ્રસ્ત છે : અભ્યાસ



મુંબઈ, તા.૨૭

કોરોનામાંથી સાજા થયેલા ભારતીયોના નોંધપાત્ર પ્રમાણમાં ફેફસાના કાર્યમાં ક્ષતિ અને મહિનાઓ સુધી વિલંબિત લક્ષણો હતા. ક્રિશ્ચિયન મેડિકલ કોલેજ, વેલ્લોર દ્વારા પ્રકાશિત એક અભ્યાસમાં બહાર આવ્યું હતું. યુરોપના અને ચીનની સરખામણીમાં ભારતીયોના ફેફસાના કાર્યને વધુ નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું હતું. જ્યારે ધીમે-ધીમે સામાન્ય સ્થિતિમાં પાછા ફરવું કેટલાકમાં એક વર્ષ સુધી થઈ શકે છે. અન્યને જીવન માટે ફેફસાના નુકસાન સાથે જીવવું પડી શકે છે, તે જણાવ્યું હતું. ફેફસાના કાર્ય ઉપર એસએઆરએસસીઓવી-ટુની અસરની તપાસ કરવા માટે દેશના સૌથી મોટા અભ્યાસ તરીકે ઓળખાતા અભ્યાસમાં ૨૦૭ વ્યક્તિઓની તપાસ કરવામાં આવી હતી. રોગચાળાના પ્રથમ તરંગ દરમ્યાન હાથ ધરવામાં આવેલા આ અભ્યાસ તાજેતરમાં (પીએલઓએસ) ગ્લોબલ પબ્લિક હેલ્થ જર્નલમાં પ્રકાશિત થયો હતો. બે મહિનાથી વધુ સાજા થયા પછી, હળવા, મધ્યમ અને ગંભીર કોરોનાથી પીડાતા આ દર્દીઓ માટે સંપૂર્ણ ફેફસાના કાર્ય પરીક્ષણો, છ મિનિટ વોક ટેસ્ટ, રક્ત પરીક્ષણો અને જીવનની ગુણવત્તાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. સૌથી સંવેદનશીલ ફેફસાના કાર્ય પરીક્ષણ એટલે કે ગેસ ટ્રાન્સફર (ડીએલસીઓ) જે હવામાંથી ઓક્સિજનને લોહીના પ્રવાહમાં સ્થળાંતર કરવાની ક્ષમતાને માપી જે ૪૪ ટકા અસર થઈ હતી. જેને સીએમસી ડોકટરોએ ખૂબ ચિંતાજનક ગણાવી હતી. જે શ્વાસ લેતી વખતે ફેફસાની હવા સાથે ફૂલવાની ક્ષમતાને અસર કરશે અને ૮.૩ ટકામાં અવરોધક ફેફસાની ખામી હતી, જે ફેફસાની અંદર અને બહાર જવાની સરળતા ઉપર અસર કરશે. તમામ પાસાઓમાં ભારતીય દર્દીઓની સ્થિતિ વધુ ખરાબ હતી. અભ્યાસના મુખ્ય તપાસકર્તા ડો. ડીજી ક્રિસ્ટોફરે, પ્રોફેસરે પલ્મોનરી મેડિસિન વિભાગ, સીએમસી, વેલ્લોર ટીઓઆઈને જણાવ્યું. વધુમાં ચીની અને યુરોપના વિષયોની તુલનામાં વધુ ભારતીય વિષયોમાં ડાયાબિટીસ અને હાયપર ટેન્શન જેવી કોમોબિડિટીઝ હતી. નાણાવટી હોસ્પિટલના પલ્મોનરીના વડા ડો. સલિલ બેન્દ્રેએ જણાવ્યા અનુસાર, કોરોનાના દર્દીઓનો સબસેટ કે જેમણે મધ્યમથી ગંભીર ચેપનો અનુભવ કર્યો હતો. જેને શરૂઆતના લગભગ ૮-૧૦ દિવસ પછી હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડે છે. ચેપ પછીના ફેફસાના ફાઈબ્રોસિસના વિકાસ માટે ઓક્સિજન આધાર અને સ્ટીરોઈડ સારવાર ચાલુ રહી હતી. આમાના લગભગ ૯૫ ટકા દર્દીઓ ધીમે ધીમે ફેફસાના નુકસાનને દૂર કરે છે. ૪-૫ ટકા લાંબા ગાળે કાયમી ક્ષતિ સાથે છોડી દે છે.

# સુરેન્દ્રનગર જિલ્લામાં એક વર્ષમાં ૧૦૭ લોકોએ ધર્મ પરિવર્તન કર્યું

સુરેન્દ્રનગર, તા.૨૭

સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૦૨૩થી ૨૦૨૪ સુધીમાં અલગ-અલગ વિસ્તારના કુલ ૧૦૭ લોકોએ ધર્મ પરિવર્તન કર્યું હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. જિલ્લા કલેક્ટર કચેરીમાં ધર્મ પરિવર્તન અંગે કુલ એક વર્ષમાં ૧૦૭ લોકોએ અરજી કરી હતી જે તમામ અરજીઓમાં ધર્મ પરિવર્તન અંગેની પરમિશન આપી દેવામાં આવી છે. એક તરફ ધર્મ પરિવર્તનના બનાવો ઓછા બને તે પ્રકારના પ્રયાસો તમામ સમાજના અગ્રણીઓ દ્વારા હાથ ધરવામાં આવતા હોય છે તે છતાં પણ સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૦૭ જેટલા લોકોએ ધર્મ પરિવર્તન કર્યો છે. જેમાં અનુસૂચિત જાતિના તમામ લોકો હોવાની વિગતો પ્રાપ્ત થઈ હતી. આ સંદર્ભે સમાજના આગેવાનો સાથે વાતચીત કરવામાં આવતા તેઓએ જણાવ્યું હતું કે, સુરેન્દ્રનગર જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં હજુ પણ કેટલાક ભેદભાવો રાખવામાં આવી રહ્યા છે અને અનુસૂચિત જાતિના લોકો સાથે ભેદભાવ રાખવામાં આવતા હોવાનું સમાજના આગેવાનોએ જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે હમણાં જ તાજેતરમાં ગાંધીનગર જેવા શહેરમાં એક કિસ્સો સામે આવ્યો હતો જેમાં યુવક ઘોડા ઉપર બેસી અને લગ્ન કરવા જઈ રહ્યો હતો તે દરમ્યાન તેની સાથે જે ઘટના બની હતી જે લઈને સમગ્ર ગુજરાત રાજ્યમાં આ મામલે અનેક ચર્ચાઓ વહેતી થઈ હતી.

**ફ્લેટ વેચવાનો છે**

જૂનાગઢનાં જગમાલ ચોક નજીક કાજીવાડા વિસ્તારમાં ફર્નિચર સાથે 2 BHK ફ્લેટ વેંચવાનો છે. લીફટની સુવિધા સાથે મો.૯૮૨૪૫૯૨૫૫૯

# શું પાકિસ્તાન અફઘાનિસ્તાનનાં ડ્રગ્સનાં જથ્થાને વિશ્વમાં પહોંચાડવા માટેનું વેર હાઉસ બન્યું?

(સુરેશચંદ્ર એમ. ધોકાઈ દ્વારા) ઓખા તા. ૨૭

વેરાવળમાંથી પકડાયેલ ૩૫૦ કરોડનાં ડ્રગ્સનાં જથ્થામાં સૌ પ્રથમ વખત સાઉથ આફ્રિકાની આડકતરી સંડોવણીની વિગતો બહાર આવતા સૌ તપાસનીશ એજેન્સીઝ ચોંકી ઉઠ્યાનું બહાર આવેલ છે. જે મુજબ આજ દિવસ સુધી કચ્છનાં અખાતમાંથી પકડાતા ડ્રગ્સનાં જથ્થામાં પાકિસ્તાન-ઈરાનની આડકતરી સંડોવણીની વિગતો તપાસનીસ એજન્સીઝનાં ધ્યાન પર આવતી હતી, પરંતુ આ ઘટનામાં સૌ પ્રથમ વખત સાઉથ આફ્રિકાથી આ ડ્રગ્સનો જથ્થો મંગાવામાં આવ્યાનું મૂળ માલિક જોડિયાનાં ઈશાક નામના શખ્સ દ્વારા જણાવાતા આ પકડાયેલ જથ્થો અફઘાનિસ્તાન વાયા પાકિસ્તાન પહોંચી ત્યાંથી વિશ્વમાં ડીલવરી આપવા માટે ત્યાં સંગ્રહિત કરી વિશ્વનાં દેશોમાં પહોંચાડવા માટે કેન્દ્ર અને ડ્રગ્સ સંગ્રહિત કરવાનું વેર હાઉસ બન્યાનું નકારી શકાતું નથી.

**શું કચ્છનાં અખાતમાં જતી માછીમારી બોટ કચ્છનાં અખાત સિવાય અન્ય દેશોના સમુદ્રમાં પણ જાય છે ?**

વેરાવળ બંદરેથી પકડવામાં આવેલ ડ્રગ્સનો જથ્થો પકડનાર કે પકડાવનાર ધન્યવાદને પાત્ર છે પરંતુ આ જથ્થો ખરેખર કોણે પકડ્યો અને કોણે પકડાવ્યો તે વચ્ચે વિવાદનો મુદો બન્યો છે. ત્યારે આ જથ્થો ઓમાનનાં સમુદ્રમાં કોઈ ઈસમે ૧૭૦૦ કિલો માછલીનો જથ્થો અને રૂા.૫૦,૦૦૦ રોકડની લાલચ આપી બે પેકેટમાં ભરેલ ડ્રગ્સનો જથ્થો ધર્મેન્દ્ર નામના ટંડેલને આપવામાં આવેલ હતો. જે દર્શાવે છે કે, કાં આ મચ્છીમારી બોટ તેમને મળેલ સી.આર.ઝેડ.નાં ૧૯૭૮ નાં નિયમ મુજબનાં કોસ્ટલ એરિયરથી ફક્ત બાર નોટીકલ માઈલ સુધી જ મચ્છીમારી માટે જવાના નિયમનો ખુલ્લેઆમ ભંગ કરી ઓમાનનાં સમુદ્ર સુધી ગયેલ છે અને તે કારણે મધ્ય સમુદ્રમાં આ ડ્રગ્સની હેરાફેરી થયેલ છે. જે અંગે તંત્ર દ્વારા જાહેર કરવામાં આવ્યા મુજબ તે બોટ ૨૫ દિવસ પહેલા આ બોટનાં ટંડેલ લઈને નીકળેલ અને તેની પાસેથી સેટેલાઈટ ફોન અને આ ડ્રગ્સનો જથ્થો આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સીન્ડીકેટ દ્વારા આપવામાં આવ્યાનું જાહેર કરવામાં આવેલ છે.

હકીકતમાં કોઈપણ પ્રકારનાં રાહ રસ્તાનાં કે સમુદ્રી રસ્તાનાં વાહનોનું સંચાલન કરતી એજેન્સીઝ દ્વારા તેમના દ્વારા આપવામાં આવેલ લાયસન્સના નિયમોનો અમલ થાય છે કે નહિ તેનું મોનીટરીંગ કે ટ્રેકિંગ કરવાની જવાબદારી જે તે તંત્રની હોય છે પણ અહીં આ મચ્છીમારી બોટોને લાયસન્સ આપનાર મત્સોદ્યોગ ખાતા દ્વારા દુર સમુદ્રમાં તો નહિ પણ કિનારા ઉપર તેમના દ્વારા આપવામાં આવેલ લાયસન્સ ધરાવતી બોટો નાં સ્થળ-સમય નાં લાઈવ સ્ટેટસ જાણવા અંગે ની કોઈ વ્યવસ્થા જ નથી અને તે કારણે માછીમારી બોટો તેમને આપવામાં આવેલ લાયસન્સ અંતર્ગતનાં નિયમોના પાલન થાય છે કે નહિ તેના પર કોઈ ધ્યાન જ આપવામાં આવતું નથી. જેને કારણે આ બોટો એક વખત બંદરથી નીકળ્યા બાદ ક્યાં જાય છે-ક્યા રોકાય છે કે શું કરે છે, તેની કોઈ માહિતી મત્સોદ્યોગ ખાતને તો નહિ પણ ખુદ દેશની કોઈ સુરક્ષા એજેન્સીને પણ જાણવા મળતી નાં હોય તેનો લાભ આંતરરાષ્ટ્રીય માફિયા સીન્ડીકેટ વર્ષોથી ઉઠાવી રહેલ છે. અને આજ મચ્છીમારી બોટોનાં ગરીબ-અભણ-અજ્ઞાન ખાલાસીઓને જે તે બંદર પરનાં પોતાના સ્લીપર સેલનાં મેમ્બરો બનાવી દેશદ્રોહી પ્રવૃત્તિ વર્ષોથી કરી રહ્યા છે.

**ઇન્ટરનેશનલ મેરી ટાઇમ ઝોન એક્ટ ૧૯૭૨ અને સી.આર.ઝેડ.નો ફાયદો ઉઠાવતા સમુદ્રી માફિયા?**

વિશ્વમાં સમુદ્રી ઈન્ટરનેશનલ માફિયા સીન્ડીકેટનો જન્મ થવા પાછળના વર્ષ ૧૯૭૨ ના ઈન્ટરનેશનલ મેરીટાઈમ ઝોનનાં અમલી બનેલા કાયદાની જોગવાઈઓ મુજબ સી.આર.ઝેડ.નાં નિયમોએ મહાત્વનો ભાગ ભજવ્યો હોય તેમ સૌ પ્રથમ દરેક દેશની સમુદ્રી સીમા જે તે દેશનાં દરિયા કિનારાથી ફક્ત ૧૨ નોટીકલ માઈલ સુધીનાં વિસ્તારને તે દેશની સીમા અને તે પછીનો સમુદ્રનો વિસ્તાર ઈન્ટરનેશનલ વોટર બનાવતા અને આ વિસ્તાર અવર-જવર કરવા માટે વિશ્વનાં કોઈપણ સમુદ્રી વાહનને મંજુરી આપવામાં આવેલ હોય કોઈપણ દેશનું કોઈપણ સમુદ્રી વાહન આ વિસ્તાર માં આરામથી હરી ફરી શકે તેવો નિયમ હોય વિશ્વ માફિયાઓને પોતાના દેશનાં ગુન્હાઓની પ્રવૃત્તિને વિશ્વમાં ચાલુ કરવાની અને પ્રસાર કરવાની મંજુરી મળી ગઈ હોય તેમ વિશ્વમાં જે તે દેશમાં અનઅધિકૃત ગણાતો માલ સામાન ઘુસાડવાની (દાણચોરી) કરવાની પ્રવૃત્તિ સામાન્ય માલ સામાન થી ચાલુ કરી આજ સોનું-ચાંદી-હથિયાર-ડ્રગ્સ સુધી પહોંચેલ છે.

**રાજ્ય નાં મચ્છીમારી બંદરો પર નો વહીવટ ફક્ત સરકારી કાગળો થી ચાલે છે?**

રાજ્ય નાં મચ્છીમારી બંદરોમાં આવતી જતી બોટો-બોટોમાંથી ઉતારવા-ચડાવવામાં આવતા માલસામાન, ત્યાં વ્યવસાય કરતા વ્યક્તિઓનાં ફિશિંગ લાયસન્સ આપવા જેવા કામો આ બંદરો દુર આવેલ મત્સ્યોદ્યોગ-બંદર-પોલીસની કચેરીઓમાં ટેબલ પર બેઠા બેઠા થાય છે, જે પણ સનાતન સત્ય અને છેલ્લા ૪૦ વર્ષથી ચાલતી આ હકીકતોનું સત્ય છે. ત્યારે હવે આ બંદરો પરની જમીન સરકારી-બંદર ખાતાની-ત્યાં રોડ-રસ્તા-પાણી-વીજળી જેવી પ્રાથમિક સુવિધાઓ જો આ બિન અધિકૃત વ્યવસાય કરનારાઓ ને મળી રહે છે તો પછી સરકારી તંત્રને ત્યાં પોત-પોતાની કચેરી ખોલી આ બંદરના વ્યવસાયને મોનીટરીંગ-ટ્રેકિંગ કરવા જેવી કચેરી ખોલવી કેમ જરૂરી જણાતી નથી તેવો પ્રશ્ન પણ ઉપસ્થિત થાય છે.


**શુંઆગામી દિવસોમાં ડ્રગ્સની હેરાફેરીનું મોટું રેકેટ બહાર આવશે?**

આ ઘટનામાં સૌ પ્રથમ સ્થાનિક ડ્રગ્સ પેન્ડલરો તંત્રનાં હાથમાં આધાર પુરાવા સાથે મળ્યા છે અને તેનું કનેકશન યુ.પી.નાં ડ્રગ્સ પેન્ડલરો તરફ ઈશારો કરતો હોય તેવી માહિતી બહાર આવેલ છે. ત્યારે સૌરાષ્ટ્રનાં દરેક મચ્છીમારી બંદરો ઉપર યુ.પી. નાં માછીમારો અને વ્યાપારીઓ કે જે માછલીઓને સુકાવી તેમને દેશનાં અન્ય રાજ્યો આસામ-બંગાળ-મેઘાલય-મણીપુર-ભૂતાન સુધી થર્મોકોલ બોક્ષ-દુર્ગંધ મારતી બેગ્સ દ્વારા રેલ રસ્તે-રાહ રસ્તે દરરોજ મોટી સંખ્યામાં ટ્રક-ટ્રેન દ્વારા સૌરાષ્ટ્રનાં ઓખા-પોરબંદર-વેરાવળથી આંતરરાજ્ય હેરફેર માટે જાય છે ત્યારે તેમાં આ ડ્રગ્સ-હથીયારોનો બહુ કીંમતી પણ મામુલી જેવો નાનો જણાતો જથ્થો હેરફેર કરવો બહુ સહેલાઈ ભર્યો હોય તેનો લાભ આંતરરાષ્ટ્રીય માફિયાઓ અને સીન્ડીકેટ દ્વારા લેવાનું ચાલુ થયાનું આજની આ ઘટનાથી નકારી શકાતું નથી. ત્યારે હવે આ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સનાં વ્યવસાયનાં નેટવર્ક નું મોટું રેકેટ બહાર આવનાર હોવાનું નકારી શકાતું નથી.


### અનસુયા ચેરીટેબલ ટ્રસ્ટ તથા

# માણાવદરના શેઠ પરિવારે વિશ્વની શ્રેષ્ઠ નવાબી સમયની પીચ ઉપર ક્રિકેટ ટુર્નામેન્ટ યોજી રજવાડાની યાદ તાજી કરાવી

**આ પીચ ઉપર ૧૯૨૫ અને ૧૯૩૫ એમ બે વખત હિન્દુસ્તાનભરના પહેલવાનોને તેડાવી કુસ્તીના કાર્યક્રમો યોજાયા હતા**







માણાવદર તા. ૨૭

માણાવદર શહેર આમ તો રમત-ગમત, સંગીત, હોકી, ક્રિકેટ, કુસ્તી, પોલો, દોડાદોડ, ગધેડા દોડ, નાળા ખેંચ, મરઘા યુધ્ધ, મલ્લયુધ્ધ જેવી રજવાડા વખતમાં રમતો ઉજવાતી હતી. આ રજવાડા વખતની રમતોને ફરી જીવંત કરવામાં અનસુયા ગૌધામ ચેરી. ટ્રસ્ટ તથા શહેરના નામાંકિત ઉદ્યોગપતિ અને ગૌસેવાના ભેખધારી તથા માનવસેવાનો જેનો જીવંત મંત્ર છે તેવા શેઠ પરિવારે ક્રિકેટ ટુર્નામેન્ટમાં યોગદાન આપ્યું છે. જે શક્તિ ગ્રુપ દ્વારા આયોજીત શ્રીરામ કપ-૨૦૨૪ ઓકશન ટુર્નામેન્ટ યોજી યુવાનોમાં રમતગમત ક્ષેત્રે આગળ વધે તથા તંદુરસ્ત રહે તેવો હેતુ છે. આ ટુર્નામેન્ટમાં દર્શન હોસ્પીટલ, અર્જુનભાઈ આહીર, હરપાલસિંહ ચાવડા, પ્રિન્સ બોટલીંગ, આઈટીઆરએલ બેંક જોડાયા હતા. શહેરમાં અનસુયા ગૌધામ તથા શેઠ પરિવારે જયાં તેમના પરિવારે અભ્યાસ કર્યો હતો, ખેલ્યા-કુદયા હતા તે સરકારી હાઈસ્કુલ ગ્રાઉન્ડ જે રજવાડા વખતે અદ્યતન ગ્રાઉન્ડ હતો. આ ગ્રાઉન્ડ ઐતિહાસિક મહત્વ ધરાવે છે. રજવાડા વખતે આ ગ્રાઉન્ડમાં ૧૯૪૨ માં જાણીતા ક્રિકેટર દિના સાહેબના માર્ગદર્શન હેઠળ એક પાકી ક્રિકેટ પીચ તૈયાર કરાઈ હતી. જેમાં ૧૦ ફુટ બાવળના પાકા કોલસા, મીઠું ભરવામાં આવેલ સીસુ પણ નાખેલ તથા ઉપર સિમેન્ટ કોંક્રીટના થર સાથે મજબુત પીચ બનાવી છે તે આજે પણ મોજુદ છે.

આ ક્રિકેટ પીચ ઉપર રજવાડાઓ નવાબો તથા વિશ્વના નામાંકીત ક્રીકેટરો રમી ચુકયા છે. આ ગ્રાઉન્ડમાં નવાબ તથા રાણીઓ માટે મેચ જોવા અલાયદી વ્યવસ્થા હતી. એક ખુણામાં ઓટોમેટીક સ્કોર બોર્ડ હતો. આ એવા ગ્રાઉન્ડ ઉપર શેઠ પરિવારે ક્રિકેટ ટુર્નામેન્ટ યોજીને મહત્વનું કામ કર્યુ છે. જે રજવાડાની યાદ અપાવી ક્રિકેટરોને જમવાનું તથા ટ્રોફી, ટીશર્ટ સહિતની ભેટ અપાયા હતા. લોકોને આ ગ્રાઉન્ડમાં રજવાડા વખતે જેમ મેચ જોવાની મજા આવતી હોય તેવું વાતાવરણ ઉભું કર્યુ હતું. ટુર્નામેન્ટનું ઉદ્‌ઘાટન હિતેનભાઈ શેઠ, મેઘનાબેન શેઠ દ્વારા કરવામાં આવ્યું હતું. હરેશભાઈ શેઠના હસતે શિલ્ડ અપાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૯૨૫ અને ૧૯૩૫ બે વખત પહેલવાનોને તેડાવી કુસ્તી મુકાબલો યોજાયો હતો. મર્હુમ ફતેહદીનખાનજી નવાબના સલાગીરહ તથા પુણ્યતિથી નિમિત્તે રમતો યોજાતી હતી. માણાવદરનો ખાન પરિવાર, નવાબી પરિવારો હોકીના શોખીન હતા. જેમાં ન્યુઝીલેન્ડ, હંગેરી, જર્મની જેવા દેશોમાં રમતમાં હોકી ફેવરીટ રમત હતી. અહીં અનેક ક્રિકેટરો, હોકીના ખેલાડીઓ, પહેલવાનોને બોલાવી નવાબ દ્વારા મેચો રમાડવામાં આવતી હતી. જે તે વખતે ક્રિકેટ તથા હોકીમાં માણાવદરનું નામ મોખરે હતું. આમ માણાવદર હાઈસ્કુલના નવાબી ગ્રાઉન્ડમાં ક્રિકેટ ટુર્નામેન્ટ યોજીને શેઠ પરિવારે રજવાડા વખતમાં રમતો યોજાતી તેવું વાતાવરણ ઉભુ કરવામાં નિમીત બન્યા હતા.

# માંગરોળમાં મદ્રેસા ફૈઝુલ કુર્આન કુવ્વતૂલ ઈમાનનો વાર્ષિક જલસો ઉજવાયો

**૧૩ હાફિઝે કુર્આનને સનદો આપી સન્માનિત કરવામાં આવ્યા**






માંગરોળ તા. ૨૭

જૂનાગઢ જિલ્લાના માંગરોળ ખાતે મદ્રેસા ફૈઝુલ કુર્આન કુવ્વતૂલ ઈમાનનો ૨૮ મો વાર્ષિક જલસો ઉજવાયો હતો. જેમાં મદ્રેસાના તાલિબે ઈલ્મોએ મધૂર કંઠે કુર્આનની તિલાવત, નાત નઝમ અને તકરીરો રજુ કરી હતી. આ વર્ષે મદ્રેસામાંથી ૧૩ હાફીઝે કુર્આન ફારીક થયા હતા. તેઓને મહેમાને ખુશુસી મુફતી હુસેન પારેખના હસ્તે સનદો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રોગ્રામમાં શહેરની નામાંકિત હસ્તીઓ હાજર રહી હતી. જેમાં મદ્રેસાના ટ્રસ્ટી મુફતી અ.ગફૂર પટેલ તેમજ માંગરોળના મૌલાના મુહમ્મદ કરૂડ દાવડા, મૌલાના ઈબ્રાહીમ ઉદયા, મુફતી હુસેન શેખલાલ, ઘાંચી સમાજના પ્રમુખ મોહમદહુસેન ઝાલા સહીતના આગેવાનો અને હોદ્દેદારો અને બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. પ્રોગ્રામને સફળ બનાવવા મૌલાના દાઉદ પીર અને મદ્રેસાના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

# સુત્રાપાડાના લોઢવા ગામે આહિર સમાજનો પાંચમો સમૂહ લગ્નોત્સવમાં ૫૪ યુગલો પ્રભુતા પગલા પાડયા





(જાદવ ભોળા દ્વારા)

લોઢવા, તા ૨૭

સમાજમાં દેખા દેખી કે અન્ય કોઈ ખર્ચા કર્યા સિવાય સમાજ એક તાંતણે બંધાય અને સમાજમાં એકતા વધે તેવા શુભ આશય સાથે સુત્રાપાડા તાલુકાના લોઢવા ગામે છેલ્લા પાંચ વર્ષથી આહીર સમાજના સમૂહલગ્નનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે સમૂહ લગ્નોત્સવમાં ૫૪ યુગલો જોડાયા હતા. સનાતન હિન્દુ સંસ્કૃતિ મુજબ વૈદિક મંત્રોચ્ચાર સાથે ભૂદેવો દ્વારા પ્રભુતામાં પગલાં માંડતા યુગલોની લગ્ન સંસ્કાર વિધિ સંપન્ન કરાવી હતી. સમૂહ લગ્નોત્સવમાં મોટી સંખ્યામાં આહિર સમાજના જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત જિલ્લા ભાજપ અધ્યક્ષ મહેન્દ્ર ભાઈ પીઠીયા, પૂર્વ સાંસદ દિવંગત જશુભાઈ બારડના પુત્ર હિરેન બારડ,જિલ્લા પંચાયતના સદસ્ય જયાબેન જળવભાઈ ભોળા,સરપંચ હીરાભાઈ વાઢેર,અગ્રણી રામભાઈ વાઢેર, નિવૃત સેલટેકસ અધિકારી સામતભાઈ ભોળા, હરદાસભાઈ સોલંકી,વેજાભાઈ વાળા,રામસીભાઈ પંપાણિયા, ભગવાનભાઈ સોલંકી (ભાલપરા), બાબુભાઈ ગાધે (વડનગર) મેણસીભાઈ બારડ, હિતેશભાઈ ગાધે (વડનગર) ડોકટર જીતુભાઈ ગાધે, હમીરભાઈ (એડવોકેટ) જીવાભાઈ પ્રોફેસર, ધાનાભાઈ રામ (આહિર યુવક મંડળ) તેમજ આજુબાજુના ગામના સરપંચો સહિત મોટી સંખ્યામાં આસ પાસના ગામોના લોકો ઉપસ્થિત સહિતના સમાજ શ્રેષ્ઠીઓએ આ શુભ અવસરે નવદંપતિઓને આશીર્વચન પાઠવ્યા હતા. સમૂહ લગ્નોત્સવમાં સમસ્ત ગામના યુવાનો અને કનકેશ્વર ગ્રુપએ ખુબજ જહેમત ઉઠાવી સમગ્ર કાર્યને સુપેરે પાર પાડવા ખડે પગે રહ્યા હતા. દરેક સમાજમાં જાગૃતતા આવે અને સમૂહ લગ્ન તરફ આગળ વધે તે માટે લોઢવા ગામે પાંચ વર્ષ પહેલા લોઢવા સમૂહ લગ્ન સમિતિ બનાવવામાં આવી હતી અને ત્યારથી દર વર્ષે પરંપરાગત રીતે લોઢવા ગામને આંગણે સમૂહ લગ્નોત્સવ યોજાઈ રહ્યા છે. સમૂહ લગ્નમાં જોડાયેલા તમામ નવ દંપતિઓને મેરેજ સર્ટિફિકેટ તેમજ મળવાપાત્ર સરકારી યોજના જેવી કે કુંવરબાઈનું મામેરૂ તેમજ નવદંપતીઓને કોઈપણ જાતની દોડાદોડી વગર સમૂહ લગ્ન સમિતિ દ્વારા તમામ તૈયારી કરી આપવામાં આવેલ હતી સમિતિ દ્વારા લગ્નગ્રંથિથી જોડાયેલ તમામ નવદંપતીને ફૂલોના વરસાદ કરી વધાવ્યા હતા અંતમાં ગામના સરપંચ ગોવિંદભાઈ ભોળા સમુહ લગ્ન બાબતે યોગ્ય સૂચનો આપવામાં આવ્યા હતા સાથે સાથે ગામના અગ્રણી મેરૂભાઈ વાળા દ્વારા સમૂહ લગ્ન સમિતિ વતી બહારથી પધારેલા તમામ સમાજના આગેવાનો તથા સમૂહ લગ્ન સફળ બનાવવા માટે ગામના યુવાનો અને વડીલોનો તેમજ ખાસ કનકેશ્વરી ગ્રુપના યુવાનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# અરૂણભાઈ મજીઠીયાના નિધનથી રઘુવંશી સમાજને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે : પરિમલભાઈ નથવાણી

**ખંભાળિયા મહાજનના ટ્રસ્ટી અરૂણભાઈના નિધન અંગે શોક વ્યક્ત કરતા રાજ્યસભાના સાંસદ પરીમલ નથવાણી**





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૭

ખંભાળિયા લોહાણા મહાજન ટ્રસ્ટના ટ્રસ્ટી અને અગ્રણી વેપારી અરૂણભાઈ હેમરાજભાઈ મજીઠીયાનું તાજેતરમાં દુઃખદ અવસાન થતા ખંભાળિયાના મૂળ વતની અને રાજ્યસભાના સાંસદ પરિમલભાઈ નથવાણીએ ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી છે.

વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા અને ધાર્મિક સ્વભાવના તેમજ સૌ કોઈને સાથે લઈને ચાલવા વાળા અરૂણભાઈ મજીઠીયા ફક્ત ખંભાળિયા પંથકમાં જ નહીં, પરંતુ સૌરાષ્ટ્રભરમાં એક નિષ્ઠાવાન સેવાભાવી તરીકેની ઉજળી છબી ધરાવતા હતા.

છેલ્લા ઘણા સમયથી ખંભાળિયા લોહાણા મહાજનના ટ્રસ્ટી તરીકે તેઓએ સક્રિય રીતે કાર્યરત રહી, અને જ્ઞાતિ ઉત્કર્ષ તેમજ સેવા સંસ્થાના વિકાસ માટે તેમને અમૂલ્ય સહયોગ આપ્યો હતો. તેમના નિધનથી ફક્ત ખંભાળિયા તેમજ રઘુવંશી જ્ઞાતિને જ નહીં, પરંતુ વિવિધ ક્ષેત્રે સમાજને પણ ન પૂરી શકાય તેવી ખોટ પડી છે તેમ જણાવી, પરિમલભાઈ નથવાણીએ અરૂણભાઈ મજીઠીયાને શાબ્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

# ખંભાળિયા ક્ષત્રિય અગ્રણી પરિવારના લગ્ન ઉત્સવમાં ડોલરનો વરસાદ થયો



(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા, તા. ૨૭

ખંભાળિયા તાલુકાના કાઠી દેવરીયા ગામે રહેતા તાલુકા પંચાયતના પ્રમુખ અને ક્ષત્રીય અગ્રણી નરેન્દ્રસિંહ સુજુભા જાડેજા તેમજ ઘનશ્યામસિંહ સુજુભા જાડેજાના પરિવારની લાડલી સુપુત્રીઓના શુભ લગ્નનું પરંપરાગત આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાઠી દેવળીયા ગામની રાજપુત સમાજની વાડી ખાતે રસોત્સવ સહિતના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ આયોજનમાં ઉપસ્થિત મહાનુભાવો દ્વારા યજમાન પરિવારજનો પર ડોલરનો વરસાદ કરવામાં આવ્યો હતો. જે ઐતિહાસિક તેમજ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું હતું.

# રાજ્યના ૪૪ પ્રતિભાશાળી રમતવીરોને રમત ગમત મંત્રી હર્ષ સંઘવીના હસ્તે 'ખેલપ્રતિભા પુરસ્કાર' એનાયત

## ગુજરાતનું ભવિષ્ય રમત ગમત ક્ષેત્રે ખૂબ ઉજ્જ્વળ, ખેલપ્રેમી યુવાઓ પુરુષાર્થ કરે, કેપેબિલિટી પ્રમાણે પ્રત્યેક ખેલાડીઓને સંપૂર્ણ મદદ કરવા રાજ્ય સરકાર તત્પરઃ રમત ગમત મંત્રી શ્રી હર્ષ સંઘવી






ગાંધીનગર તા.૨૭

રાજ્યના ૪૪ પ્રતિભાશાળી રમતવીરોને રમત ગમત મંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે 'ખેલપ્રતિભા પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યા હતા. આ ૪૪ ખેલાડીઓને રૂ. ૧.૩૮ કરોડથી વધુના રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા.મંત્રીશ્રીએ કહ્યું કે, ગુજરાતનું ભવિષ્ય રમત ગમત ક્ષેત્રે ખૂબ ઉજ્જ્વળ છે. ગુજરાતના ખેલપ્રેમી યુવાઓ પુરુષાર્થ કરે, કેપેબિલિટી પ્રમાણે પ્રત્યેક ખેલાડીઓને સંપૂર્ણ મદદ કરવા રાજ્ય સરકાર તત્પર છે.

રમતગમત મંત્રી શ્રી હર્ષ સંઘવીએ ખેલપ્રતિભા પુરસ્કાર પ્રાપ્ત કરનાર ખેલાડીઓને સંબોધતા જણાવ્યું હતું કે, આપ સૌ ખેલાડીઓએ ગુજરાતનું નામ દેશભરમાં રોશન કર્યું છે. રાજ્યમાંથી ખેલ પ્રતિભાઓ શોધવા માટે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં વર્ષ ૨૦૧૦માં ખેલ મહાકુંભની શરૂઆત કરી હતી. રમતવીરોને તમામ સુવિધાઓ ઉપલબ્ધ થાય અને રમતગમત ક્ષેત્રે અલગ અલગ લેવલ પર આગળ વધી શકે તે પ્રકારે આયોજન કરી ઈન સ્કૂલ અને ડ્વન્જીજી તથા શક્તિ દૂત યોજના થકી રાજ્યના ખેલાડીઓને તમામ જરૂરી સુવિધાઓ અને તાલીમ પૂરી પાડવામાં આવે છે. ખેલાડીઓની મહેનત અને રાજ્ય સરકારના સપોર્ટ થકી અનેક ખેલાડીઓ નેશનલ એવોર્ડ વિજેતાની યાદીમાં આવ્યા છે. ખેલ મહાકુંભમાં ગામમાં વિજેતા બન્યા બાદ દેશ માટે મેડલ લઈ આવનાર તમામ ખેલાડીઓએ પોતાના વિસ્તારમાં આયોજિત થતાં ખેલમહાકુંભમાં હાજરી આપી આ કાર્યક્રમથી થતાં ફાયદા અને વધુ ને વધુ ખેલપ્રેમીઓને સહાયરૂપ થવા મંત્રીશ્રી દ્વારા આહવાન કરવામાં આવ્યું હતું.રાજ્યના સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા ગુજરાતના ખેલપ્રેમી યુવક-યુવતીઓ રમતગમત ક્ષેત્રે વધુને વધુ આગળ વધે તે હેતુસર તેમને વિવિધ રમતોની તાલીમ, માર્ગદર્શન અને માળખાકિય સગવડો ઉપલબ્ધ કરાવવામાં આવે છે, પરીણામે છેલ્લા કેટલાક વર્ષોથી રાજ્યના રમતવીરોએ દેશ-વિદેશમાં શ્રેષ્ઠ પ્રદર્શન સાથે ગુજરાતનું નામ રોશન કર્યું છે અને ગુજરાત માટે અનેક ચંદ્રકો મેળવ્યા છે.

રાજ્ય સરકાર દ્વારા ખેલપ્રવૃત્તિને પ્રોત્સાહક અને વધુ પરિણામલક્ષી બનાવવા માટે મહત્વાંકાક્ષી યોજનાઓ અમલમાં મુકી છે. તે પૈકી વર્ષ : ૨૦૧૪-૧૫થી રાજ્યના રમતવીરોને રોકડ પુરસ્કારથી સન્માનિત કરવા "ખેલ પ્રતિભા પુરસ્કાર યોજના" અને વર્ષ : ૨૦૧૬-૧૭ થી "દિવ્યાંગ ખેલ પ્રતિભા પુરસ્કાર યોજના" અમલમાં છે.

**ખેલપ્રતિભા પુરસ્કાર યોજના**

રાજ્યના રાષ્ટ્રકક્ષા અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ તથા શાળાકીય અને ખેલો ઈન્ડિયા સ્પર્ધામાં વિજેતા થનાર ખેલાડીઓને તેમજ જનરલ ઓલમ્પિક સિવાય પેરા ઓલમ્પિક્સ, મેન્ટલી ચેલેંન્જ ખેલાડીઓ, ડેફ-ડમ અને બ્લાઈન્ડ ખેલપ્રતિભા શાળી ખેલાડીઓને રોકડ પુરસ્કારથી પુરસ્કૃત કરવામાં આવે છે.

રાજ્યના રાષ્ટ્રકક્ષા અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ તથા શાળાકીય અને ખેલો ઈન્ડિયા સ્પર્ધામાં વિજેતા થનાર ખેલાડીઓને ખેલપ્રતિભા પુરસ્કાર યોજના અંતર્ગત રોકડ પુરસ્કારથી પુરસ્કૃત કરવાની યોજના અમલમાં છે. જે અન્વયે આંતરરાષ્ટ્રીય કક્ષાની ઓલમ્પિક ગેમ્સ, એશિયન ગેમ્સ, કોમનવેલ્થ ગેમ્સ, કોમનવેલ્થ ગેમ્સ/એશિયન ચેમ્પિયનશીપ (સિનીયર્સ), કોમનવેલ્થ ગેમ્સ/ એશિયન ચેમ્પિયનશીપ(જુનીયર્સ) સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતીય, તૃતિય સ્થાન મેળવનાર ગુજરાતના ખેલાડીઓને રૂા.પ.૦૦ કરોડથી લઈને રૂા.૧૦.૦૦ હજાર જેટલા રોકડ પુરસ્કાર આપવામાં આવે છે.

રાજ્યના રમતગમત ક્ષેત્રે પ્રતિભાશાળી કુલ ૪૪ ખેલાડીઓને કુલ રૂ.૧,૩૮,૨૦,૦૦૦/- (અંકે રૂપિયા એક કરોડ આડત્રીસ લાખ વીસ હજાર પુરા) ના રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા. જેમાં એશિયન ચેમ્પિયનશીપ જેવી સ્પર્ધામાં મેડલ વિજેતા શ્રી માનવ ઠક્કર (ટેબલ ટેનીસ) ને રૂ.૨૩,૨૦,૦૦૦/- (અંકે રૂપિયા ત્રેવીસ લાખ વીસ હજાર પુરા),શ્રી હરમીત દેસાઈ (ટેબલ ટેનીસ) રૂ.૨૩,૨૦,૦૦૦/- (અંકે રૂપિયા ત્રેવીસ લાખ વીસ હજાર પુરા), કુ.શાહીન દરજાદા (જુડો) રૂ.૧૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પંદર લાખ પુરા), કુ.નીરવી હેક્કડ (ટેકવોન્ડો) રૂ.૧૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ લાખ પુરા) અને મિહિર નલિયાપરા (ટેકવોન્ડો) રૂ.૧૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ લાખ પુરા) સહીત એસોસીએશન ધ્વારા રમાતી રાષ્ટ્રકક્ષાની સ્પર્ધાઓ, એસ.જી.એફ.આઈ સ્પર્ધા અને ખેલો ઈન્ડિયા સ્પર્ધાના વિજેતા એવા કુલ : ૪૪ ખેલાડીઓને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

**ખેલ પ્રતિભા પુરસ્કાર યોજના અન્વયે થયેલ કામગીરી**

વર્ષ : ૨૦૧૪-૧૫થી અત્યાર સુધીમાં ગુજરાતનાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીયકક્ષાએ ગોલ્ડ મેડલ, સિલ્વર મેડલ અને બ્રોન્ઝ મેળવનાર જનરલ તેમજ દિવ્યાંગ કેટેગરીના ખેલાડીઓને નીચેની વિગત પ્રમાણે રોકડ પુરસ્કાર આપવામાં આવ્યો છે.

આમ, અત્યાર સુધીમાં સરકારશ્રીની ખેલ પ્રતિભા પુરસ્કાર યોજના અન્વયે ગુજરાત રાજ્યના રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ પ્રાપ્ત કુલ : ૧૫૮૭ રમતવીરોને કુલ રૂ.૨૩,૫૫,૯૯,૦૦૦/- (અંકે રૂપિયા ત્રેવીસ કરોડ પંચાવન લાખ નવ્વાણું હજાર પુરા)ના રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે.

આ પ્રસંગે અગ્ર સચિવ શ્રી અશ્વિની કુમાર, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના ડાયરેક્ટર જનરલ શ્રી આર.એસ.નિનામા, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સચિવ શ્રી આઈ.આર.વાળા, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર શ્રી અર્જુનસિંહ રાણા તેમજ ખેલ પ્રતિભા પુરસ્કૃત ખેલાડીઓ અને તેમના વાલી ઉપસ્થિત રહ્યા હતા.

# કોડીનારમાં વીજ લાઈનમાં શોર્ટ સર્કિટથી ગોડાઉનમાં આગ લાગતા લાખોની કિંમતનો મંડપ સર્વિસનો માલ સામાન બળીને ખાક




## ગ્રાહકે પી.જીવી.સી.એલ અધિકારીઓને ૪ માસ પૂર્વે રીપેરીંગ માટે અરજી કરી પણ આજદિન સુધી રીપેરીંગ ન થવાનાં કારણે આગની ઘટના સર્જાયાનો અરજીમાં ઉલ્લેખ

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૨૭

કોડીનારના છારાઝાંપા વિસ્તારમાં હેલત વાડી, કલ્યાણ સોસાયટીમાં આવેલાં મંડપ સર્વિસના ખાનગી ગોડાઉનમાં સવારે અચાનક આગ લાગી હતી. આ આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા પ્રથમ સ્થાનિકોએ પાણીનો મારો ચલાવ્યો હતો. ત્યારબાદ કોડીનાર નગરપાલિકાની ફાયબ્રિગેડની ટીમ તાત્કાલિક આવી અને ફાયર વ્હિકલ દ્વારા પાણીનો મારો ચલાવતા મહામહેનતે આગ પર કાબુ કરવામાં આવ્યો હતો. ગોડાઉનમાં રહેલો લાખો રૂપિયાનો મંડપ સર્વિસનો માલ સામાન બળીને ખાક થઈ ગયો હતો. ગોડાઉન પાસે પસાર થતી પી.જી.વી.સી.એલની વીજ લાઈનમાં શોર્ટ સર્કિટથી આગ લાગવાનું પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે.

આ બનાવમાં મંડપ સર્વિસના માલીક નિલેશભાઈ નાથાભાઈ વાજાએ પી.જી.વિ.સી.એલ સમક્ષ કરેલી અરજીમાં જણાવ્યું હતું કે આજે સવારે ૮:૪૫ ના સમય દરમ્યાન અમારા મંડપ સર્વિસનાં ગોડાઉનમાં આગ લાગી હતી.અમારા ગોડાઉનમા રહેલો મંડપ સર્વિસનો તમામ માલ સામાન, પશુઓનો ઘાસ ચારો તથા ફર્નિચરનો સમાન હતો તે આગ લાગવાના કારણે બળી અને રાખ થઈ ગયો છે. આ આગ લાગવાનું કારણ કોડીનાર ગામે આવેલાં ખેતીની જમીન વિસ્તારમાં આવેલાં 'બાળનાથ' ટી.સી.માંથી અમોની ખેતીની જમીનનું ખેતીવાડી વીજ કનેક્શન આપેલું છે. જેમા એક ટી.સી.બંધ હાલતમાં આવ્યું હતું. અને અમારૂ વીજ કનેકશન બીજા બાળનાથ ટી.સી. જે બાજુમાં આવેલ છે. જેમાંથી અમોને ખેતીવાડી વીજ કનેકશન આપવામા આવેલ છે. જે ખેતીવાડી વીજ કનેકશન અમારા ગોડાઉનમા ફીટ કરેલ હતુ. અને ચાલુ હાલતમાં આવેલ છે.અને જે થ્રી ફેજ કનેકશન છે. આ થ્રી ફેઝ સર્વિસ કેબલમા શોર્ટ સર્કિટ થવાના કારણે અમારા કનેકશનમા શોર્ટ સકીટ થવાના કારણે અમારા ગોડાઉનમા આગ લાગેલ છે. સાથો સાથ અરજીમાં જણાવ્યું હતું કે અમારા દ્વારા ૪ માસ પૂર્વે તા.૧૦/૧૦/૨૦૨૩ ના રોજ ખેતીવાડી ફીડરનો ૧૧ કે.વિ.કેબલ બળી જવાથી ટી.સી. બંધ છે જે બાબતનો અરજ અહેવાલ રજુ કરેલ હતી. જેનું આજદીન સુધી નિવારણ આવેલ નથી. ત્યારે આ આગ લાગવાના કારણે ગોડાઉનમાં રહેલ મંડપ સર્વિસનો તમામ માલસમાન, પશુઓનો ઘાસ ચારો, ફર્નિચર તમામ બળીને રાખ થયેલ છે જેના કારણે થયેલ આર્થિક નુકશાની આશરે રૂા.૩૮,૦૦,૦૦૦/- થી ૪૦,૦૦,૦૦૦/- ની ખુબ મોટી આર્થિક નુકશાની ગયેલ છે.અને અમારા ધંધાનો તમામ માલ બળીને રાખ થઈ જતા અમોની આર્થિક પરિસ્થિતી ખરાબ થયેલ છે.તેવું જણાવી અરજદારે પી.જી.વિ.સી.એલ સમક્ષ પુરેપુરૂ વળતર આપવા માંગણી કરી છે.

# સુત્રાપાડાના લોઢવા ગામે આહિર સમાજનો પમો સમૂહ લગ્નોત્સવમાં ૫૪ યુગલો પ્રભુતા પગલાં પાડ્યા




(જાદવ ભોળા દ્વારા)

લોઢવા તા.૨૭

સમાજમાં દેખા દેખી કે અન્ય કોઈ ખર્ચા કર્યા સિવાય સમાજ એક તાંતણે બંધાય અને સમાજમાં એકતા વધે તેવા શુભ આશય સાથે સુત્રાપાડા તાલુકાના લોઢવા ગામે છેલ્લા પાંચ વર્ષથી આહીર સમાજના સમૂહલગ્નનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે સમૂહ લગ્નોત્સવમાં ૫૪ યુગલો જોડાયા હતા.

સનાતન હિન્દુ સંસ્કૃતિ મુજબ વૈદિક મંત્રોચ્ચાર સાથે ભૂદેવો દ્વારા પ્રભુતામાં પગલાં માંડતા યુગલોની લગ્ન સંસ્કાર વિધિ સંપન્ન કરાવી હતી.

સમૂહ લગ્નોત્સવમાં મોટી સંખ્યામાં આહિર સમાજના જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત જિલ્લા ભાજપ અધ્યક્ષ મહેન્દ્ર ભાઈ પીઠીયા, પૂર્વ સાંસદ દિવંગત જશુભાઈ બારડના પુત્ર હિરેન બારડ, હરદાસભાઈ સોલંકી,વેજાભાઈ વાળા,રામસીભાઈ પંપાણિયા, ભગવાનભાઈ સોલંકી (ભાલપરા), બાબુભાઈ ગાધે (વડનગર)મેણસીભાઈ બારડ, હિતેશભાઈ ગાધે (વડનગર) ડોક્ટર જીતુભાઈ ગાધે, હમીરભાઈ (એડવોકેટ) જીવાભાઈ પ્રોફેસર, ધાનાભાઈ રામ ( આહિર યુવક મંડળ) તેમજ આજુબાજુના ગામના સરપંચો સહિત મોટી સંખ્યા માં આસ પાસ ના ગામો ના લોકો ઉપસ્થિત સહિતના સમાજ શ્રેષ્ઠીઓએ આ શુભ અવસરે નવદંપતિઓને આશીર્વચન પાઠવ્યા હતા. સમૂહ લગ્નોત્સવમાં સમસ્ત ગામના યુવાનો અને કનકેશ્વર ગ્રુપએ ખુબજ જહેમત ઉઠાવી સમગ્ર કાર્યને સુપેરે પાર પાડવા ખડે પગે રહ્યા હતા દરેક સમાજમાં જાગૃતતા આવે અને સમૂહ લગ્ન તરફ આગળ વધે તે માટે લોઢવા ગામે પાંચ વર્ષ પહેલા લોઢવા સમૂહ લગ્ન સમિતિ બનાવવામાં આવી હતી અને ત્યારથી દર વર્ષે પરંપરાગત રીતે લોઢવા ગામને આંગણે સમૂહ લગ્નોત્સવ યોજાઈ રહ્યા છે

સમૂહ લગ્નમાં જોડાયેલા તમામ નવ દંપતિઓને મેરેજ સર્ટિફિકેટ તેમજ મળવાપાત્ર સરકારી યોજના જેવી કે કુંવરબાઈનું મામેરુ તેમજ નવદંપતીઓને કોઈપણ જાતની દોડાદોડી વગર સમૂહ લગ્ન સમિતિ દ્વારા તમામ તૈયારી કરી આપવામાં આવેલ હતી સમિતિ દ્વારા લગ્નગ્રંથિથી જોડાયેલ તમામ નવદંપતીને ફૂલોના વરસાદ કરી વધાવ્યા હતા અંતમાં ગામના સરપંચ ગોવિંદભાઈ ભોળા સમુહ લગ્ન બાબતે યોગ્ય સૂચનો આપવામાં આવ્યા હતા સાથે સાથે ગામના અગ્રણી મેરૂભાઈ વાળા દ્વારા સમૂહ લગ્ન સમિતિ વતી બહારથી પધારેલા તમામ સમાજના આગેવાનો તથા સમૂહ લગ્ન સફળ બનાવવા માટે ગામના યુવાનો અને વડીલોનો તેમજ ખાસ કનકેશ્વરી ગ્રુપના યુવાનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ખંભાળિયામાં રાજ્ય સૂચિત મુખ્ય શિક્ષક સંઘ દ્વારા કલેક્ટરને આવેદન અપાયું



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૭

ગુજરાત રાજ્ય સૂચિત મુખ્ય શિક્ષક (એચ.ટી.એ.ટી.) સંઘના નેજા હેઠળ સમગ્ર રાજ્યમાં મુખ્ય શિક્ષકોના પ્રશ્નોના નિરાકરણ માટે ગઈકાલે સોમવારે રાજ્યના અન્ય જિલ્લાઓ સાથે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. રાજ્યમાં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે વર્ષ ૨૦૧૨ માં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સમયમાં હેડ ટીચર કેડર (એચ.ટી.એ.ટી.) અસ્તિત્વમાં આવી હતી. આ કેડરની રચના પછી હેડ ટીચર કેડરના કર્મચારીઓની કુનેહ થકી શિક્ષણમાં ગુણાત્મક સુધારો જોવામાં આવી રહ્યો છે. એવા સંજોગોમાં આ કેડરને પ્રોત્સાહન આપવાના બદલે બાર-બાર વર્ષે પણ આ કેડરના બદલી, બઢતી, ઈજાફા સહિતના રુલ્સ એન્ડ રેગ્યુલેશન જાહેર ન થતા મુખ્ય શિક્ષકોમાં અસંતોષની લાગણી જોવા મળી રહી છે. જેના પરિણામે સરકાર સમક્ષ પોતાની માંગણી રજૂ કરવા માટે દેવભૂમિ દ્વારકા જિલ્લા મુખ્ય શિક્ષક સંકલ્પના પ્રમુખ રામભાઈ ચાવડા, મહામંત્રી નગાભાઈ રાવલિયા સહિતના જિલ્લાના હોદ્દેદારો અને જિલ્લામાં કામ કરતાં મુખ્ય શિક્ષકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને જિલ્લા કલેકટરને આવેદન સુપ્રત કર્યું હતું. આ કેડરના નિયમો વહેલી તકે જાહેર કરવામાં આવે તેવી માંગ આ શિક્ષકોની છે.

# મોટા માંઢા ગામે સંત શિરોમણી શ્રી રોહિદાસજીની જન્મજયંતીની ભવ્ય ઉજવણી



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૭

ખંભાળિયા તાલુકાના મોટા માંઢા ગામે તાજેતરમાં ખંભાળિયા તાલુકા ભાજપ અનુ. જાતિ મોરચા દ્વારા સંત શિરોમણી શ્રી રોહિદાસજીની ૬૪૭ મી જન્મજયંતિ નિમિત્તે સંત રોહિદાસજીનું પૂજન અર્ચન તેમજ પુષ્પાંજલિ અર્પણ કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા ભાજપ કોષાધ્યક્ષ ધીરુભાઈ ટાકોદરા દ્વારા મોટી સંખ્યામાં બાળકોને બટુક ભોજન કરાવવામાં આવ્યું હતું. સાથે જિલ્લા ભાજપ ઉપપ્રમુખ ગીતાબા જાડેજા અને જિલ્લા મંત્રી નિમિષાબેન નકુમની વિશેષ ઉપસ્થિતિમાં આ ઉજવણી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ખંભાળિયા તાલુકા ભાજપ અનુ. જાતિ મોરચાના અધ્યક્ષ લખુભાઈ ચાવડા, ઉપપ્રમુખ પાલાભાઈ પરમાર, પ્રકાશભાઈ ચાવડા, મંત્રી મનોજભાઈ વાઘેલા, કોષાધ્યક્ષ મનીષભાઈ બોચિયા, ઈન્ચાર્જ કરસનભાઈ માતંગ તેમજ કિસાન મોરચાના કોષાધ્યક્ષ વજુભાઈ વોરીયા સહિતના આગેવાનો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા.

# દેવભૂમિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે આગેવાનોની ખાસ મુલાકાતઃ કાર્યકરોમાં ઉત્સાહ



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૭

દેવભૂમિ દ્વારકા, જામનગર અને પોરબંદરમાં ૪,૧૦૦ કરોડ રૂપિયાના વિકાસ કામોના લોકાર્પણ સહિત રાષ્ટ્રમાં અનેકવિધ અમૂલ્ય વિકાસ કામોના લોકાર્પણ તેમજ ખાત મુહૂર્ત પ્રસંગે રવિવારે સવારે દેવભૂમિ દ્વારકા ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું આગમન થયું હતું.

અહીં બેટ દ્વારકા ખાતે નિર્માણ પામેલા સુદર્શન સેતુને ખુલ્લો મુકવા માટે વિમાન માર્ગે દ્વારકા ખાતે પધારેલા રાષ્ટ્રપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આગમન તેમજ સત્કાર સમયે જિલ્લાના વિવિધ મંડળોના આગેવાનો હોદ્દેદારો તેમજ કાર્યકરો ખાસ જોડાયા હતા. વડાપ્રધાને આ તમામ ઉપસ્થિત કાર્યકરોના અભિવાદન ઝીલી, અને પોતાનો ભાવ પ્રગટ કર્યો હતો.

ખંભાળિયાના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, હાલારના સંસદ પૂનમબેન માડમ સહિતના નેતાઓ ઉપરાંત દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી, જિલ્લા પંચાયતના પ્રમુખ રિદ્ધિબા શક્તિસિંહ જાડેજા, ખંભાળિયા નગરપાલિકાના પ્રમુખ રચનાબેન મોહિતભાઈ મોટાણી, જિલ્લા યુવા ભાજપ પ્રમુખ વનરાજસિંહ વાઢેર, રસિકભાઈ નકુમ, રાજુભાઈ ભરવાડ વિગેરેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને દેવભૂમિની ખમીરવંતી ધરતી ઉપર આવકારી અને અભિવાદન કર્યું હતું. વડાપ્રધાનની આ મુલાકાત સમયે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ પણ સાથે રહ્યા હતા

### કોંગ્રેસના ઠેકાણા નથી ત્યાં...

# જૂનાગઢ લોકસભાની બેઠક પર ભાજપનો ધમધમાટ શરૂ ??

## વર્તમાન સાંસદ રાજેશ ચુડાસમા સહિત એકાદ ડઝન ચૂંટણી લડવા ઈચ્છુક...

### મહાનગરનો ચૂંટણી જંગ

ગોરધન પાઘડાર (સિ. પત્રકાર)

પ્રદેશ ભાજપના ત્રણ નિરીક્ષકો દ્વારા જૂનાગઢ લોકસભાની બેઠક પર ચૂંટણી લડવા માંગતા ઉમેદવારોની સેન્સ લેવામાં આવી હતી. લોકસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા ૪૦૦ પ્લસના લક્ષયાંકને પાર પાડવા માટે સૌરાષ્ટ્રની સાત અને કચ્છની એક મળી આઠ બેઠકો માટે ભાજપના ઉમેદવારો નક્કી કરવા અને નામોને આખરી ઓપ આપવાની પ્રક્રિયા ભાજપે હાથ ધરી છે. જેના ભાગરૂપે જૂનાગઢ લોકસભા બેઠક પરના પ્રદેશ ભાજપના મનસુખ ખાચરીયા, બીનાબેન આચાર્ય અને વિક્રમ ચૌહાણ એમ ત્રણ નિરીક્ષકો એ ભાજપ કાર્યાલય ખાતે ભાજપના ચૂંટણી લડવા ઈચ્છુક એવા એકાદ ડઝન જેટલા મુરતીયાઓની ઈચ્છાઓ જાણી હતી. જેમાં વર્તમાન સાંસદ રાજેશભાઈ ચુડાસમાએ સીટીંગ મેમ્બર તરીકે પુનઃ આ બેઠક પર ઉમેદવારી કરવા ઈચ્છા વ્યકત કરી હતી. જે અપેક્ષીત ગણાય છે આમેય રાજેશ ચુડાસમા આ બેઠક પર પોતાની સક્રિયતાના દર્શન મોવડી મંડળને કરાવીને ભાજપ પ્રત્યે અને જનતા પ્રત્યે પોતાની વફાદારી સાથે વિશ્વસતાનું રાજકીય ભાથુ પ્રથમથી જ બાંધી દીધેલું હોવાથી જો અગાઉ પ્રદેશ ભાજપ પ્રમુખે વ્યકત કરેલી પક્ષીય નિતી પર ભાર મુકવામાં આવશે તો રાજેશ ચુડાસમા માટે કોઈ તક ન હોવાનું સ્પષ્ટ છે પરંતુ જો રાજકોટની એક બેઠક પર કુવરજીભાઈ બાવળીયા ચૂંટણી ન લડે તો કદાચ રાજેશ ચુડાસમા માટે મોવડી મંડળને પુનઃ વિચારણા કરવાની ફરજ પડે તો વર્તમાન સાંસદ રાજેશ ચુડાસમા માટે ઉજળી તક જરૂર દેખાય છે. અન્ય બારેક જેટલા મૂરતીયાઓ મેદાનમાં દેખાય છે જેમાં જૂનાગઢના ડે. મેયર ગીરીશ કોટેચાએ સ્વભાવગત પછી ધારાસભાની ટીકીટ હોય કે સાંસદ બેઠકની પછી કોંગ્રેસમાં હોય કે ભાજપ કે કોઈ પક્ષમાં પણ હંમેશા પ્રથમ નંબરના દાવેદાર હોય છે તે તેનો એક રાજકીય મોટપ ધરાવતો સ્વભાવ છે. એટલું જ નહી પોતાની ટીકીટ પાકી કરવા એડી ચોટીનું શામ દામ દંડ અને ભેદ જેવી રાજનિતી સાથે ઉચ્ચ કક્ષાએ જોરદાર દબાણો લાવી પોતાની શકિતના પારખા અંતિમ ઘડી સુધી આ અગાઉ અન્ય પક્ષ એવં કોંગ્રેસમાં હતા ત્યારે દર વિધાનસભાની ચૂંટણીમાં કરેલા હોવાનો રાજકીય ભૂતકાળ ભાજપના મોવડી મંડળ પાસે ખુલ્લો હોવાથી તમામ પ્રકારની તૈયારી ભાજપે અગાઉથી કરી લીધી છે. મતલબ કે અન્ય ચૂંટણી લડવા ઈચ્છુક સંભવીત ઉમેદવારો સામે ગીરીશ કોટેચાને ટીકીટ મળવાની તક ઘણી જ ઓછી હોવાનું ભાજપના કેટલાક આગેવાનોનું માનવું છે. પુર્વ મેયર જયોતિબેન વાછાણી એ પણ નિરીક્ષકો સમક્ષ લોકસભાની ચૂંટણી લડવા ઈચ્છા વ્યકત કરી દાવેદારી રજુ કરી છે. જયોતિબેન હાલમાં પ્રદેશ કક્ષાએ મહિલા આગેવાન તરીકે સારૂ એવું કાઠુ કાઢેલ છે તે તેનું જમા પાસુ તો છે જ... સાથો સાથ મહિલા આગેવાન છે લેઉવા પટેલ સમાજમાંથી આવે છે અને આ બેઠક પર સૌથી વધુ લોકસભાના પ્રતિનિધિ તરીકે રહી ચુકેલા સ્વ. ભાવનાબેન ચીખલીયાના અવસાન પછી આ બેઠક લેઉવા પટેલ સમાજના હાથમાંથી સરકી ગયેલ છે. જે પુનઃ મેળવવા માટે સૌરાષ્ટ્ર-કચ્છ લેઉવા પટેલ પાટીદાર સમાજ એવં જૂનાગઢ જીલ્લામાં સક્રિય એવી ખોડલધામની મહિલા પાંખ આતુર હોવાથી એવં જો પ્રદેશ કક્ષાએ જ્ઞાતિવાદનું પ્રમાણ જાળવવાની જો કોઈ નિતી અપનાવી પડે તો કદાચ જયોતિબેન વાછાણીનું પલ્લુ ભારે મનાય રહ્યું છે. ત્રીજા એક સહકારી ક્ષેત્રના દિનેશ ખટારીયા પણ મેદાનમાં જોવા મળે છે. જે હોય તે પરંતુ અત્યારે તો સૌથી વધુ મજબુત ઉમેદવાર તરીકે જૂનાગઢના પુર્વ મેયર જયોતિબેન વાછાણી મનાય રહ્યા છે. રાજેશ ચુડાસમા પણ વર્તમાન સાંસદ તરીકે એટલા જ મજબુત મનાય છે પણ પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પટેલે અગાઉ આંગળી ચિંધી ચિંધીને ભાજપના સાંસદો વિષે એક મેળાવડામાં ટીપ્પણી કરેલ તે રાજેશ ચુડાસમા માટે થોડામાં ઘણુ કહી જાય છે. છતાંભાગ્યું તો ય ભરૂચ અને રાજકારણ તો અતિ પ્રવાહી હોય છે... આખરે તો ધણીનું એવં 'મોદી' એવં અમીત શાહનું ધાર્યુ થવાનું છે.

### સ્વભાવગત માંગણી પરંતુ....

મનપાના ડે. મેયર ગીરીશ કોટેચાને જૂનાગઢ લોકસભા બેઠક લડવાની જે દાવાદારી કરેલ છે તે સંબંધી અત્યંત આધારભુત રાજકીય વર્તુળોમાંથી મળતી વિગતોનું સાર કોટેચા રઘુવંશી એવં લોહાણા સમાજના ધુરંધર આગેવાન મનાય છે અને હાલમાં ફરી વખત ગુજરાત ખેતી વિકાસ બેંકના વરાયેલા ડોલર કોટેચા પણ લોહાણા સમાજના ધુરંધર અગ્રણી છે અને તેઓએ જૂનાગઢ-ગુજરાતના સીમાડા વટાવી છેક કેન્દ્રીય કક્ષાએ ભાજપના અતિ વફાદાર સહકારી આગેવાન તરીકે કાઠુ કાઢેલું છે. તેમજ ભાજપના કર્તાહર્તા અને સમાહર્તા એવા નંબર ટુ સ્થાન ધરાવતા અમીત શાહના પણ એટલા જ નજીકના વિશ્વાસુ સાથી મનાય છે. તે જોતા ડે. મેયર ગીરીશભાઈ કોટેચાની દાવેદારી માત્ર ને માત્ર નિરીક્ષકોની ફાઈલો પુરતી મર્યાદિત ન બની જાય તો જ નવાઈ.

### સામેથી ટીકીટ માંગનારને ભાજપ ટીકીટ આપતી નથી તે સિધ્ધાંત રહયો છે !!!

જૂનાગઢ તા. ૨૭

લોકસભાની ચુંટણી બારણે ટકોરા દઈ રહી છે. અને આ સાથે જ વિવિધ બેઠકો માટેની સેન્સ લેવાની પ્રક્રિયા પણ શરૂ થઈ ગઈ છે. જૂનાગઢની બેઠક માટે ગઈકાલે નિરીક્ષકોએ સેન્સ લેવાની પ્રક્રિયા હાથ ધરી હતી. અને જેમાં જૂનાગઢની બેઠક ઉપર ચુંટણી લડવા માંગતા ઈચ્છુકોએ પોતાની દાવેદારી તો નોંધાવી દીધી છે. પરંતુ આ સાથે જ કોને ટીકીટ મળશે તે અંગેનું સસ્પેન્શ હાલ તો રહયું છે. તો બીજી તરફ ભારતીય જનતા પાર્ટીનો એક સિધ્ધાંત એવો પણ રહયો છે કે જે સામેથી કોઈ ટીકીટ માંગે તેને ટીકીટ આપવામાં આવતી નથી. પરંતુ જો ભાજપનાં વરીષ્ઠોને એમ લાગે કે આ ઉમેદવાર પ્રજાની અત્યંત નજીક છે અને લોકોનાં કામો પાર પાડવામાં પણ કુશળતા ધરાવે છે તો તેવા લોકોને ચોકકસ ટીકીટ ફાળવે છે.

### ભવનાથ મહાદેવના સાનિધ્યમાં યોજાતા

# મહાશિવરાત્રીના મેળામાં પરંપરાગત શાહીરવેડી નીકળશે : ત્રણેય અખાડાના વરિષ્ઠ સંતોનો નિર્ણય

## સંતો-મહંતોનું ભવનાથ તળેટી ખાતે આગમન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૭

જૂનાગઢ નજીક આવેલા ભવનાથ તીર્થ ક્ષેત્રમાં આગામી તા.૫ થી ૮ માર્ચ દરમ્યાન શિવરાત્રીનો મહામેળો યોજવામાં આવનાર છે ત્યારે આ મેળાને અનુલક્ષીને સંતોનું આગમન ભવનાથ તળેટી ખાતે થઈ રહ્યું છે અને સંતો પોતાના આસન, ધુણા લગાવવા સાથે ધાર્મિક સ્થળોમાં શિવરાત્રી મેળાની જોરશોરથી તૈયારી શરૂ થઈ ગઈ છે. આ દરમ્યાન ગઈકાલે જુના અખાડા ખાતે ત્રણેય અખાડાના સંતોની એક મહત્વની બેઠક મળી હતી અને તેમાં પ્રતિ વર્ષ યોજાતા શિવરાત્રી મેળામાં પરંપરાગત રીતે જે રવાડી નીકળે છે તે પરંપરાને જાળવી રાખવાનો ત્રણેય અખાડાના સંતો દ્વારા નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

આ અંગે મળતી વિગત અનુસાર તાજેતરમાં શિવરાત્રી મેળાને લઈને કલેકટર કચેરી ખાતે યોજાયેલી બેઠકમાં શિવરાત્રી મેળામાં રવેડી નીકળવા મુદ્દે કેટલાક સંતો વચ્ચે વિવાદ સર્જાયો હતો. જે મામલે ભવનાથના જુના અખાડા ખાતે ત્રણેય અખાડાના વરિષ્ઠ સંતોની બેઠક મળી હતી. જેમાં સર્વાનુમતે ઠરાવ પસાર કરીને શિવરાત્રીએ રાબેતા મુજબ અને જે રીતે વર્ષોથી પરંપરાગત રીતે નીકળતી રવેડી કાઢવાનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો છે. ગત શુક્રવારે જીલ્લા કલેકટર કચેરી ખાતે શિવરાત્રી મેળાને લઈને તંત્ર દ્વારા સાધુ-સંતો અને વિવિધ સંસ્થાઓના આગેવાનો સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખાસ કરીને રવેડીમાં બગી નીકળવા મુદ્દે ગીરનાર દત્તાત્રેય શિખર સંસ્થાના મહંત મહેશગીરી બાપુએ એવું જણાવેલું કે, રવેડીમાં બગી કરતા અન્ય કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે અને જે રીતે બગીમાં બેસતા સંસારી લોકો રવેડીના રૂટને અપવિત્ર કરે છે તેના માટે કઈક વિચારવું જોઈએ ત્યારે સંતોએ અખાડાના સંતોની આ બેઠકમાં આ માટે નિર્ણય લેવાનું કહ્યું હતું. જે અન્વયે ભવનાથ સ્થિત જુના અખાડા મુકામે ગઈકાલે યોજાયેલી બેઠકમાં ત્રણેય અખાડા જેમાં જુના અખાડા, અગ્નિ અખાડા અને આહ્વાન અખાડાના વરિષ્ઠ સંતો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ભવનાથ મંદિરના મહંત હરીગીરીજી મહારાજ, ગીરનાર મંડળના અધ્યક્ષ ઈન્દ્રભારતી બાપુ, મુચકુંદ ગુફાના મહંત મહેન્દ્રાનંદજી મહારાજ સહિતના સંતો-મહંતો જોડાયા હતા. આ તકે આ બેઠકમાં જુના અખાડાના થાણાપતી બુધ્ધગીરી બાપુએ રવેડી બાબતે પ્રસ્તાવ મુકયો હતો. જેમાં સૌ હાજર સંતોએ સર્વાનુમતે વર્ષોથી જે રીતે રવેડી નીકળે છે તે જ મુજબ રવાડી કાઢવાનો નિર્ણય કરીને ઠરાવ પાસ કર્યો હતો. આ તકે પુ.ઈન્દ્રભારતી મહારાજે જણાવ્યું કે, શિવરાત્રી મેળામાં ધ્વજારોહણથી લઈને સંતોના શાહી સ્નાન સુધીના જે વર્ષોની પરંપરા અનુસાર ધાર્મિક વિધિવિધાન સાથે કાર્યો કરવામાં આવે છે તે મુજબ જ કરવામાં આવશે અને રવેડીમાં જે રીતે રાજાશાહી મુજબ શાહી રવેડી નીકળે છે તે મુજબ જ રવેડી નીકળશે અને રવેડીમાં જે બગી લાવવાનો પ્રશ્ન છે તે અંગે હજુ આગામી દિવસોમાં અખાડાના વરિષ્ઠ સંતો મળીને વિચારણા કરશે. તેમજ રવેડીમાં જે સંતો અને તેમના સેવકો જોડાય છે તેઓ પાલખીમાં મર્યાદિત સંખ્યામાં બેસે. તેમજ રવેડીમાં જે સંતો જોડાય તેઓ સંતોની પરંપરા મુજબ સીવેલા કપડા ના પહેરે તેવો અનુરોધ કર્યો હતો. આ તકે પુ.હરીગીરીજી મહારાજ સહિતના સંતોએ અને ઉપસ્થિત સંતોએ દત્ત મહારાજની જય બોલાવીને બેઠક પુર્ણ કરી હતી.

### જૂનાગઢ, રાજકોટ, અમરેલી, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, દાહોદ સહિતનાં જીલ્લાઓનાં વિસ્તારોનાં

# મંદિરોમાં ચોરી કરતી ગેંગ ઝડપાઈ : ૫૫ ચોરીઓનો ભેદ ઉકેલાયો

## ચાંદીના છતર તથા સોનુ તથા ચાંદીના ઢાળીયા સહીત કુલ રૂા. ૨,૧૬,૯૫જનો મુદામાલ જપ્ત : જૂનાગઢ એલસીબીને સફળતા



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૨૭

જૂનાગઢ સહીત સૌરાષ્ટ્ર અને ગુજરાતનાં વિવિધ વિસ્તારોમાં મંદિરોમાં થયેલી ચોરીનાં બનાવોની ઝીણવટભરી તપાસ કરી અને જૂનાગઢ એલસીબી પોલીસ દ્વારા કુલ ત્રણ શખ્સોની અટકાયત કરી અને વિવિધ સ્થળોએ થયેલા કુલ પંચાવન ગુનાઓનો ભેદ ઉકેલી નાંખવામાં સફળતા પ્રાપ્ત કરેલ છે. અને ચોરાયેલા ચાંદીના છતર તથા સોનુ તથા ચાંદીના ઢાળીયા સહીત કુલ રૂા. ૨,૧૬,૯૫૪નો મુદામાલ જપ્ત કરવામાં આવેલ છે. અને પકડાયેલા આરોપીઓ વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢ રેન્જનાં નાયબ પોલીસ મહાનિરીક્ષ નિલેશ જાજડીયા તેમજ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાની સુચના અને માર્ગદર્શન હેઠળ જૂનાગઢ જીલ્લામાં બનતા ચોરીનાં વણશોધાયેલા ગુનાઓને શોધી કાઢી અને આવા ચોરીનાં બનાવ બનતા અટકાવવા તેમજ આવી ચોરીઓની પ્રવૃતિઓ કરતા ઈસમોને ઝડપી લેવા સુચનાઓ આપવામાં આવી હતી. જૂનાગઢ શહેર તથા જીલ્લામાં પણ વિવિધ વિસ્તારોમાં ઘરફોડ ચોરીઓ તેમજ મંદિર ચોરીઓનાં બનાવ બનેલ હોય અને જે બનાવોમાં ઘણા અનડીટેકટ બનાવો પણ રહેવા પામેલ છે. જે અંગેની સુચના મળતા જૂનાગઢ ક્રાઈમ બ્રાંચનાં પીઆઈ જે.જે. પટેલનાં માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાંચનાં અધિકારીઓ તેમજ પોલીસ અધિકારીઓની અલગ અલગ ટીમો બનાવવામાં આવી હતી. આ દરમ્યાન પીએસઆઈ ડી.કે. ઝાલા તથા એએસઆઈ વિક્રમભાઈ ચાવડા અને પોલીસ હે.કો. દેવશીભાઈ નંદાણીયા તથા પો.કો. ભરતભાઈ સોલંકી અને પેરોલ ફર્લો સ્કવોડનાં પોલીસ હે.કો. જયદીપ કનેરીયા, પો.કો. સાહીલ શમા વગેરે સ્ટાફને ચોકકસ હકકીત મળેલ કે ત્રણ શખ્સો શંકાસ્પદ હાલતમાં નંબર પ્લેટ વગરની સ્પેલેન્ડર મોટર સાયકલ ઉપર જૂનાગઢ બિલખા રોડ ઉપર પ્લાસવા ગામનાં પાટીયા નજીક આંટાફેરા મારે છે. અને રાત્રીનાં ચોરીનાં બનાવને અંજામ આપવા રહેણાંક મકાન વિસ્તાર તથા મંદિરોની રેકી કરતા હોવાનું તેવું જણાય આવે છે. આવી હકીકતનાં આધારે વોચ ગોઠવતા પ્લાસવા ગામ તરફથી ત્રણ ઈસમો મોટર સાયકલ ઉપર આવતા અને તેને રોકવાનો ઈશારો કરતા મોટર સાયકલ ચાલકે મોટર સાયકલ રોકેલ નહીં અને ભાગવા જતાં તેને અટકાવવાનાં પ્રયાસો કરતાં આ શખ્સો મોટર સાયકલ રોકી નીચે ઉતરીને દોડવા જતાં તેઓને પોલીસે ઝડપી લઈ અને તેની પાસેથી સોના ચાંદીનાં દાગીના સહીતની મિલ્કત કબ્જે કરવામાં આવી છે. પકડાયેલા આ શખ્સોમાં સાગર ઉર્ફે લાલો કમલેશભાઈ ગોહેલ (ઉ.વ. ૩૧) (હાલ રાજકોટ કોઠારીયા રોડ), ભીખુ ઉર્ફે વિજય રામજીભાઈ કટારીયા (ઉ.વ. ૩૨) (રહે. રાજકોટ આજીડેમ) તેમજ રોહીત અમરશીભાઈ ગોળકીયા (ઉ.વ. ૨૨) (રહે. મુળ કારેલા ગામ મોટા કોટડવા)ને પોલીસે ઝડપી લઈ તેમની પુછપરછ કરતાં ચાંદીનાં નાના મોટા છતર સહીતનો કુલ રૂા. ૧,૧૩,૦૫૦ તેમજ સોનાનો કટકો રૂા. ૪૩,૦૫૦ તેમજ મોબાઈલ ફોન-૩ રૂા. ૩૦ હજાર, હોન્ડા મોટર સાયકલ મળી કુલ રૂા. ૨,૧૬,૬૫૦નો મુદામાલ જપ્ત કરેલ છે. પકડાયેલા આ શખ્સોની ઉંડાણપૂર્વકની પુછપરછ કરતાં અનડીટેકટ કુલ ૭ ગુના તથા અન્ય ચોરીની કબુલાત ૪૮ મળી કુલ ૫૫ ગુનાનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે. આરોપીની ધરપકડક કરી તેનાં વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

(તસ્વીર : અશોક પોપટ)

## જૂનાગઢમાં બસ સ્ટેશન પાસે આવેલ રેલવે ફાટક નજીક આગ લાગી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૭

જૂનાગઢ શહેરમાં બસ સ્ટેશન નજીકમાં આવેલ રેલવે ફાટક પાસે ઝાળી, ઝાંખરામાં અચાનક આગ લાગવાની ઘટના બનવા પામી હતી. જેના પગલે આરપીએફ પોલીસ અને ફાયર વિભાગ દ્વારા તુરંત આગ ઉપર કાબુ મેળવવાનો પ્રયાસ હાથ ધરી કાબુ મેળવતા જાનહાની કે મોટી દુર્ઘટના ટળી હતી. બસ સ્ટેશન નજીક આવેલ ફાટક પાસે અચાનક આગ લાગતા તુરંત ફાયર વિભાગને જાણ કરી હતી. તે જ સમયે ટ્રેનને નિકળવાનો સમય હોવાને લીધે યાત્રીકો તેમજ રેલવેના કર્મચારીઓની અવર-જવર ઉપર રહેતી હોય છે. જેના પગલે ફાટક ઉપર રહેલા લોકોમાં અને આસપાસના વિસ્તારમાં લોકોમાં ભાગદોડ મચી જવા પામી હતી. જે ઘટનાના પગલે પોલીસ, આરપીએફ અને ફાયર વિભાગનો સ્ટાફ તુરંત જ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. રેલવે ફાટક નજીક ઝાડી, ઝાંખરા સાથે સુકેલા વૃક્ષ રહેલા હોવાને લીધે જોત જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધુ હતું. આગ ભભુકતા સુકેલા વૃક્ષો બળીને ખાક થયા હતા. પરંતુ સદનસીબે કોઈ જાનહાની થવા પામી ન હતી.

## જૂનાગઢ તાલુકાના ઝાંઝરડા ગામે સગીર બાળાનું અપહરણ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૭

જૂનાગઢ તાલુકાના ઝાંઝરડા ગામે રહેતા એક પરિવારની સગીર વયનું બાળાનું કોઈ અજાણ્યો શખ્સ લલચાવી ફોસલાવી અપહરણ કરી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢમાં રૂા.૧૭,૯૯૦ના મોબાઈલની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૭

જૂનાગઢમાં રહેતા શૈલેષભાઈ ગોવિંદજીભાઈ સોંદરવા(ઉ.વ.૫૦) રહે.પ્લોટ નં-૩૫, શેરી નં-૬, ગીરીવિહાર સોસાયટી, ગાંધીગ્રામ વાળાએ બે અજાણ્યા ચોર ઈસમો વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, ફરિયાદીનો મોબાઈલ ફોન ઓપો કંપનીનો એ ૫૩ એસ બ્લુ કલરનો જેની આશરે કિ.રૂા.૧૭,૯૯૦ વાળો કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા એ ડીવીઝન પોલીસે બે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ૐ નેચર ક્યોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
● કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
MI-GL
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.